THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત

# તત્ત્વજ્ઞાન

માંથી

卐

પ્રકાશક :

રાવજીભાઈ છગનભાઈ દેસાઈ;
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ;
સ્ટેશન અગાસ, વાયા આણંદ

| | | |
|---|---|---|
| વિ૦ સંવત | આવૃત્તિ તેરમી | સને |
| ૨૦૨૭ | પ્રત ૫૦૦૦ | ૧૯૭૧ |
| | (પુનર્મુદ્રણ) | |

મુદ્રક :

સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ
વલ્લભવિદ્યાનગર.

અહો સત્પુરુષનાં વચનામૃત,
મુદ્રા અને સત્સમાગમ !

સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શન માત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ, અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત;– છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર ! ત્રિકાળ જયવંત વર્ત્તો !

ૐ શાંતિ : શાંતિ : શાંતિ : ॥

" શ્રીમદ્ રાજચંદ્ર. "

# અનુક્રમણિકા

## ગદ્ય વિભાગ:-


| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પુષ્પમાળા. | ૧ |
| ૨ | મહાનીતિ. | ૨૦ |
| ૩ | બત્રીસ યોગ. | ૬૫ |
| ૪ | સ્મૃતિમા રાખવા યોગ્ય મહાવાક્યો – | ૬૮ |
| ૫ | વચનામૃત. | ૬૯ |
| ૬ | થોડા વાક્યો | ૮૫ |
| ૭ | પ્રમાદને લીધે આત્મા૦ | ૮૯ |
| ૮ | અનંતાનુબંધી ક્રોધ૦ | ૯૨ |
| ૯ | નીચેના દોષ ન આવવા જોઈએ. | ૯૪ |
| ૧૦ | કર્મ એ જડ વસ્તુ છે૦ | ૯૫ |
| ૧૧ | કર્મગતિ વિચિત્ર છે નિરંતર મૈત્રી પ્રમોદ૦ | ૯૭ |
| ૧૨ | બીજુ કાંઈ શોધ મા૦ | ૯૮ |
| ૧૩ | નિરાબાધપણે જેની મનોવૃત્તિ રહ્યા કરે છે૦ | ૯૯ |
| ૧૪ | ભાઈ, આટલું તારે અવશ્ય કરવા જેવુ છે૦ | ૯૯ |
| ૧૫ | સમજીને અલ્પભાષી થનારને૦ | ૧૦૨ |

| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૬ | સહજ. | ૧૦૩ |
| ૧૭ | નીચેના નિયમો પર બહુ લક્ષ અપાવું જોઈએ. | ૧૦૪ |
| ૧૮ | મહાવીરના બોધને પાત્ર કોણ? | ૧૦૫ |
| ૧૯ | હું જીવ, તું ભ્રમા મા૦ | ૧૦૬ |
| ૨૦ | વિશ્વાસથી વર્તી અન્યથા૦ | ૧૧૨ |
| ૨૧ | આણુજીતુ, વાચા વગરનું૦ | ૧૧૨ |
| ૨૨ | સહજ પ્રકૃતિ. | ૧૧૩ |
| ૨૩ | વચનાવલિ. | ૧૧૪ |
| ૨૪ | પુરાણ પુરુષને નમો નમ | ૧૧૭ |
| ૨૫ | જીવ સ્વભાવે દોષિત છે૦ | ૧૨૧ |
| ૨૬ | જે જે પ્રકારે આત્માને ચિંતન કર્યો હોય૦ | ૧૨૨ |
| ૨૭ | હે પરમકૃપાળુ દેવ! | ૧૨૩ |
| ૨૮ | મુમુક્ષુ જીવને આ કાળને વિષે૦ | ૧૨૩ |
| ૨૯ | નિત્યનિયમ. | ૧૨૪ |
| ૩૦ | સર્વ વિભાવથી ઉદાસીન૦ | ૧૨૭ |
| ૩૧ | જે કષાય પરિણામથી અનંત૦ | ૧૩૧ |
| ૩૨ | અનંતાનુબંધીનો બીજો પ્રકાર લખ્યો છે૦ | ૧૩૫ |
| ૩૩ | પ્રથમ પદમાં એમ કહ્યું છે, કે૦ | ૧૩૭ |
| ૩૪ | એવંભૂત દૃષ્ટિથી૦ | ૧૩૮ |

| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૩૫ | સમસ્ત વિશ્વ ઘણું કરીને૦ | ૧૪૦ |
| ૩૬ | કરવા યોગ્ય કંઇ કહ્યું હોય૦ | ૧૪૦ |
| ૩૭ | "જ્ઞાનનુ ફળ વિરતિ છે." | ૧૪૧ |
| ૩૮ | સર્વ જીવ સુખને ઇચ્છે છે | ૧૪૨ |
| ૩૯ | સત્પુરુષોના અગાધ ગભીર સયમને૦ | ૧૪૪ |
| ૪૦ | આત્મદશાને પામી૦ | ૧૪૬ |
| ૪૧ | અપાર મહામોહ જળને૦ | ૧૪૭ |
| ૪૨ | હે કામ! હે માન! હે સગઉદય | ૧૪૭ |
| ૪૩ | હે સર્વોત્કૃષ્ટ સુખના | ૧૪૮ |
| ૪૪ | જેમ ભગવાન જિને નિરૂપણ કર્યું છે૦ | ૧૪૯ |
| ૪૫ | સર્વજ્ઞોપદિષ્ટ આત્મા૦ | ૧૪૯ |
| ૪૬ | પ્રાણી માત્રનો રક્ષક૦ | ૧૫૦ |
| ૪૭ | વીતરાગનો કહેલો૦ | ૧·૧ |
| ૪૮ | અનન્ય શરણના આપનાર૦ (૭ પદ) | ૧૫૨ |
| ૪૯ | આત્મસિદ્ધિ અર્થ. | ૨૩૯ |
| ૫૦ | મનને લઈને આ બધુ છે. | ૨૮૮ |
| ૫૧ | ચિત્તમા તમે પરમાર્થની૦ | ૨૯૦ |
| ૫૨ | એકાંતમા અવગાહવાને અર્થે આત્મસિદ્ધિ૦ | ૨૯૧ |
| ૫૩ | ક્ષમાપના. | ૨૯૪ |

## પદ્ય વિભાગ:-


| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ગ્રંથારંભ | ૧૬૦ |
| ૨ | નાભિનંદનનાથ૦ | ૧૬૦ |
| ૩ | પ્રભુ પ્રાર્થના-જળહળ જ્યોતિ સ્વરૂપ | ૧૬૧ |
| ૪ | સંસારમા મન અરે૦ | ૧૬૩ |
| ૫ | મુનિને પ્રણામ. | ૧૬૪ |
| ૬ | કાળ કોઇને નહિ મૂકે. | ૧૬૫ |
| ૭ | ધર્મ વિષે. | ૧૬૭ |
| ૮ | સર્વમાન્ય ધર્મ૦ | ૧૭૦ |
| ૯ | ભક્તિનો ઉપદેશ | ૧૭૨ |
| ૧૦ | બ્રહ્મચર્ય વિષે સુભાષિત. | ૧૭૩ |
| ૧૧ | સામાન્ય મનોરથ. | ૧૭૪ |
| ૧૨ | તૃષ્ણાની વિચિત્રતા | ૧૭૬ |
| ૧૩ | અમૂલ્ય તત્ત્વવિચાર. | ૧૭૮ |
| ૧૪ | જિનેશ્વરની વાણી. | ૧૮૦ |
| ૧૫ | પૂર્ણમાલિકા મંગલ. | ૧૮૦ |
| ૧૬ | અનિત્યાદિ ભાવના. | ૧૮૧ |
| ૧૭ | સુખકી સહેલી હૈ૦ | ૧૮૫ |
| ૧૮ | ભિન્ન ભિન્ન મત દેખીએ૦ | ૧૮૬ |

| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૯ | લોક પુરુષસંસ્થાને કહ્યો૦ | ૧૮૭ |
| ૨૦ | આજ મને ઉછરંગ૦ | ૧૯૦ |
| ૨૧ | હોત આસવા પરિસવા. | ૧૯૧ |
| ૨૨ | મારગ સાચા મિલ ગયા. | ૧૯૨ |
| ૨૩ | બીજા સાધન બહુ કર્યાં૦ | ૧૯૩ |
| ૨૪ | બિના નયન પાવે નહીં૦ | ૧૯૪ |
| ૨૫ | હે પ્રભુ હે પ્રભુ૦ | ૧૯૫ |
| ૨૬ | યમનિયમ સંજમ૦ | ૧૯૭ |
| ૨૭ | જડ ભાવે જડ પરિણમે. | ૨૦૦ |
| ૨૮ | જિનવર કહે છે જ્ઞાન તેનો૦ | ૨૦૧ |
| ૨૯ | અપૂર્વ અવસર એવો૦ | ૨૦૩ |
| ૩૦ | મૂળ મારગ સાંભળો૦ | ૨૦૯ |
| ૩૧ | પંથ પરમપદ બોધ્યો૦ | ૨૧૨ |
| ૩૨ | ધન્ય રે દિવસ૦ | ૨૧૩ |
| ૩૩ | જડ ને ચૈતન્ય બન્ને૦ | ૨૧૫ |
| ૩૪ | સદ્ગુરુના ઉપદેશથી૦ | ૨૧૬ |
| ૩૫ | ઇચ્છે છે જે જોગી જન૦ | ૨૧૭ |
| ૩૬ | આત્મસિદ્ધિ. | ૨૧૯ |

શ્રીમદ્ રાજચંદ્ર–પ્રણીત

# તત્ત્વજ્ઞાન

## માંથી

## (૧)

## પુષ્પમાળા

ૐ સત્

૧ રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.

૨ વ્યતીત રાત્રિ અને ગઈ જિંદગી પર દૃષ્ટિ ફેરવી જાઓ

૩ સફળ થયેલા વખતને માટે આનંદ માનો, અને આજનો દિવસ પણ સફળ કરો. નિષ્ફળ થયેલા

દિવસને માટે પશ્ચાત્તાપ કરી નિષ્ફળતા વિસ્મૃત કરો.

૪ ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો છતાં, સિદ્ધિ થઈ નહીં.

૫ સત્ફળજન્ય એક બનાવ તારાથી જો ન બન્યો હોય તો ફરી ફરીને શરમા.

૬ અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઈને મન, વચન. કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે.

૭ જો તું સ્વતંત્ર હોય તો સંસારસમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડઃ—

(૧) ૧ પ્રહર—ભક્તિકર્ત્તવ્ય.
(૨) ૧ પ્રહર—ધર્મકર્ત્તવ્ય.
(૩) ૧ પ્રહર—આહારપ્રયોજન.
(૪) ૧ પ્રહર—વિદ્યાપ્રયોજન.
(૫) ૨ પ્રહર—નિદ્રા.
(૬) ૨ પ્રહર—સંસારપ્રયોજન.

૮ પ્રહર

૮ જો તું ત્યાગી હોય તો ત્વચા વગરની વનિતાનુ સ્વરૂપ વિચારીને સંસાર ભણી દૃષ્ટિ કરજે.

૯ જો તને ધર્મનુ અસ્તિત્વ અનુકૂળ ન આવતું હોય તો નીચે કહું છું તે વિચારી જજે:—

(૧) તું જે સ્થિતિ ભોગવે છે. તે શા પ્રમાણથી ?

(૨) આવતી કાલની વાત શા માટે જાણી શકતો નથી ?

(૩) તું જે ઇચ્છે છે તે શા માટે મળતું નથી ?

(૪) ચિત્રવિચિત્રતાનુ પ્રયોજન શું છે ?

૧૦ જો તને અસ્તિત્વ પ્રમાણભૂત લાગતું હોય અને તેના મૂળતત્ત્વની આશંકા હોય તો નીચે કહું છું:—

૧૧ સર્વ પ્રાણીમાં સમદૃષ્ટિ,—

૧૨ કિંવા કોઈ પ્રાણીને જીવિતવ્યરહિત કરવાં નહીં, ગજા ઉપરાંત તેનાથી કામ લેવું નહીં.

૧૩ કિંવા સત્પુરુષો જે રસ્તે ચાલ્યા તે.

૧૪ મૂળતત્ત્વમાં ક્યાંય ભેદ નથી, માત્ર દૃષ્ટિમાં ભેદ છે એમ ગણી આશય સમજી પવિત્ર ધર્મમાં પ્રવર્તન કરજે.

૧૫ તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.

૧૬ ગમે તેટલો પરતંત્ર હો તો પણ મનથી પવિત્રતાને વિસ્મરણ કર્યા વગર આજનો દિવસ રમણીય કરજે.

૧૭ આજે જો તું દુષ્કૃતમાં દોરાતો હો તો મરણને સ્મર.

૧૮ તારાં દુઃખ સુખના બનાવોની નોંધ આજે કોઈને દુઃખ આપવા તત્પર થાય તો સંભારી જા.

૧૯ રાજા હો કે રંક હો—ગમે તે હો, પરંતુ આ વિચાર વિચારી સદાચાર ભણી આવજો કે આ કાયાનાં પુદગલ થોડા વખતને માટે માત્ર સાડાત્રણ હાથ ભૂમિ માંગનાર છે.

૨૦ તું રાજા હો તો ફિકર નહીં, પણ પ્રમાદ ન કર; કારણ નીચમાં નીચ, અધમમાં અધમ, વ્યભિચારનો, ગર્ભપાતનો, નિર્વંશનો, ચંડાલનો, કસાઈનો અને વેશ્યાનો એવો કણ તું ખાય છે. તો પછી?

૨૧ પ્રજાનાં દુ:ખ, અન્યાય, કર એને તપાસી જઈ આજે ઓછાં કર. તું પણ હે રાજા! કાળને ઘેર આવેલો પરુણો છે.

૨૨ વકીલ હો તો એથી અર્ધા વિચારને મનન કરી જજે

૨૩ શ્રીમત હો તો પૈસાના ઉપયોગને વિચારજે. રળવાનું કારણ આજે શોધીને કહેજે.

૨૪ ધાન્યાદિકમાં વ્યાપારથી થતી અસંખ્ય હિંસા સંભારી ન્યાયસંપન્ન વ્યાપારમાં આજે તારું ચિત્ત ખેંચ.

૨૫ જો તું કસાઈ હોય તો તારા જીવના સુખનો વિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૨૬ જો તું સમજણો બાળક હોય તો વિદ્યા ભણી અને આજ્ઞા ભણી દૃષ્ટિ કર.

૨૭ જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.

૨૮ જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૨૯ જો તું સ્ત્રી હોય તો તારા પતિ પ્રત્યેની ધર્મકરણીને સંભાર;—દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર

૩૦ જો તું કવિ હોય તો અસંભવિત પ્રશંસાને સંભારી જઈ આજના દિવસમાં પ્રવેશ કર.

૩૧ જો તું કૃપણ હોય તો,—

૩૨ જો તું અમલમસ્ત હોય તો નેપોલિયન બોનાપાર્ટને બન્ને સ્થિતિથી સ્મરણ કર.

૩૩ ગઈ કાલે કોઈ કૃત્ય અપૂર્ણ રહ્યું હોય તો તે પૂર્ણ કરવાનો સુવિચાર કરી આજના દિવસમા પ્રવેશ કર.

૩૪ આજે કોઈ કૃત્યનો આરંભ કરવા ધારતો હો તો વિવેકથી સમય, શક્તિ અને પરિણામને વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૫ પગ મૂકતાં પાપ છે, જોતા ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૬ અઘોર કર્મ કરવામાં આજે તારે પડવું હોય તો રાજપુત્ર હો તો પણ ભિક્ષાચરી માન્ય કરી આજના દિવસમા પ્રવેશ કરજે.

૩૭ ભાગ્યશાળી હો તો તેના આનંદમાં બીજાને ભાગ્યશાળી કરજે, પરંતુ દુર્ભાગ્યશાળી હો તો અન્યનું બૂરું કરતાં રોકાઈ આજના દિવસમાં પ્રવેશ કરજે

૩૮ ધર્માચાર્ય હો તો તારા અનાચાર ભણી કટાક્ષ-દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૯ અનુચર હો તો પ્રિયમાં પ્રિય એવા શરીરના નિભાવનાર તારા અધિરાજની નિમકહલાલી ઇચ્છી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૦ દુરાચારી હો તો તારી આરોગ્યતા, ભય, પર-તંત્રતા, સ્થિતિ અને સુખ એને વિચારી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૧ દુઃખી હો તો (આજની) આજીવિકા જેટલી આશા રાખી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૨ ધર્મકરણીનો અવશ્ય વખત મેળવી આજની વ્યવહારસિદ્ધિમાં તું પ્રવેશ કરજે.

૪૩ કદાપિ પ્રથમ પ્રવેશે અનુકૂળતા ન હોય તો પણ રોજ જતા દિવસનું સ્વરૂપ વિચારી આજે ગમે ત્યારે પણ તે પવિત્ર વસ્તુનું મનન કરજે.

૪૪ આહાર, વિહાર, નિહાર એ સંબંધીની તારી પ્રક્રિયા તપાસી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૫ તું કારીગર હો તો આળસ અને શકિતના ગેરઉપયોગનો વિચાર કરી જઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૬ તું ગમે તે ધંધાર્થી હો, પરંતુ આજીવિકાર્થે અન્યાયસંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરીશ નહીં

૪૭ એ સ્મૃતિ ગ્રહણ કર્યા પછી શૌચક્રિયાયુકત થઈ ભગવદ્‌ભકિતમાં લીન થઇ ક્ષમાપના યાચ.

૪૮ સંસારપ્રયોજનમાં જો તું તારા હિતને અર્થે અમુક સમુદાયનું અહિત કરી નાખતો હો તો અટકજે.

૪૯ જુલમીને, કામીને, અનાડીને ઉત્તેજન આપતો હો તો અટકજે.

૫૦ ઓછામાં ઓછો પણ અર્ધ પ્રહર ધર્મકર્ત્તવ્ય અને વિદ્યાસ પત્તિમાં ગ્રાહ્ય કરજે.

૫૧ જિંદગી ટૂંકી છે અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.

૫૨ સ્ત્રી, પુત્ર, કુટુંબ, લક્ષ્મી ઈત્યાદિ બધાં સુખ તારે ઘેર હોય તો પણ એ સુખમાં ગૌણતાએ દુઃખ રહ્યું છે એમ ગણી આજના દિવસમાં પ્રવેશ કર.

૫૩ પવિત્રતાનું મૂળ સદાચાર છે.

૫૪ મન દોરંગી થઈ જતું જાળવવાને,—

૫૫ વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૫૬ કાયા મળમૂત્રનું અસ્તિત્વ છે, તે માટે "હું આ શું અયોગ્ય પ્રયોજને કરી આનંદ માનું છું" એમ આજે વિચારજે.

૫૭ તારે હાથે કોઈની આજીવિકા આજે તૂટવાની હોય તો,—

૫૮ આહારક્રિયામાં હવે તેં પ્રવેશ કર્યો. મિતાહારી અકબર સર્વોત્તમ બાદશાહ ગણાયો.

૫૯ જો આજે દિવસે તને સૂવાનું મન થાય, તો તે વખતે ઇશ્વરભક્તિપરાયણ થજે, કે સત્ શાસ્ત્રનો લાભ લઈ લેજે.

૬૦ હું સમજું છું કે એમ થવું દુર્ઘટ છે, તો પણ અભ્યાસ સર્વનો ઉપાય છે.

૬૧ ચાલ્યુ આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ, નહીં તો તેની સાવચેતી રાખજે

૬૨ તેમ નવું વૈર વધારીશ નહીં, કારણ વૈર કરી

કેટલા કાળનું સુખ ભોગવવું છે? એ વિચાર તત્વજ્ઞાનીઓ કરે છે.

૬૩ મહારંભી, હિંસાયુક્ત વ્યાપારમાં આજે પડવું પડતું હોય તો અટકજે.

૬૪ બહોળી લક્ષ્મી મળતાં છતાં આજે અન્યાયથી કોઇનો જીવ જતો હોય તો અટકજે.

૬૫ વખત અમૂલ્ય છે, એ વાત વિચારી આજના દિવસની ૨,૧૬૦૦૦ વિપળનો ઉપયોગ કરજે.

૬૬ વાસ્તવિક સુખ માત્ર વિરાગમાં છે માટે જંજાળ મોહિનીથી આજે અભ્યંતરમોહિની વધારીશ નહીં.

૬૭ નવરાશનો દિવસ હોય તો આગળ કહેલી સ્વતંત્રતા પ્રમાણે ચાલજે.

૬૮ કોઈ પ્રકારની નિષ્પાપી ગમ્મત કિંવા અન્ય કંઈ નિષ્પાપી સાધન આજની આનંદનીયતાને માટે શોધજે.

૬૯ સુયોજક કૃત્ય કરવામાં દોરાવું હોય તો વિલંબ કરવાનો આજનો દિવસ નથી, કારણ આજ જેવો મંગળદાયક દિવસ બીજો નથી.

૭૦ અધિકારી હો તો પણ પ્રજાહિત ભૂલીશ નહીં, કારણ જેનું (રાજાનું) તું લૂણ ખાય છે, તે પણ પ્રજાના માનીતા નોકર છે.

૭૧ વ્યાવહારિક પ્રયોજનમાં પણ ઉપયોગપૂર્વક વિવેકી રહેવાની સત્પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં વર્તજે.

૭૨ સાયંકાળ થયા પછી વિશેષ શાન્તિ લેજે.

૭૩ આજના દિવસમાં આટલી વસ્તુને બાધ ન અણાય તો જ વાસ્તવિક વિચક્ષણતા ગણાય: (૧) આરોગ્યતા. (૨) મહત્તા. (૩) પવિત્રતા. (૪) ફરજ.

૭૪ જો આજે તારાથી કોઈ મહાન કામ થતું હોય તો તારા સર્વ સુખનો ભોગ પણ આપી દેજે.

૭૫ કરજ એ નીચ રજ (ક+રજ) છે; કરજ એ યમના હાથની નીપજેલી વસ્તુ છે; (કર+જ) કર એ રાક્ષસી રાજાનો જુલમી કર ઉઘરાવનાર છે. એ હોય તો આજે ઉતારજે, અને નવું કરતાં અટકજે.

૭૬ દિવસ સંબંધી કૃત્યનો ગણિતભાવ હવે જોઈ જા

૭૭ સવારે સ્મૃતિ આપી છે છતાં કંઈ અયોગ્ય થયું હોય તો પશ્ચાત્તાપ કર અને શિક્ષા લે.

૭૮ કંઈ પરોપકાર, દાન, લાભ કે અન્યનું હિત કરીને આવ્યો હો તો આનંદ માન. નિરાભિમાની રહે

૭૯ જાણતાં અજાણતાં પણ વિપરીત થયું હોય તો હવે તે માટે અટકજે.

૮૦ વ્યવહારનો નિયમ રાખજે અને નવરાશે સંસારની નિવૃત્તિ શોધજે

૮૧ આજ જેવો ઉત્તમ દિવસ ભોગવ્યો. તેવી તારી જિંદગી ભોગવવાને માટે તું આનંદિત થા તો જ આ૦—

૮૨ આજ જે પળે તું મારી કથા મનન કરે છે. તે જ તારું આયુષ્ય સમજી સદ્વૃત્તિમાં દોરાજે.

૮૩ સત્પુરુષ વિદુરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય

૮૪ આજનો દિવસ સોનેરી છે, પવિત્ર છે, કૃતકૃત્ય થવારૂપ છે. એમ સત્પુરુષોએ કહ્યું છે; માટે માન્ય કર.

૮૫ જેમ બને તેમ આજના દિવસ સંબંધી, સ્વપત્ની સંબંધી પણ વિષયાસક્ત ઓછો રહેજે

૮૬ આત્મિક અને શારીરિક શક્તિની દિવ્યતાનુ તે મૂળ છે, એ જ્ઞાનીઓનુ અનુભવસિદ્ધ વચન છે.

૮૭ તમાકુ સૂંઘવા જેવું નાનુ વ્યસન પણ હોય તો આજે પૂર્ણ કર.-(૦) નવીન વ્યસન કરતાં અટક,

૯૮ કોઈએ તને કડવું કથન કહ્યું હોય તે વખત-
માં સહનશીલતા—નિરુપયોગી પણ,

૯૯ દિવસની ભૂલ માટે રાત્રે હસજે, પરંતુ તેવું
હસવું ફરીથી ન થાય તે લક્ષિત રાખજે.

૧૦૦ આજે કંઈ બુદ્ધિપ્રભાવ વધાર્યો હોય, આત્મિક
શક્તિ ઉજવાળી હોય, પવિત્ર કૃત્યની વૃદ્ધિ કરી
હોય તો તે,—

૧૦૧ અયોગ્ય રીતે આજે તારી કોઈ શકિતનો
ઉપયોગ કરીશ નહીં,–મર્યાદાલોપનથી કરવો
પડે તો પાપભીરુ રહેજે.

૧૦૨ સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ
કરી સરળતા સેવાઈ હોય તો આજનો દિવસ
સર્વોત્તમ છે.

૧૦૩ બાઈ, રાજપત્ની હો કે દીનજનપત્ની હો,
પરંતુ મને તેની કંઈ દરકાર નથી. મર્યાદાથી

વર્તતી મેં તો શું પણ પવિત્ર જ્ઞાનીઓએ પ્રશંસી છે.

૧૦૪ સદ્ગુણથી કરીને જો તમારા ઉપર જગતનો પ્રશસ્ત મોહ હશે તો હે બાઈ, તમને હું વંદન કરું છું.

૧૦૫ બહુમાન, નમ્રભાવ, વિશુદ્ધ અંતઃકરણથી પરમાત્માના ગુણ સંબંધી ચિંતવન, શ્રવણ, મનન, કીર્તન પૂજા–અર્ચા એ જ્ઞાની પુરુષોએ વખાણ્યાં છે, માટે આજનો દિવસ શોભાવજો.

૧૦૬ સત્શીલવાન સુખી છે. દુરાચારી દુઃખી છે. એ વાત જો માન્ય ન હોય તો અત્યારથી તમે લક્ષ રાખી એ વાત વિચારી જુઓ.

૧૦૭ આ સઘળાંનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.

૧૦૮ લાંબી ટૂંકી કે ક્રમાનુક્રમ ગમે તે સ્વરૂપે આ

૮૮ દેશ, કાળ, મિત્ર એ સઘળાંનો વિચાર સર્વ મનુષ્યે આ પ્રભાતમાં સ્વશક્તિ સમાન કરવો ઉચિત છે.

૮૯ આજે કેટલા સત્પુરુષોનો સમાગમ થયો, આજે વાસ્તવિક આનંદસ્વરૂપ શું થયું? એ ચિંતવન વિરલા પુરુષો કરે છે

૯૦ આજે તું ગમે તેવા ભયંકર પણ ઉત્તમ કૃત્યમાં તત્પર હો તો નાહિમ્મત થઈશ નહીં.

૯૧ શુદ્ધ સચ્ચિદાનંદ, કરુણામય પરમેશ્વરની ભક્તિ એ આજનાં તારાં સત્કૃત્યનુ જીવન છે.

૯૨ તારું, તારા કુટુંબનું, મિત્રનું, પુત્રનું, પત્નીનુ, માતાપિતાનુ, ગુરુનું, વિદ્વાનનું, સત્પુરુષનું યથાશક્તિ હિત, સન્માન, વિનય, લાભનું કર્ત્તવ્ય થયું હોય તો આજના દિવસની તે સુગંધી છે.

૯૩ જેને ઘેર આ દિવસ ક્લેશ વગરનો, સ્વચ્છતાથી શૌચતાથી, સંપથી, સંતોષથી, સૌમ્યતાથી,

સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.

૯૪ કુશળ અને કહ્યાગરા પુત્રો, આજ્ઞાવલંબની ધર્મયુક્ત અનુચરો, સદ્‌ગુણી સુંદરી, સંપીલું કુટુંબ, સત્પુરુષ જેવી પોતાની દશા જે પુરુષની હશે તેનો આજનો દિવસ આપણે સઘળાને વંદનીય છે.

૯૫ એ સર્વ લક્ષણસંયુક્ત થવા જે પુરુષ વિચક્ષણતાથી પ્રયત્ન કરે છે તેનો દિવસ આપણને માનનીય છે.

૯૬ એથી પ્રતિભાંવવાળું વર્તન જ્યાં મચી રહ્યું છે તે ઘર આપણી કટાક્ષદૃષ્ટિની રેખા છે.

૯૭ ભલે તારી આજીવિકા જેટલું તું પ્રાપ્ત કરતો હો, પરંતુ નિરુપાધિમય હોય તો ઉપાધિમય પેલું રાજસુખ ઇચ્છી તારો આજનો દિવસ અપવિત્ર કરીશ નહીં

૯૮ કોઈએ તને કડવું કથન કહ્યું હોય તે વખત-
માં સહનશીલતા—નિરુપયોગી પણ,

૯૯ દિવસની ભૂલ માટે રાત્રે હસજે, પરંતુ તેવું
હસવું ફરીથી ન થાય તે લક્ષિત રાખજે.

૧૦૦ આજે કંઈ બુદ્ધિપ્રભાવ વધાર્યો હોય, આત્મિક
શક્તિ ઉજવાળી હોય. પવિત્ર કૃત્યની વૃદ્ધિ કરી
હોય તો તે,—

૧૦૧ અયોગ્ય રીતે આજે તારી કોઈ શકિતનો
ઉપયોગ કરીશ નહીં,–મર્યાદાલોપનથી કરવો
પડે તો પાપભીરુ રહેજે.

૧૦૨ સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ
કરી સરળતા સેવાઈ હોય તો આજનો દિવસ
સર્વોત્તમ છે.

૧૦૩ બાઈ, રાજપત્ની હો કે દીનજનપત્ની હો,
પરંતુ મને તેની કંઈ દરકાર નથી. મર્યાદાથી

વર્તતી મેં તો શું પણ પવિત્ર જ્ઞાનીઓએ પ્રશંસી છે.

૧૦૪ સદ્‌ગુણથી કરીને જો તમારા ઉપર જગતનો પ્રશસ્ત મોહ હશે તો હે બાઈ, તમને હું વંદન કરું છું.

૧૦૫ બહુમાન, નમ્રભાવ, વિશુદ્ધ અંતઃકરણથી પરમાત્માના ગુણ સંબંધી ચિંતવન, શ્રવણ, મનન, કીર્તન પૂજા-અર્ચા એ જ્ઞાની પુરુષોએ વખાણ્યાં છે, માટે આજનો દિવસ શોભાવજો.

૧૦૬ સતશીલવાન સુખી છે. દુરાચારી દુઃખી છે. એ વાત જો માન્ય ન હોય તો અત્યારથી તમે લક્ષ રાખી એ વાત વિચારી જુઓ.

૧૦૭ આ સઘળાંનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.

૧૦૮ લાંબી ટૂંકી કે ક્રમાનુક્રમ ગમે તે સ્વરૂપે આ

મારી કહેલી, પવિત્રતાનાં પુષ્પોથી છવાયેલી માળા પ્રભાતના વખતમાં સાયંકાળે અને અન્ય અનુકૂળ નિવૃત્તિએ વિચારવાથી મંગળદાયક થશે. વિશેષ શું કહું ?

---

(૨)

## મહાનીતિ

૧ સત્ય પણ કરુણામય બોલવું.
૨ નિર્દોષ સ્થિતિ રાખવી.
૩ વૈરાગી હૃદય રાખવું.
૪ દર્શન પણ વૈરાગી રાખવું.
૫ ડુંગરની તળેટીમાં વધારે યોગ સાધવો.
૬ બાર દિવસ પત્નીસંગ ત્યાગવો.
૭ આહાર, વિહાર, આળસ, નિદ્રા ઇ૦ ને વશ કરવાં.
૮ સંસારની ઉપાધિથી જેમ બને તેમ વિરક્ત થવું.

૯ સર્વ-સંગઉપાધિ ત્યાગવી.
૧૦ ગૃહસ્થાશ્રમ વિવેકી કરવો.
૧૧ તત્ત્વધર્મ સર્વજ્ઞતા વડે પ્રણીત કરવો.
૧૨ વૈરાગ્ય અને ગંભીરભાવથી બેસવું.
૧૩ સઘળી સ્થિતિ તેમજ.
૧૪ વિવેકી, વિનયી અને પ્રિય પણ મર્યાદિત બોલવું.
૧૫ સાહસ કર્તવ્ય પહેલાં વિચાર રાખવો.
૧૬ પ્રત્યેક પ્રકારથી પ્રમાદને દૂર કરવો.
૧૭ સઘળું કર્તવ્ય નિયમિત જ રાખવું.
૧૮ શુક્લ ભાવથી મનુષ્યનું મન હરણ કરવું.
૧૯ શિર જતાં પણ પ્રતિજ્ઞા ભંગ ન કરવી.
૨૦ મન, વચન અને કાયાના યોગવડે પરપત્ની ત્યાગ.
૨૧ વેશ્યા, કુમારી, વિધવાનો તેમજ ત્યાગ.
૨૨ મન, વચન, કાયા અવિચારે વાપરું નહીં.
૨૩ નિરીક્ષણ કરું નહીં.
૨૪ હાવભાવથી મોહ પામું નહીં.

૨૫ વાતચિત કરું નહીં
૨૬ એકાંતે રહું નહીં.
૨૭ સ્તુતિ કરું નહીં.
૨૮ ચિંતવન કરું નહીં,
૨૯ શૃંગાર વાંચું નહીં.
૩૦ વિશેષ પ્રસાદ લઉં નહીં.
૩૧ સ્વાદિષ્ટ ભોજન લઉં નહીં.
૩૨ સુગંધી દ્રવ્ય વાપરું નહીં.
૩૩ સ્નાન મંજન કરું નહીં,
૩૪
૩૫ કામ વિષયને લલિત ભાવે વાંચું નહી.
૩૬ વીર્યનો વ્યાઘાત કરું નહીં.
૩૭ વધારે જળપાન કરું નહીં.
૩૮ કટાક્ષદષ્ટિથી સ્ત્રીને નીરખું નહીં
૩૯ હસીને વાત કરું નહીં. (સ્ત્રીથી)
૪૦ શૃંગારી વસ્ત્ર નીરખું નહીં

૪૧ દંપતીસહવાસ સેવું નહીં.
૪૨ મોહનીય સ્થાનકમાં રહું નહીં.
૪૩ એમ મહા પુરુષોએ પાળવું. હું પાળવા
પ્રયત્ની છું.
૪૪ લોકનિંદાથી ડરું નહીં.
૪૫ રાજ્યભયથી ત્રાસું નહીં.
૪૬ અસત્ય ઉપદેશ આપું નહીં.
૪૭ ક્રિયા સદોપી કરું નહીં.
૪૮ અહંપદ રાખું કે ભાખું નહીં.
૪૯ સમ્યક્ પ્રકારે વિશ્વ ભણી દષ્ટિ કરું.
૫૦ નિઃસ્વાર્થપણે વિહાર કરું.
૫૧ અન્યને મોહની ઉપજાવે એવો દેખાવ કરું નહીં.
૫૨ ધર્માનુરકત દર્શનથી વિચરું.
૫૩ સર્વ પ્રાણીમાં સમભાવ રાખું.
૫૪ ક્રોધી વચન ભાખું નહીં.
૫૫ પાપી વચન ભાખું નહીં.

૫૬ અસત્ય આજ્ઞા ભાખું નહીં.
૫૭ અપથ્ય પ્રતિજ્ઞા આપું નહીં.
૫૮ સૃષ્ટિસૌંદર્યમાં મોહ રાખું નહીં.
૫૯ સુખદુઃખ પર સમભાવ કરું.
૬૦ રાત્રિભોજન કરું નહીં.
૬૧ જેમાંથી નશો, તે સેવું નહીં.
૬૨ પ્રાણીને દુઃખ થાય એવું મૃષા ભાખું નહીં.
૬૩ અતિથિનુ સન્માન કરું
૬૪ પરમાત્માની ભક્તિ કરું.
૬૫ પ્રત્યેક સ્વયંબુધને ભગવાન માનું.
૬૬ તેને દિન પ્રતિ પૂજું.
૬૭ વિદ્વાનોને સન્માન આપું.
૬૮ વિદ્વાનોથી માયા કરું નહીં.
૬૯ માયાવીને વિદ્વાન કહું નહીં.
૭૦ કોઈ દર્શનને નિન્દું નહીં.
૭૧ અધર્મની સ્તુતિ કરું નહીં.

૭૨ એકપક્ષી મતભેદ બાંધું નહીં.
૭૩ અજ્ઞાનપક્ષને આરાધું નહીં.
૭૪ આત્મપ્રશંસા ઇચ્છુ નહીં.
૭૫ પ્રમાદ કોઈ કૃત્યમાં કરું નહીં.
૭૬ માંસાદિક આહાર કરું નહીં.
૭૭ તૃષ્ણાને શમાવું.
૭૮ તાપથી મુક્ત થવું એ મનોજ્ઞતા માનું.
૭૯ તે મનોરથ પાર પાડવા પરાયણ થવું.
૮૦ યોગવડે હૃદયને શુક્લ કરવું.
૮૧ અસત્ય પ્રમાણથી વાતપૂર્તિ કરું નહીં.
૮૨ અસંભવિત કલ્પના કરું નહીં.
૮૩ લોકઅહિત પ્રણીત કરું નહીં.
૮૪ જ્ઞાનીની નિંદા કરું નહીં.
૮૫ વૈરીના ગુણની પણ સ્તુતિ કરું.
૮૬ વૈરભાવ કોઈથી રાખું નહીં
૮૭ માતાપિતાને મુક્તિવાટે ચઢાવું.

૮૮ રૂડી વાટે તેમનો બદલો આપું.
૮૯ તેમની મિથ્યા આજ્ઞા માનું નહીં.
૯૦ સ્વસ્ત્રીમાં સમભાવથી વર્તું.
૯૧
૯૨ ઉતાવળો ચાલું નહીં.
૯૩ જોસભેર ચાલું નહીં.
૯૪ મરોડથી ચાલું નહીં.
૯૫ ઉચ્છૃંખલ વસ્ત્ર પહેરું નહીં.
૯૬ વસ્ત્રનુ અભિમાન કરું નહીં.
૯૭ વધારે વાળ રાખું નહીં.
૯૮ ચપોચપ વસ્ત્ર સજું નહીં.
૯૯ અપવિત્ર વસ્ત્ર પહેરું નહીં.
૧૦૦ શિનનાં વસ્ત્ર પહેરવા પ્રયત્ન કરું.
૧૦૧ રેશમી વસ્ત્રનો ત્યાગ કરું.
૧૦૨ શાંત ચાલથી ચાલું.
૧૦૩ ખોટો ભપકો કરું નહીં.

૧૦૪ ઉપદેશકને દ્વેષથી જોઉં નહીં.
૧૦૫ દ્વેષ માત્રનો ત્યાગ કરું.
૧૦૬ રાગદૃષ્ટિથી એકે વસ્તુ આરાધું નહીં.
૧૦૭ વૈરીના સત્ય વચનને માન આપું.
૧૦૮
૧૦૯
૧૧૦
૧૧૧
૧૧૨
૧૧૩
૧૧૪
૧૧૫
૧૧૬ વાળ રાખું નહીં. (ગૃ૦)
૧૧૭ કચરો રાખું નહીં
૧૧૮ ગારો કરું નહીં—આંગણા પાસે.
૧૧૯ ફળિયામાં અસ્વચ્છતા રાખું નહીં. (સાધુ)

૮૮ રૂડી વાટે તેમનો બદલો આપું.

૮૯ તેમની મિથ્યા આજ્ઞા માનું નહીં.

૯૦ સ્વસ્ત્રીમાં સમભાવથી વર્તું.

૯૧

૯૨ ઉતાવળો ચાલું નહીં.

૯૩ જોસભેર ચાલું નહીં.

૯૪ મરોડથી ચાલું નહીં.

૯૫ ઉચ્છૃંખલ વસ્ત્ર પહેરું નહીં.

૯૬ વસ્ત્રનુ અભિમાન કરું નહીં.

૯૭ વધારે વાળ રાખું નહીં.

૯૮ ચપોચપ વસ્ત્ર સજું નહીં.

૯૯ અપવિત્ર વસ્ત્ર પહેરું નહીં.

૧૦૦ ઊનનાં વસ્ત્ર પહેરવા પ્રયત્ન કરું.

૧૦૧ રેશમી વસ્ત્રનો ત્યાગ કરું.

૧૦૨ શાંત ચાલથી ચાલું.

૧૦૩ ખોટો ભપકો કરું નહીં.

૧૦૪ ઉપદેશકને દ્વેષથી જોઉં નહીં.
૧૦૫ દ્વેષ માત્રનો ત્યાગ કરું.
૧૦૬ રાગદૃષ્ટિથી એકે વસ્તુ આરાધું નહીં.
૧૦૭ વૈરીના સત્ય વચનને માન આપું.
૧૦૮
૧૦૯
૧૧૦
૧૧૧
૧૧૨
૧૧૩
૧૧૪
૧૧૫
૧૧૬ વાળ રાખું નહીં. (ગૃ૦)
૧૧૭ કચરો રાખું નહીં
૧૧૮ ગારો કરું નહીં—આંગણા પાસે.
૧૧૯ ફળિયામાં અસ્વચ્છતા રાખું નહીં. (સાધુ)

૧૫૨ ખોટી મોહિની પેદા કરું નહીં.
૧૫૩ વિદ્યા વિના મૂર્ખ રહું નહીં.
૧૫૪ વિનયને આરાધી રહું.
૧૫૫ માયાવિનયનો ત્યાગ કરું.
૧૫૬ અદત્તાદાન લઉં નહીં.
૧૫૭ ક્લેશ કરું નહીં.
૧૫૮ દત્તા અનીતિ લઉં નહીં.
૧૫૯ દુઃખી કરીને ધન લઉં નહીં.
૧૬૦ ખોટો તોલ તોળું નહીં
૧૬૧ ખોટી સાક્ષી પૂરું નહીં.
૧૬૨ ખોટા સોગન ખાઉં નહીં.
૧૬૩ હાંસી કરું નહીં.
૧૬૪ સમભાવથી મૃત્યુને જોઉં.
૧૬૫ મોતથી હર્ષ માનવો.
૧૬૬ કોઈના મોતથી હસવું નહીં.
૧૬૭ ત્રિદેહી હૃદયને કરતો જઉં.

૧૬૮ વિદ્યાનુ અભિમાન કરું નહીં.

૧૬૯ ગુરુનો ગુરુ ગનું નહીં.

૧૭૦ અપૂજ્ય આચાર્યને પૂજું નહીં.

૧૭૧ ખોટું અપમાન તેને આપું નહીં.

૧૭૨ અકરણીય વ્યાપાર કરું નહીં.

૧૭૩ ગુણ વગરનું વક્તૃત્વ સેવું નહીં.

૧૭૪ તત્ત્વજ્ઞ તપ અકાળિક કરું નહીં.

૧૭૫ શાસ્ત્ર વાચું.

૧૭૬ પોતાના મિથ્યા તર્કને ઉત્તેજન આપું નહીં.

૧૭૭ સર્વપ્રકારની ક્ષમાને ચાહું.

૧૭૮ સંતોષની પ્રયાચના કરું.

૧૭૯ સ્વાત્મભક્તિ કરું.

૧૮૦ સામાન્ય ભક્તિ કરું.

૧૮૧ અનુપાસક થાઉં.

૧૮૨ નિરાભિમાની થાઉં.

૧૮૩ મનુષ્ય જાતિનો ભેદ ન ગણું.

૧૨૦ ફ્રાટલ કપડાં રાખું નહીં (સાધુ)
૧૨૧ અણગળ પાણી પીઉં નહીં.
૧૨૨ પાપી જળે નાહું નહીં.
૧૨૩ વધારે જળ ઢોળું નહીં.
૧૨૪ વનસ્પતિને દુઃખ આપું નહીં.
૧૨૫ અસ્વચ્છતા રાખું નહીં.
૧૨૬ પહોરનું રાંધેલું ભોજન કરું નહીં.
૧૨૭ રસેંદ્રિયની વૃદ્ધિ કરું નહીં.
૧૨૮ રોગ વગર ઔષધનું સેવન કરું નહીં.
૧૨૯ વિષયનું ઔષધ ખાઉં નહીં.
૧૩૦ ખોટી ઉદારતા સેવું નહીં.
૧૩૧ કૃપણ થાઉં નહીં.
૧૩૨ આજીવિકા સિવાય કોઈમાં માયા કરું નહીં.
૧૩૩ આજીવિકા માટે ધર્મ બોધું નહીં.
૧૩૪ વખતનો અનુપયોગ કરું નહીં.
૧૩૫ નિયમ વગર કૃત સેવું નહીં.

૧૩૬ પ્રતિજ્ઞા, વ્રત તોડું નહીં.
૧૩૭ સત્ય વસ્તુનું ખંડન કરું નહીં.
૧૩૮ તત્ત્વજ્ઞાનમાં શંકિત થાઉં નહીં.
૧૩૯ તત્ત્વ આરાધતાં લોકનિંદાથી ડરું નહીં.
૧૪૦ તત્ત્વ આપતાં માયા કરું નહીં.
૧૪૧ સ્વાર્થને ધર્મ ભાખું નહીં.
૧૪૨ ચારે વર્ગને મંડન કરું,
૧૪૩ ધર્મ વડે સ્વાર્થ પેદા કરું નહીં.
૧૪૪ ધર્મ વડે અર્થ પેદા કરું.
૧૪૫ જડતા જોઇને આક્રોશ પામું નહીં.
૧૪૬ ખેદની સ્મૃતિ આણું નહીં.
૧૪૭ મિથ્યાત્વને વિસર્જન કરું.
૧૪૮ અસત્યને સત્ય કહું નહીં.
૧૪૯ શૃંગારને ઉત્તેજન આપું નહીં.
૧૫૦ હિંસાવડે સ્વાર્થ ચાહું નહીં.
૧૫૧ સૃષ્ટિનો ખેદ વધારું નહીં.

૧૫૨ ખોટી મોટાઈની પેદા કરું નહીં.
૧૫૩ વિદ્યા વિના મૂર્ખ રહું નહીં.
૧૫૪ વિનયને આરાધી રહું.
૧૫૫ માયાવિનયનો ત્યાગ કરું.
૧૫૬ અદત્તાદાન લઉં નહીં.
૧૫૭ ક્લેશ કરું નહીં.
૧૫૮ દત્તા અનીતિ લઉં નહીં.
૧૫૯ દુ:ખી કરીને ધન લઉં નહીં.
૧૬૦ ખોટો તોલ તોળું નહીં
૧૬૧ ખોટી સાક્ષી પૂરું નહીં.
૧૬૨ ખોટા સોગન ખાઉં નહીં.
૧૬૩ હાંસી કરું નહીં.
૧૬૪ સમભાવથી મૃત્યુને જોઉં.
૧૬૫ મોતથી હર્ષ માનવો.
૧૬૬ કોઈના મોતથી હસવું નહીં.
૧૬૭ વિદેહી હૃદયને કરતો જઉં.

૧૬૮ વિદ્યાનું અભિમાન કરું નહીં.
૧૬૯ ગુરુનો ગુરુ બનું નહીં.
૧૭૦ અપૂજ્ય આચાર્યને પૂજું નહીં.
૧૭૧ ખોટું અપમાન તેને આપું નહીં.
૧૭૨ અકરણીય વ્યાપાર કરું નહીં.
૧૭૩ ગુણ વગરનું વક્તૃત્વ સેવું નહીં.
૧૭૪ તત્ત્વજ્ઞ તપ અકાળિક કરું નહીં.
૧૭૫ શાસ્ત્ર વાંચું.
૧૭૬ પોતાના મિથ્યા તર્કને ઉત્તેજન આપું નહીં.
૧૭૭ સર્વપ્રકારની ક્ષમાને ચાહું.
૧૭૮ સંતોષની પ્રયાચના કરું.
૧૭૯ સ્વાત્મભક્તિ કરું.
૧૮૦ સામાન્ય ભક્તિ કરું.
૧૮૧ અનુપાસક થાઉં.
૧૮૨ નિરાભિમાની થાઉં.
૧૮૩ મનુષ્ય જાતિનો ભેદ ન ગણું.

૧૮૪ જડની દયા ખાઉં.
૧૮૫ વિશેષથી નયન ઠંડા કરું.
૧૮૬ સામાન્યથી મિત્રભાવ રાખું.
૧૮૭ પ્રત્યેક વસ્તુનો નિયમ કરું.
૧૮૮ સાદા પોશાકને ચાહું.
૧૮૯ મધુરી વાણી ભાખું.
૧૯૦ મનોવીરત્વની વૃદ્ધિ કરું.
૧૯૧ પ્રત્યેક પરિષહ સહન કરું.
૧૯૨ આત્માને પરમેશ્વર માનું.
૧૯૩ પુત્રને સારે રસ્તે ચઢાવું. (પિતા ઇચ્છા કરે છે)
૧૯૪ ખોટાં લાડ લડાવું નહીં. ,,
૧૯૫ મલિન રાખું નહીં. ,,
૧૯૬ અવળી વાતથી સ્તુતિ કરું નહીં. ,,
૧૯૭ મોહિનીભાવે નિરખું નહીં. ,,
૧૯૮ પુત્રીનું વેશવાળ યોગ્ય ગુણે કરું ,,
૧૯૯ સમવય જોઉં ,,

૨૦૦ સમગુણ જોઉં.
૨૦૧ તારો સિદ્ધાંત ત્રુટે તેમ સંસારવ્યવહાર ન ચલાવું.
૨૦૨ પ્રત્યેકને વાત્સલ્યતા ઉપદેશું.
૨૦૩ તત્ત્વથી કંટાળું નહીં.
૨૦૪ વિધવા છું. તારા ધર્મને અંગીકૃત કરું.
(વિધવા ઇચ્છા કરે છે.)
૨૦૫ સુવાસીસાજ સજું નહીં.
૨૦૬ ધર્મકથા કરું.
૨૦૭ નવરી રહું નહીં.
૨૦૮ તુચ્છ વિચાર પર જઉં નહીં.
૨૦૯ સુખની અદેખાઈ કરું નહીં.
૨૧૦ સંસારને અનિત્ય માનું.
૨૧૧ શુદ્ધ બ્રહ્મચર્યનું સેવન કરું.
૨૧૨ પરઘેર જઉં નહીં.
૨૧૩ કોઈ પુરુષ સાથે વાત કરું નહીં.
૨૧૪ ચંચળતાથી ચાલું નહીં.

૨૧૫ તાળી દઈ વાત કરું નહીં.
૨૧૬ પુરુષલક્ષણ રાખું નહીં.
૨૧૭ કોઈના કહ્યાથી રોષ આણું નહીં.
૨૧૮ ત્રિદંડથી ખેદ માનું નહીં.
૨૧૯ મોહદૃષ્ટિથી વસ્તુ નીરખું નહીં.
૨૨૦ હૃદયથી બીજું રૂપ રાખું નહીં.
૨૨૧ સેવ્યની શુદ્ધ ભક્તિ કરું (સામાન્ય)
૨૨૨ નીતિથી ચાલું.
૨૨૩ તારી આજ્ઞા તોડું નહીં.
૨૨૪ અવિનય કરું નહીં.
૨૨૫ ગળ્યા વિના દ્રવ પીઉં નહીં.
૨૨૬ તેં ત્યાગ કરાવેલી વસ્તુ ઉપયોગમાં લઉં નહીં.
૨૨૭ પાપથી જય કરી આનંદ માનું નહીં.
૨૨૮ ગાયનમાં વધારે અનુરક્ત થઉં નહીં.
૨૨૯ નિયમ તોડે તે વસ્તુ ખાઉં નહીં
૨૩૦ ગૃહસૌંદર્યની વૃદ્ધિ કરું.

૨૩૧ સારાં સ્થાનની ઇચ્છા ન કરું.
૨૩૨ અશુદ્ધ આહારજળ ન લઉં (મુનિત્વ ભાવ)
૨૩૩ કેશલોચન કરું.
૨૩૪ પરિષહ પ્રત્યેક પ્રકારે સહન કરું.
૨૩૫ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરું
૨૩૬ કંદમૂળનું ભક્ષણ ન કરું.
૨૩૭ કોઈ વસ્તુ જોઈ રાચું નહીં.
૨૩૮ આજીવિકા માટે ઉપદેશક થઉં નહીં. (૨)
૨૩૯ તારા નિયમને તોડું નહીં.
૨૪૦ શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરું.
૨૪૧ તારા નિયમનું મંડન કરું
૨૪૨ રસગારવ થઉં નહીં.
૨૪૩ કપાય ધારું નહીં.
૨૪૪ બંધન રાખું નહીં.
૨૪૫ અબ્રહ્મચર્ય સેવું નહીં.
૨૪૬ આત્મ પરાત્મ સમાન માનું (૨)

૨૪૭ લીધો ત્યાગ ત્યાગુ નહીં.
૨૪૮ મૃષા ઈ૦ ભાષણ કરું નહીં
૨૪૯ કોઈ પાપ સેવું નહીં.
૨૫૦ અબધ પાપ ક્ષમાવું
૨૫૧ ક્ષમાવવામા માન રાખું નહીં. (મુનિ સામાન્ય)
૨૫૨ ગુરુના ઉપદેશને તોડું નહીં.
૨૫૩ ગુરુનો અવિનય કરું નહીં.
૨૫૪ ગુરુને આસને બેસું નહીં.
૨૫૫ કોઈ પ્રકારની તેથી મહત્તા ભોગવું નહીં.
૨૫૬ તેથી શુકલહૃદયે તત્વજ્ઞાનની વૃદ્ધિ કરું.
૨૫૭ મનને સ્થિતિસ્થાપક રાખું.
૨૫૮ વચનને રાસભાણ રાખું.
૨૫૯ કાયાને કૂર્મરૂપ રાખું.
૨૬૦ હૃદયને ભ્રમરરૂપ રાખું.
૨૬૧ હૃદયને કમળરૂપ રાખું.
૨૬૨ હૃદયને પથ્થરરૂપ રાખું.

૨૬૩ હૃદયને લીંબુરૂપ રાખું.
૨૬૪ હૃદયને જળરૂપ રાખું.
૨૬૫ હૃદયને તેલરૂપ રાખું.
૨૬૬ હૃદયને અગ્નિરૂપ રાખું.
૨૬૭ હૃદયને આદર્શરૂપ રાખું.
૨૬૮ હૃદયને સમુદ્રરૂપ રાખું.
૨૬૯ વચનને અમૃતરૂપ રાખું.
૨૭૦ વચનને નિદ્રારૂપ રાખું.
૨૭૧ વચનને તૃપારૂપ રાખું.
૨૭૨ વચનને સ્વાધીનરૂપ રાખું.
૨૭૩ કાયાને કમાનરૂપ રાખું.
૨૭૪ કાયાને ચંચળરૂપ રાખું.
૨૭૫ કાયાને નિરપરાધી રાખું.
૨૭૬ કોઈ પ્રકારની ચાહના રાખું નહીં (પરમહંસ)
૨૭૭ તપસ્વી છું; વનમા તપશ્ચર્યા કરું છું.
(તપસ્વીની ઇચ્છા)

૨૭૮ શીતળ છાયા લઉં છું.

૨૭૯ સમભાવે સર્વ સુખ સંપાદન કરું છું.

૨૮૦ માયાથી દૂર રહું છું.

૨૮૧ પ્રપંચને ત્યાગું છું.

૨૮૨ સર્વ ત્યાગવસ્તુને જાણું છું,

૨૮૩ ખોટી પ્રશંસા કરું નહીં. (મુ૦ પ્ર૦ ઉ૦ ગૃ૦ સામાન્ય)

૨૮૪ ખોટું આળ આપું નહીં.

૨૮૫ ખોટી વસ્તુ પ્રણીત કરું નહીં.

૨૮૬ કુટુંબક્લેશ કરું નહીં. (ગૃ૦ ઉ૦)

૨૮૭ અભ્યાખ્યાન ધારું નહીં. (સા૦)

૨૮૮ પિશુન થઉં નહીં.

૨૮૯ અસત્યથી રાચું નહીં. (૨)

૨૯૦ ખડ ખડ હસું નહીં. (સ્ત્રી)

૨૯૧ કારણ વિના મોં મલકાવું નહીં.

૨૯૨ કોઈ વેળા હસું નહીં.

૨૯૩ મનના આનંદ કરતાં આત્માનંદને ચાહું.
૨૯૪ સર્વને યથાતથ્ય માન આપું (ગૃહસ્થ)
૨૯૫ સ્થિતિનો ગર્વ કરું નહીં (ગૃ૦ મુ૦)
૨૯૬ સ્થિતિનો ખેદ કરું નહીં.
૨૯૭ ખોટો ઉદ્યમ કરું નહીં.
૨૯૮ અનુદ્યમી રહું નહીં.
૨૯૯ ખોટી સલાહ આપું નહીં. (ગૃ૦)
૩૦૦ પાપી સલાહ આપું નહીં.
૩૦૧ ન્યાય વિરુદ્ધ કૃત્ય કરું નહીં. (૨-૩)
૩૦૨ ખોટી આશા કોઈને આપું નહીં (ગ૦ મુ૦ પ્ર૦-ઉ૦)
૩૦૩ અસત્ય વચન આપું નહીં. ,,
૩૦૪ સત્ય વચન ભંગ કરું નહીં. ,,
૩૦૫ પાંચ સમિતિને ધારણ કરું (મુ૦)
૩૦૬ અવિનયથી બેસું નહીં. ,,
૩૦૭ ખોટા મંડળમાં જઉં નહીં. (ગૃ૦ મુ૦)

૩૦૮ વેશ્યા સામી દૃષ્ટિ કરું નહીં. (ગૃ૦)
૩૦૯ એનાં વચન શ્રવણ કરું નહીં. ,,
૩૧૦ વાજિંત્ર સાંભળું નહીં. (મુ૦)
૩૧૧ વિવાહવિધિ પૂછું નહીં. (મુ૦ બ્ર૦)
૩૧૨ એને વખાણું નહીં. ,,
૩૧૩ મનોરસ્થમાં મોહ માનું નહીં ,,
૩૧૪ કર્માધર્મી કરું નહીં. (ગૃ૦)
૩૧૫ સ્વાર્થે કોઈની આજીવિકા તોડું નહીં. (ગૃ૦)
૩૧૬ વધબંધનની શિક્ષા કરું નહીં. (ગૃ૦ રા૦)
૩૧૭ ભય, વાત્સલ્યથી રાજ્ય ચલાવું. (રા૦)
૩૧૮ નિયમ વગર વિહાર કરું નહીં. (મુ૦)
૩૧૯ વિષયની સ્મૃતિએ ધ્યાન ધર્યા વિના રહું નહીં.
(મુ૦ ગૃ૦ બ્ર૦ ઉ૦)
૩૨૦ વિષયની વિસ્મૃતિ જ કરું (મુ૦ ગૃ૦ બ્ર૦ ઉ૦)
૩૨૧ સર્વ પ્રકારની નીતિ શીખું. ,,
૩૨૨ ભયભાષા ભાખું નહીં. ,,

૩૨૩ અપશબ્દ બોલું નહીં (મુ૦ ગૃ૦ બ્ર૦ ઉ૦)
૩૨૪ કોઈને શિખડાવું નહીં. ,,
૩૨૫ અસત્ય મર્મ ભાષા ભાખું નહીં. ,,
૩૨૬ લીધેલો નિયમ કર્ણોપકર્ણિ રીતે તોડું નહીં. ,,
૩૨૭ પૂંઠચૌર્ય કરું નહીં. ,,
૩૨૮ અતિથિનો તિરસ્કાર કરું નહીં. (ગૃ૦ ઉ૦)
૩૨૯ ગુપ્ત વાત પ્રસિદ્ધ કરું નહીં. ,,
૩૩૦ પ્રસિદ્ધ કરવા યોગ્ય ગુપ્ત રાખું નહીં.
૩૩૧ વિના ઉપયોગે દ્રવ્ય રળું નહીં. (ગૃ૦ ઉ૦ બ્ર૦)
૩૩૨ અયોગ્ય કરાર કરાવું નહીં. (ગૃ૦)
૩૩૩ વધારે વ્યાજ લઉં નહીં.
૩૩૪ હિસાબમાં ભુલાવું નહીં.
૩૩૫ સ્થૂલ હિંસાથી આજીવિકા ચલાવું નહીં.
૩૩૬ દ્રવ્યનો ખોટો ઉપયોગ કરું નહીં.
૩૩૭ નાસ્તિકતાનો ઉપદેશ આપું નહીં. (ઉ૦)
૩૩૮ વયમાં પરણું નહીં. (ગ૦)

૩૩૯ વય પછી પરણું નહીં. (ગ્રૃ૦)
૩૪૦ વય પછી સ્ત્રી ભોગવું નહીં. ,,
૩૪૧ વયમાં સ્ત્રી ભોગવુ નહીં. ,,
૩૪૨ કુમારપત્નીને બોલાવું નહીં. ,,
૩૪૩ પરણીય પર અભાવ લાવું નહીં. (ગ્રૃ૦)
૩૪૪ વૈરાગી અભાવ ગણું નહીં. (ગૃ૦ મુ૦)
૩૪૫ કડવું વચન કહું નહીં. (ગ્રૃ૦)
૩૪૬ હાથ ઉગામું નહીં. ,,
૩૪૭ અયોગ્ય સ્પર્શ કરું નહીં. ,,
૩૪૮ બાર દિવસ સ્પર્શ કરુ નહીં. ,,
૩૪૯ અયોગ્ય ઠપકો આપું નહીં. ,,
૩૫૦ રજસ્વલામા ભોગવું નહીં. ,,
૩૫૧ ઋતુદાનમાં અભાવ આણું નહીં. ,,
૩૫૨ શૃંગારભક્તિ સેવું નહીં. ,,
૩૫૩ સર્વ પર એ નિયમ, ન્યાય લાગું કરું. ,,
૩૫૪ નિયમમાં ખોટી દલીલથી છૂટું નહીં. ,,

૩૫૫ ખોટી રીતે ચઢાવું નહીં. (ગૃ૦)
૩૫૬ દિવસે ભોગ ભોગવું નહીં. ..
૩૫૭ દિવસે સ્પર્શ કરું નહીં. ,,
૩૫૮ અવભાષાએ બોલાવું નહીં. ,,
૩૫૯ કોઈનું વ્રત ભંગાવું નહીં. ,,
૩૬૦ ઝાઝે સ્થળે ભટકું નહીં.
૩૬૧ સ્વાર્થબહાને કોઇનો ત્યાગ મુકાવું નહીં.
૩૬૨ ક્રિયાશાળીને નિંદુ નહીં.
૩૬૩ નગ્ન ચિત્ર નિહાળું નહીં. (મુ૦ ગૃ૦)
૩૬૪ પ્રતિમાને નિંદુ નહીં. (ગૃ૦)
૩૬૫ પ્રતિમાને નીરખું નહીં. (મુ૦)
૩૬૬ પ્રતિમાને પૂજું (કેવળ ગૃહસ્થ સ્થિતિમાં)
૩૬૭ પાપથી ધર્મ માનું નહીં. (સર્વ)
૩૬૮ સત્ય વહેવારને તોડું નહીં. (સર્વ)
૩૬૯ છળ કરું નહીં.
૩૭૦ નગ્ન સૂઉં નહીં.

૩૭૧ નગ્ન નહાઉં નહીં.
૩૭૨ આછાં લૂગડાં પહેરું નહીં.
૩૭૩ ઝાઝા અલંકાર પહેરું નહીં.
૩૭૪ અમર્યાદાથી ચાલું નહીં.
૩૭૫ ઉતાવળે સાદે બોલું નહી.
૩૭૬ પતિ પર દાબ રાખું નહીં. (સ્ત્રી)
૩૭૭ તુચ્છ સંભોગ ભોગવવો નહીં. (ગૃ૦ ઉ૦)
૩૭૮ ખેદમાં ભોગ ભોગવવો નહીં.
૩૭૯ સાયંકાળે ભોગ ભોગવવો નહીં.
૩૮૦ સાયંકાળે જમવું નહીં.
૩૮૧ અરુણોદયે ભોગ ભોગવવો નહીં
૩૮૨ ઊંઘમાંથી ઊઠી ભોગ ભોગવવો નહીં.
૩૮૩ ઊંઘમાંથી ઊઠી જમવું નહીં.
૩૮૪ શૌચક્રિયા પહેલાં કોઈ ક્રિયા કરવી નહીં.
૩૮૫ ક્રિયાની કાંઈ જરૂર નથી. (પરમહંસ)
૩૮૬ ધ્યાન વિના એકાંતે રહું નહીં. (મુ૦ગૃ૦પ્ર૦ઉ૦પ૦)

૩૮૭ લઘુશંકામાં તુચ્છ થાઉં નહીં.
૩૮૮ દીર્ઘશંકામાં વખત લગાડું નહીં
૩૮૯ ઋતુ ઋતુના શરીરધર્મ સાચવું. (ગૃ૦)
૩૯૦ આત્માની જ માત્ર ધર્મકરણી સાચવું (મુ૦)
૩૯૧ અયોગ્ય માર, બંધન કરું નહીં.
૩૯૨ આત્મસ્વતંત્રતા ખોઉં નહીં. (મુ૦ ગૃ૦ બ્ર૦)
૩૯૩ બંધનમાં પડયા પહેલાં વિચાર કરું. (સા૦)
૩૯૪ પૂર્વિત ભોગ સંભારુ નહીં. (મુ૦ ગૃ૦)
૩૯૫ અયોગ્ય વિદ્યા સાધું નહીં. (મુ૦ગૃ૦બ્ર૦ઉ૦)
૩૯૬ ઓધું પણ નહીં.
૩૯૭ વણ બાપની વસ્તુ લઉં નહીં.
૩૯૮ નહાઉં નહીં. (મુ૦)
૩૯૯ દાતણ કરું નહી.
૪૦૦ સંસારસુખ ચાહું નહીં.
૪૦૧ નીતિ વિના સંસાર ભોગવું નહીં. (ગૃ૦)
૪૦૨ પ્રસિદ્ધ રીતે કુટિલતાથી ભોગ વર્ણવું નહીં. (ગૃ૦)

૪૦૩ વિરહગ્રંથ ગૂંથું નહીં. (મુ૦ગૃ૦બ્ર૦)
૪૦૪ અયોગ્ય ઉપમા આપુ નહીં. (મુ૦ગૃ૦બ્ર૦ઉ૦)
૪૦૫ સ્વાર્થ માટે ક્રોધ કરુ નહીં.
૪૦૬ વાદયશ પ્રાપ્ત કરું નહીં. (ઉ૦)
૪૦૭ અપવાદથી ખેદ કરું નહીં.
૪૦૮ ધર્મદ્રવ્યનો ઉપયોગ કરી શકું નહીં. (ગૃ૦)
૪૦૯ દશાંશ કે ધર્મમાં કાઢું. (ગૃ૦)
૪૧૦ સર્વસંગ પરિત્યાગ કરું (પરમહંસ)
૪૧૧ તારો ઓધેલો મારો ધર્મ વિસારું નહીં. (સર્વ)
૪૧૨ સ્વપ્નાનંદખેદ કરું નહીં.
૪૧૩ આજીવિક વિદ્યા સેવું નહીં. (મુ૦)
૪૧૪ તપને વેચું નહીં. (ગૃ૦ બ્ર૦)
૪૧૫ બે વખતથી વધારે જમું નહીં (ગૃ૦મુ૦બ્ર૦ઉ૦)
૪૧૬ સ્ત્રી ભેળો જમું નહીં. (ગૃ૦ઉ૦)
૪૧૭ કોઈ સાથે જમું નહીં. (સ૦)
૪૧૮ પરસ્પર કવળ આપું નહીં, લઉં નહીં. (સ૦)

૪૧૯ વધારે આછું પથ્ય સાધન કરું નહીં. (સ૦)
૪૨૦ નિરાગીનાં વચનોને પૂજ્ય ભાવે માન આપું.
૪૨૧ નિરાગી ગ્રન્થો વાંચું.
૪૨૨ તત્વને જ ગ્રહણ કરું
૪૨૩ નિર્માલ્ય અધ્યયન કરું નહીં.
૪૨૪ વિચારશક્તિને ખીલવું.
૪૨૫ જ્ઞાન વિના તારો ધર્મ અંગીકૃત કરું નહી
૪૨૬ એકાંતવાદ લઉં નહીં.
૪૨૭ નિરાગી અધ્યયનો મુખે કરું
૪૨૮ ધર્મકથા શ્રવણ કરું.
૪૨૯ નિયમિત કર્તવ્ય ચૂકું નહીં.
૪૩૦ અપરાધશિક્ષા તોડું નહીં
૪૩૧ યાચકની હાંસી કરું નહીં.
૪૩૨ સત્પાત્રે દાન આપું.
૪૩૩ દીનની દયા ખાઉં.
૪૩૪ દુઃખીની હાસી કરુ નહીં.

૪૩૫ ક્ષમાપના વગર શયન કરું નહીં.

૪૩૬ આળસને ઉત્તેજન આપું નહીં.

૪૩૭ સૃષ્ટિક્રમ વિરુદ્ધ કર્મ કરું નહીં.

૪૩૮ સ્ત્રીશય્યાનો ત્યાગ કરું

૪૩૯ નિવૃત્તિ સાધન એ વિના સઘળું ત્યાગું છું

૪૪૦ મર્મલેખ કરું નહીં.

૪૪૧ પરદુઃખે દાઝું.

૪૪૨ અપરાધી પર પણ ક્ષમા કરું.

૪૪૩ અયોગ્ય લેખ લખું નહીં.

૪૪૪ આશુપ્રજ્ઞનો વિનય જાળવું.

૪૪૫ ધર્મકર્તવ્યમાં દ્રવ્ય આપતાં માયા ન કરું.

૪૪૬ નમ્ર વીરત્વથી તત્ત્વ બોધું.

૪૪૭ પરમહંસની હાંસી કરું નહીં

૪૪૮ આદર્શ જોઉં નહીં.

૪૪૯ આદર્શમાં જોઈ હસું નહીં.

૪૫૦ પ્રવાહી પદાર્થમાં મોઢું જોઉં નહીં.

૪૫૧ છબી પડાવું નહીં.
૪૫૨ અયોગ્ય છબી પડાવું નહીં
૪૫૩ અધિકારનો ગેરઉપયોગ કરું નહીં.
૪૫૪ ખોટી હા કહું નહીં.
૪૫૫ ક્લેશને ઉત્તેજન આપું નહીં.
૪૫૬ નિંદા કરું નહીં.
૪૫૭ કર્તવ્ય નિયમ ચૂકું નહીં.
૪૫૮ દિનચર્યાનો ગેરઉપયોગ કરું નહીં.
૪૫૯ ઉત્તમ શક્તિને સાધ્ય કરું.
૪૬૦ શક્તિ વગરનું કૃત્ય કરું નહીં.
૪૬૧ દેશકાળાદિને ઓળખું.
૪૬૨ કૃત્યનું પરિણામ જોઉં
૪૬૩ કોઈનો ઉપકાર ઓળવું નહીં.
૪૬૪ મિથ્યા સ્તુતિ કરું નહીં.
૪૬૫ ખોટા દેવ સ્થાપું નહીં.
૪૬૬ કલ્પિત ધર્મ ચલાવું નહીં.

૪૬૭ સૃષ્ટિસ્વભાવને અધર્મ કહુ નહી
૪૬૮ સર્વ શ્રેષ્ઠ તત્ત્વ લોચનદાયક માનુ.
૪૬૯ માનતા માનું નહી.
૪૭૦ અયોગ્ય પૂજન કરું નહી.
૪૭૧ રાત્રે શીતળ જળથી નહાઉં નહી.
૪૭૨ દિવસે ત્રણ વખત નહાઉં નહી.
૪૭૩ માનની અભિલાષા રાખું નહી.
૪૭૪ આલાપાદિ સેવું નહી.
૪૭૫ બીજા પાસે વાત કરું નહી
૪૭૬ ટૂકું લક્ષ રાખુ નહી
૪૭૭ ઉન્માદ સેવું નહી
૪૭૮ રૌદ્રાદિ રસનો ઉપયોગ કરુ નહી.
૪૭૯ શાત રસને નિન્દું નહી.
૪૮૦ સત્કર્મમા આડો આવું નહી. ( મુ૦ ગૂ૦ )
૪૮૧ પાછો પાડવા પ્રયત્ન કરું નહી.
૪૮૨ મિથ્યા હઠ લઉ નહી.

૪૮૩ અવાચકને દુઃખ આપું નહીં.
૪૮૪ ખોડીલાંની સુખશાંતિ વધારું.
૪૮૫ નીતિશાસ્ત્રને માન આપું.
૪૮૬ હિંસક ધર્મને વળગું નહી.
૪૮૭ અનાચારી ધર્મને વળગું નહીં.
૪૮૮ મિથ્યાવાદીને વળગું નહીં.
૪૮૯ શૃંગારી ધર્મને વળગું નહીં.
૪૯૦ અજ્ઞાન ધર્મને વળગું નહીં.
૪૯૧ કેવળ બ્રહ્મને વળગું નહીં.
૪૯૨ કેવળ ઉપાસના સેવું નહીં.
૪૯૩ નિયતવાદ સેવું નહીં
૪૯૪ ભાવે સૃષ્ટિ અનાદિ અનંત કહું નહી.
૪૯૫ દ્રવ્યે સૃષ્ટિ સાદિઅંત કહું નહીં.
૪૯૬ પુરુષાર્થને નિંદુ નહીં.
૪૯૭ નિષ્પાપીને ચંચળતાથી છળું નહીં
૪૯૮ શરીરનો ભરૂસો કરૂં નહીં

૪૯૯ અયોગ્ય વચને બોલાવુ નહીં.
૫૦૦ આજીવિકા અર્થે નાટક કરું નહીં.
૫૦૧ મા-બહેનથી એકાંતે રહું નહીં.
૫૦૨ પૂર્વ સ્નેહીઓને ત્યા આહાર લેવા જઉં નહીં.
૫૦૩ તત્ત્વધર્મનિંદક પર પણ રોપ ધરવો નહીં.
૫૦૪ ધીરજ મૂકવી નહીં
૫૦૫ ચરિત્રને અદ્દભુત કરવું.
૫૦૬ વિજય, કીર્તિ, યશ સર્વપક્ષી પ્રાપ્ત કરવા.
૫૦૭ કોઈનો ઘરસંસાર તોડવો નહી
૫૦૮ અંતરાય નાખવી નહી.
૫૦૯ શુકલ ધર્મ ખંડવો નહીં.
૫૧૦ નિષ્કામ શીલ આરાધવું.
૫૧૧ ત્વરિત ભાષા બોલવી નહીં.
૫૧૨ પાપગ્રંથ ગૃંથુ નહી.
૫૧૩ સારમ્ભમય મૌન રહું.
૫૧૪ વિષયભ્રમય મૌન રહું.

૫૧૫ ક્લેશસમય મૌન રહું.
૫૧૬ જળ પીતાં મૌન રહું
૫૧૭ જમતાં મૌન રહું.
૫૧૮ પશુપદ્ધતિ જળપાન કરું નહીં.
૫૧૯ કૂદકો મારી જળમાં પડું નહીં.
૫૨૦ સ્મશાને વસ્તુ માત્ર ચાખું નહીં.
૫૨૧ ઊંધું શયન કરું નહીં.
૫૨૨ બે પુરુષે સાથે સૂવું નહીં.
૫૨૩ બે સ્ત્રીએ સાથે સૂવુ નહીં.
૫૨૪ શાસ્ત્રની આશાતના કરું નહીં.
૫૨૫ ગુરુઆદિકની તેમ જ.
૫૨૬ સ્વાર્થે યોગ, તપ સાધું નહીં.
૫૨૭ દેશાટન કરું.
૫૨૮ દેશાટન કરુ નહીં.
૫૨૯ ચોમાસે સ્થિરતા કરુ
૫૩૦ સભામા પાન ખાઉ નહી.

૫૩૧ સ્વસ્ત્રી સાથે મર્યાદા સિવાય ફરવું નહીં.
૫૩૨ ભૂલની વિસ્મૃત કરવી નહીં.
૫૩૩ કં૦ કલાલ સોનીની દુકાને બેસવું નહીં.
૫૩૪ કારીગરને ત્યાં (ગુરુત્વે) જવું નહીં.
૫૩૫ તમાકુ સેવવી નહીં
૫૩૬ સોપારી બે વખત ખાવી
૫૩૭ ગોળ કૂપમાં નાહવા પડું નહીં.
૫૩૮ નિરાશ્રિતને આશ્રય આપુ.
૫૩૯ સમય વિના વ્યવહાર બોલવા નહીં
૫૪૦ પુત્રલગ્ન કરું.
૫૪૧ પુત્રીલગ્ન કરું.
૫૪૨ પુનર્લગ્ન કરું નહીં.
૫૪૩ પુત્રીને ભણાવ્યા વગર રહું નહીં.
૫૪૪ સ્ત્રી વિદ્યાશાળી શોધું, કરું
૫૪૫ તેઓને ધર્મપાઠ શિખડાવુ
૫૪૬ પ્રત્યેક ગૃહે શાંતિ વિરામ રાખવા.

૫૪૭ ઉપદેશકને સન્માન આપું.

૫૪૮ અનંત ગુણધર્મથી ભરેલી સૃષ્ટિ છે એમ માનું.

૫૪૯ કોઈ કાળે તત્ત્વ વડે કરી દુનિયામાંથી દુઃખ જશે એમ માનુ.

૫૫૦ દુઃખ અને ખેદ ભ્રમણા છે.

૫૫૧ માણસ ચાહે તે કરી શકે.

૫૫૨ શૌર્ય, બુદ્ધિ ઇ૦નો સુખદ ઉપયોગ કરું.

૫૫૩ કોઈ કાળે મને દુઃખી માનું નહીં.

૫૫૪ સૃષ્ટિના દુઃખ પ્રનાશન કરુ.

૫૫૫ સર્વ સાધ્ય મનોરથ ધારણ કરું.

૫૫૬ પ્રત્યેક તત્ત્વજ્ઞાનીઓને પરમેશ્વર માનું.

૫૫૭ પ્રત્યેકનુ ગુણતત્ત્વ ગ્રહણ કરું.

૫૫૮ પ્રત્યેકના ગુણને પ્રફુલ્લિત કરુ.

૫૫૯ કુટુંબને સ્વર્ગ બનાવું.

૫૬૦ સૃષ્ટિને સ્વર્ગ બનાવું તો કુટુંબને મોક્ષ બનાવું.

૫૬૧ તત્ત્વાર્થે સૃષ્ટિને સુખી કરતા હુ સ્વાર્થ અર્પું.

૫૬૨ સૃષ્ટિના પ્રત્યેક (–) ગુણની વૃદ્ધિ કરું.

૫૬૩ સૃષ્ટિના દાખલ થતાં સુધી પાપ પુણ્ય છે એમ માનું.

૫૬૪ એ સિદ્ધાંત તત્ત્વધર્મનો છે; નાસ્તિકતાનો નથી; એમ માનું.

૫૬૫ હૃદય શોકિત કરું નહી.

૫૬૬ વાત્સલ્યતાથી વૈરીને પણ વશ કરું.

૫૬૭ તું જે કરે છે તેમા અસભવ ન માનું.

૫૬૮ શંકા ન કરું; ઉથાપું નહીં; મંડન કરું.

૫૬૯ રાજા છતા પ્રજાને તારે રસ્તે ચડાવું.

૫૭૦ પાપીને અપમાન આપુ.

૫૭૧ ન્યાયને ચાહું, વર્તું.

૫૭૨ ગુણનિધિને માન આપું.

૫૭૩ તારો રસ્તો સર્વ પ્રકારે માન્ય રાખું.

૫૭૪ ધર્માલય સ્થાપું.

૫૭૫ વિદ્યાલય સ્થાપું

૫૭૬ નગર સ્વચ્છ રાખું.

૫૭૭ વધારે કર નાખું નહીં.

૫૭૮ પ્રજા પર વાત્સલ્યતા ધરાવું.

૫૭૯ કોઈ વ્યસન સેવું નહીં.

૫૮૦ બે સ્ત્રી પરણું નહીં.

૫૮૧ તત્ત્વજ્ઞાનના પ્રાયોજનિક અભાવે બીજી પરણું તે અપવાદ.

૫૮૨ બે ( ) પર સમભાવે જોઉં.

૫૮૩ સેવક તત્ત્વજ્ઞ રાખું.

૫૮૪ અજ્ઞાન ક્રિયા તજી દઉં.

૫૮૫ જ્ઞાન ક્રિયા સેવવા માટે.

૫૮૬ કપટને પણ જાણવું.

૫૮૭ અસૂયા સેવું નહીં.

૫૮૮ ધર્મ આજ્ઞા સર્વથી શ્રેષ્ઠ માનું છું.

૫૮૯ સહગતિ ધર્મને જ સેવીશ.

૫૯૦ સિદ્ધાંત માનીશ, પ્રણીત કરીશ.

૫૯૧ ધર્મ મહાત્માઓને સન્માન દઈશ.

૫૯૨ જ્ઞાન વિના સઘળી યાચનાઓ ત્યાગું છું.

૫૯૩ ભિક્ષાચરી યાચના સેવું છું.

૫૯૪ ચતુર્માસે પ્રવાસ કરું નહીં.

૫૯૫ જેની તેં ના કહી તે માટે શોધું કે કારણ માગું નહીં.

૫૯૬ દેહઘાત કરું નહીં.

૫૯૭ વ્યાયામાદિ સેવીશ.

૫૯૮ પૌષધાદિક વ્રત સેવું છું.

૫૯૯ બાંધેલો આશ્રમ સેવું છું.

૬૦૦ અકરણીય ક્રિયા, જ્ઞાન સાધું નહીં.

૬૦૧ પાપ વ્યવહારના નિયમ બાંધું નહીં.

૬૦૨ ક્ષુત્રરમણ કરું નહીં.

૬૦૩ રાત્રે ક્ષૌરકર્મ કરાવું નહીં.

૬૦૪ ઠાંસોઠાંસ સોડ તાણું નહીં.

૬૦૫ અયોગ્ય જાગૃતિ ભોગવું નહીં.

૬૦૬ રસસ્વાદે તનધર્મ મિથ્યા કરું નહીં.
૬૦૭ એકાંત શારીરિક ધર્મ આરાધું નહીં.
૬૦૮ અનેક દેવ પૂજું નહીં.
૬૦૯ ગુણસ્તવન સર્વોત્તમ ગણું.
૬૧૦ સદ્‌ગુણનું અનુકરણ કરું.
૬૧૧ શૃંગારી જ્ઞાતા પ્રભુ માનું નહીં.
૬૧૨ સાગર પ્રવાસ કરું નહીં.
૬૧૩ આશ્રમ નિયમોને જાણું.
૬૧૪ ક્ષૌરકર્મ નિયમિત રાખવું.
૬૧૫ જવરાદિકમા સ્નાન કરવું નહીં.
૬૧૬ જળમા ડૂબકી મારવી નહીં.
૬૧૭ કૃષ્ણાદિ પાપ લેશ્યાનો ત્યાગ કરું છું.
૬૧૮ સમ્યક્ સમયમા અપધ્યાનનો ત્યાગ કરું છું.
૬૧૯ નામભક્તિ સેવીશ નહીં.
૬૨૦ ઊભા ઊભા પાણી પીઉં નહી.
૬૨૧ આહાર અંતે પાણી પીઉં નહીં.

૬૨૨ ચાલતાં પાણી પીઉં નહીં.
૬૨૩ રાત્રે ગળ્યા વિના પાણી પીઉં નહીં.
૬૨૪ મિથ્યા ભાપણ કરું નહીં.
૬૨૫ સત્‌શબ્દોને સન્માન આપું.
૬૨૬ અયોગ્ય આંખે પુરુપ નીરખું નહીં
૬૨૭ અયોગ્ય વચન ભાખું નહીં.
૬૨૮ ઉઘાડે શિરે બેસું નહીં.
૬૨૯ વારંવાર અવયવો નીરખું નહી.
૬૩૦ સ્વરૂપની પ્રશસા કરું નહીં.
૬૩૧ કાયા પર ગૃદ્ધભાવે રાચું નહીં.
૬૩૨ ભારે ભોજન કરું નહીં.
૬૩૩ તીવ્ર હૃદય રાખું નહીં.
૬૩૪ માનાર્થે કૃત્ય કરુ નહીં.
૬૩૫ કીર્ત્યર્થે પુણ્ય કરું નહીં.
૬૩૬ કલ્પિત કથાદષ્ટાત સત્ય કહું નહીં
૬૩૭ અજાણી વાટે રાત્રે ચાલું નહીં.

૬૩૮ શક્તિનો ગેરઉપયોગ કરૂં નહીં.
૬૩૯ સ્ત્રીપક્ષે ધન પ્રાપ્ત કરૂં નહીં.
૬૪૦ વન્ધ્યાને માતૃભાવે સત્કાર દઉં.
૬૪૧ અકૃતધન લઉં નહીં.
૬૪૨ વગદાર પાઘડી બાંધું નહીં.
૬૪૩ વગદાર ચશ્મોટો પહેરૂં નહીં
૬૪૪ મલિન વસ્ત્ર પહેરું.
૬૪૫ મૃત્યુ પાછળ રાગથી રોઉં નહીં
૬૪૬ વ્યાખ્યાનશક્તિને આરાધું.
૬૪૭ ધર્મનામે ક્લેશમા પડું નહીં.
૬૪૮ તારા ધર્મ માટે રાજદ્વારે કેસ મૂકું નહીં.
૬૪૯ બને ત્યાંસુધી રાજદ્વારે ચઢું નહીં.
૬૫૦ શ્રીમંતાવસ્થાએ વિ૦ શાળાથી કરૂં.
૬૫૧ નિર્ધનાવસ્થાનો શોક કરૂ નહી.
૬૫૨ પરદુંખે હર્ષ ધરૂં નહીં
૬૫૩ જેમ બને તેમ ધવળ વસ્ત્ર સજું.

૬૫૪ દિવસે તેલ નાંખું નહીં.

૬૫૫ સ્ત્રીએ રાત્રે તેલ નાંખવું નહીં

૬૫૬ પાપપર્વ સેવું નહીં.

૬૫૭ ધર્મી. ગુપ્તશી એક કૃત્ય કરવાનો મનોરથ ધરાવું છું.

૬૫૮ ગાળ સાંભળું પણ ગાળ દઉં નહીં.

૬૫૯ શુકલ એકાંતનું નિરંતર સેવન કરું છું.

૬૬૦ સર્વ ધાક મેળાપમાં જઉં નહીં.

૬૬૧ ઝાડ તળે રાત્રે શયન કરૂં નહીં.

૬૬૨ કૂવા કાંઠે રાત્રે બેસું નહીં

૬૬૩ ઐક્ય નિયમને તોડું નહીં.

૬૬૪ તન, મન, ધન, વચન, અને આત્મ સમર્પણ કરું છું.

૬૬૫ મિથ્યા પરદ્રવ્ય ત્યાગું છું.

૬૬૬ અયોગ્ય શયન ત્યાગું છું.

૬૬૭ અયોગ્ય દાન ત્યાગું છું.
૬૬૮ બુદ્ધિની વૃદ્ધિના નિયમો તજું નહીં.
૬૬૯ દાસત્વ-પરમ-લાભ ત્યાગું છું.
૬૭૦ ધર્મધૂર્ત્તતા ત્યાગું છું
૬૭૧ માયાથી નિવર્તું છું.
૬૭૨ પાપમુક્ત મનોરથ સ્મૃત કરું છું.
૬૭૩ વિદ્યાદાન દેતાં છલ ત્યાગું છું.
૬૭૪ સંતને સંકટ આપું નહીં.
૬૭૫ અજાણ્યાને રસ્તો બતાવું.
૬૭૬ બે ભાવ રાખું નહીં.
૬૭૭ વસ્તુમાં સેળભેળ કરૂ નહી.
૬૭૮ જીવહિંસક વ્યાપાર કરૂં નહીં
૬૭૯ ના કહેલા અથાણાદિક સેવું નહીં.
૬૮૦ એક કુળમાં કન્યા આપું નહીં, લઉં નહીં.
૬૮૧ સામા પક્ષનાં સગાં સ્વધર્મી જ ખોળીશ.
૬૮૨ ધર્મકર્તવ્યમાં ઉત્સાહાદિનો ઉપયોગ કરીશ.

૬૮૩ આજીવિકા અર્થે સામાન્ય પાપ કરતાં પણ કંપતો જઈશ.

૬૮૪ ધર્મમિત્રમા માયા રમું નહીં.

૬૮૫ ચતુર્વર્ણી ધર્મ વ્યવહારમાં ભૂલીશ નહીં.

૬૮૬ સત્યવાદીને સહાયભૂત થઈશ.

૬૮૭ ધૂર્ત્ત ત્યાગને ત્યાગું છું.

૬૮૮ પ્રાણી પર કોપ કરવો નહીં.

૬૮૯ વસ્તુનું તત્ત્વ જાણવું.

૬૯૦ સ્તુતિ, ભક્તિ, નિત્યકર્મ વિસર્જન કરું નહીં.

૬૯૧ અનર્થ પાપ કરું નહી.

૬૯૨ આરંભોપાધિ ત્યાગું છું.

૬૯૩ કુસંગ ત્યાગું છું.

૬૯૪ મોહ ત્યાગું છું.

૬૯૫ દોષનું પ્રાયશ્ચિત્ત કરીશ.

૬૯૬ પ્રાયશ્ચિત્તાહિકની વિસ્મૃતિ નહીં કરું.

૬૯૭ સ્વજન કરતા ધર્મવર્ગ પ્રિય માનીશ.

૬૯૮ તારો ધર્મ ત્રિકરણ શુદ્ધ સેવવામાં પ્રમાદ નહીં કરું.,
૬૯૯
૭૦૦

---

(૩)

## બત્રીસ યોગ

સત્પુરુષો નીચેના બત્રીસ યોગનો સંગ્રહ કરી આત્માને ઉજ્જવળ કરવાનું કહે છે.

*૧ 'શિષ્ય પોતાના જેવો થાય તેને માટે તેને શ્રુતાદિક જ્ઞાન આપવું.'

*૨ 'પોતાના આચાર્યપણાનું જે જ્ઞાન હોય તેનો અન્યને બોધ આપવો અને પ્રકાશ કરવો.'

---

* પાઠા૦ ૧ 'મોક્ષસાધક યોગ માટે શિષ્યે આચાર્ય પાસે આલોચના કરવી.'
૨ 'આચાર્યે આલોચના બીજા પાસે પ્રકાશવી નહીં.'

૩ આપત્તિકાળે પણ ધર્મનું દૃઢપણું ત્યાગવું નહીં.

૪ લોક, પરલોકનાં સુખનાં ફળની વાંછના વિના તપ કરવું.

૫ શિક્ષા મળી તે પ્રમાણે યત્નાથી વર્તવું; અને નવી શિક્ષા વિવેકથી ગ્રહણ કરવી.

૬ મમત્વનો ત્યાગ કરવો.

૭ ગુપ્ત તપ કરવું.

૮ નિર્લોભિતા રાખવી.

૯ પરિષહ ઉપસર્ગને જીતવા.

૧૦ સરળ ચિત્ત રાખવું.

૧૧ આત્મસંયમ શુદ્ધ પાળવો.

૧૨ સમકિત શુદ્ધ રાખવું.

૧૩ ચિત્તની એકાગ્ર સમાધિ રાખવી.

૧૪ કપટરહિત આચાર પાળવો

૧૫ વિનય કરવા યોગ્ય પુરુષોનો યથાયોગ્ય વિનય કરવો.

૧૬ સંતોષથી કરીને તૃષ્ણાની મર્યાદા ટૂંકી કરી નાંખવી

૧૭ વૈરાગ્યભાવનામાં નિમગ્ન રહેવું.

૧૮ માયારહિત વર્તવું.

૧૯ શુદ્ધ કરણીમાં સાવધાન થવું.

૨૦ સમ્વરને આદરવો અને પાપને રોકવાં.

૨૧ પોતાના દોષ સમભાવપૂર્વક ટાળવા.

૨૨ સર્વ પ્રકારના વિષયથી વિરક્ત રહેવું.

૨૩ મૂલ ગુણે પંચમહાવ્રત વિશુદ્ધ પાળવાં.

૨૪ ઉત્તર ગુણે પંચમહાવ્રત વિશુદ્ધ પાળવાં

૨૫ ઉત્સાહપૂર્વક કાયોત્સર્ગ કરવો.

૨૬ પ્રમાદરહિત જ્ઞાન, ધ્યાનમાં પ્રવર્તન કરવું.

૨૭ હંમેશાં આત્મચારિત્રમાં સૂક્ષ્મ ઉપયોગથી વર્તવું.

૨૮ ધ્યાન, જીતેન્દ્રિયતા અર્થે એકાગ્રતાપૂર્વક કરવું.

૨૯ મરણાંત દુઃખથી પણ ભય પામવો નહીં.

૩૦ સ્ત્રીઆદિકના સંગને ત્યાગવો.

૩૧ પ્રાયશ્ચિત્ત વિશુદ્ધિ કરવી
૩૨ મરણકાલે આરાધના કરવી.

એ એકેકો યોગ અમૂલ્ય છે સઘળા સંગ્રહ કરનાર પરિણામે અનત સુખને પામે છે.

વિ૦સં૦ ૧૯૪૧ ચૈત્ર. (મોક્ષમાળા: બાલાવબોધ)

---

(૪)

સ્મૃતિમાં રાખવા યોગ્ય મહા વાક્યો:—

૧ એક ભેદે નિયમ એ જ આ જગતનો પ્રવર્તક છે.
૨ જે મનુષ્ય સત્પુરુષોના ચરિત્રરહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે.
૩ ચચળ ચિત્ત એ જ સર્વ વિષમ દુઃખનું મૂળિયું છે.
૪ ઝાઝાનો મેળાપ અને થોડા સાથે અતિ સમાગમ એ બન્ને સમાન દુખદાયક છે.
૫ સમસ્વભાવીનુ મળવું એને જ્ઞાનીઓ એકાંત કહે છે.

૬ ઇન્દ્રિયો તમને જીતે અને સુખ માનો તે કરતાં તેને તમે જીતવામાં જ સુખ આનંદ અને પરમપદ પ્રાપ્ત કરશો.

૭ રાગ વિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી.

૮ યુવાવયનો સર્વસંગપરિત્યાગ પરમ પદને આપે છે.

૯ તે વસ્તુના વિચારમાં પહોંચો કે જે વસ્તુ અતીંદ્રિય સ્વરૂપ છે.

૧૦ ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ.

---

## (૫)

## વચનામૃત

૧ આ તો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણરાગ, અનુરાગ ઇત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત કારણને લઈને રહ્યા છે.

૨ એકાંત ભાવી કે એકાંત ન્યાયદોષને સન્માન ન આપજો.

૩ કોઈનો પણ સમાગમ કરવો યોગ્ય નથી, છતાં જ્યાં સુધી તેવી દશા ન થાય ત્યાં સુધી સત્પુરુષનો સમાગમ અવશ્ય સેવવો ઘટે છે.

૪ જે કૃત્યમાં પરિણામે દુઃખ છે તેને સન્માન આપતાં પ્રથમ વિચાર કરો.

૫ કોઈને અંતઃકરણ આપશો નહીં, આપો તેનાથી ભિન્નતા રાખશો નહીં; ભિન્નતા રાખો ત્યાં અંતઃકરણ આપ્યું તે ન આપ્યા સમાન છે

૬ એક ભોગ ભોગવે છે છતાં કર્મની વૃદ્ધિ નથી કરતો, અને એક ભોગ નથી ભોગવતો છતાં કર્મની વૃદ્ધિ કરે છે; એ આશ્ચર્યકારક પણ સમજવા યોગ્ય કથન છે.

૭ યોગાનુયોગે બનેલું કૃત્ય બહુ સિદ્ધિને આપે છે.

૮ આપણે જેનાથી પટંતર પામ્યા તેને સર્વસ્વ અર્પણ કરતાં અટકશો નહીં.

૯ તો જ લોકાપવાદ સહન કરવા કે જેથી તે જ લોકો પોતે કરેલા અપવાદનો પુનઃ પશ્ચાત્તાપ કરે.

૧૦ હજારો ઉપદેશવચનો, કથન સાંભળવા કરતાં તેમાંનાં થોડાં વચનો પણ વિચારવાં તે વિશેષ કલ્યાણકારી છે.

૧૧ નિયમથી કરેલું કામ ત્વરાથી થાય છે, ધારેલી સિદ્ધિ આપે છે; આનંદના કારણરૂપ થઈ પડે છે.

૧૨ જ્ઞાનીઓએ એકત્ર કરેલા અદ્ભુત નિધિના ઉપભોગી થાઓ

૧૩ સ્ત્રીજાતિમાં જેટલું માયાકપટ છે તેટલું ભોળ-પણું પણ છે.

૧૪ પઠન કરવા કરતાં મનન કરવા ભણી બહુ લક્ષ આપજો.

૧૫ મહાપુરુષના આચરણ જોવા કરતાં તેનુ અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે.

૧૬ વચનસપ્તશતી પુનઃ પુનઃ સ્મરણમાં રાખો.

૧૭ મહાત્મા થવું હોય તો ઉપકારબુદ્ધિ રાખો; સત્પુરુષના સમાગમમાં રહો; આહાર, વિહારાદિમાં અલુબ્ધ અને નિયમિત રહો; સત્શાસ્ત્રનું મનન કરો; ઊંચી શ્રેણિમાં લક્ષ રાખો.

૧૮ એ એક ન હોય તો સમજીને આનંદ રાખતાં શીખો.

૧૯ વર્તનમાં બાલક થાઓ, સત્યમાં યુવાન થાઓ, જ્ઞાનમાં વૃદ્ધ થાઓ.

૨૦ રાગ કરવો નહીં, કરવો તો સત્પુરુષ પર કરવો; દ્વેષ કરવો નહીં, કરવો તો કુશીલ પર કરવો.

૨૧ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો.

૨૨ મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું.

૨૩ આ સંસારને શું કરવો? અનંત વાર થયેલી માને આજે સ્ત્રીરૂપે ભોગવીએ છીએ.

૨૪ નિર્ગ્રંથતા ધારણ કરતાં પહેલાં પૂર્ણ વિચાર કરજો; એ લઈને ખામી આણવા કરતાં અલ્પારંભી થજો

૨૫ સમર્થ પુરુષો કલ્યાણનું સ્વરૂપ પોકારી પોકારીને કહી ગયા; પણ કોઈ વિરલાને જ તે યથાર્થ સમજાયું.

૨૬ સ્ત્રીના સ્વરૂપ પર મોહ થતો અટકાવવાને વગર ત્વચાનું તેનું રૂપ વારંવાર ચિંતવવા યોગ્ય છે.

૨૭ કુપાત્ર પણ સત્પુરુષના મૂકેલા હસ્તથી પાત્ર થાય છે, જેમ છાશથી શુદ્ધ થયેલો સોમલ શરીરને નીરોગી કરે છે.

૨૮ આત્માનું સત્ય સ્વરૂપ એક શુદ્ધ સચ્ચિદાનંદમય છે; છતાં ભ્રાંતિથી ભિન્ન ભાસે છે, જેમ ત્રાસી આંખ કરવાથી ચંદ્ર બે દેખાય છે.

૨૯ યથાર્થ વચન ગ્રહવામાં દંભ રાખશો નહીં કે આપનારનો ઉપકાર ઓળવશો નહીં

૩૦ અમે બહુ વિચાર કરીને આ મૂળતત્ત્વ શોધ્યું
છે કે,–ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમા નથી.

૩૧ રડાવીને પણ બચ્ચાંના હાથમાં રહેલો સોમલ
લઈ લેવો.

૩૨ નિર્મળ અંતઃકરણથી આત્માનો વિચાર કરવા
યોગ્ય છે.

૩૩ જ્યાં 'હું' માને છે ત્યાં 'તું' નથી; જ્યાં
'તું' માને છે ત્યાં 'તું' નથી.

૩૪ હે જીવ! હવે ભોગથી શાંત થા, શાંત વિચાર
તો ખરો કે એમાં કયું સુખ છે?

૩૫ બહુ કંટાળીને સંસારમા રહીશ નહીં.

૩૬ સતજ્ઞાન અને સતશીલને સાથે દોરજે.

૩૭ એકથી મૈત્રી કરીશ નહીં, કર તો આખા
જગતથી કરજે

૩૮ મહા સૌંદર્યથી ભરેલી દેવાંગનાના ક્રીડાવિલાસ
નિરીક્ષણ કરતા છતાં જેના અંતઃકરણમાં કામથી

વિશેષ વિશેષ વિરાગ છૂટે છે તેને ધન્ય છે, તેને ત્રિકાળ નમસ્કાર છે.

૩૯ ભોગના વખતમાં યોગ સાંભરે એ હળુકર્મીનું લક્ષણ છે.

૪૦ આટલું હોય તો હું મોક્ષની ઇચ્છા કરતો નથી; આખી સૃષ્ટિ સત્‌શીલને સેવે, નિયમિત આયુષ્ય, નીરોગી શરીર, અચળ પ્રેમી પ્રેમદા, આજ્ઞાંકિત અનુચર, કુળદીપક પુત્ર, જીવનપર્યંત બાલ્યાવસ્થા, આત્મતત્ત્વનું ચિંતવન.

૪૧ એમ કોઈ કાળે થવાનું નથી, માટે હું તો મોક્ષને જ ઇચ્છું છું.

૪૨ સૃષ્ટિ સર્વ અપેક્ષાએ અમર થશે?

૪૩ કોઈ અપેક્ષાએ હું એમ કહું છું કે સૃષ્ટિ મારા હાથથી ચાલતી હોત તો બહુ વિવેકી ધોરણથી પરમાનંદમાં વિરાજમાન હોત.

૪૪ શુક્લ નિર્જનાવસ્થાને હું બહુ માન્ય કરું છું.

૪૫ સૃષ્ટિલીલામાં શાંતભાવથી તપશ્ચર્યા કરવી એ પણ ઉત્તમ છે.

૪૬ એકાંતિક કથન કથનાર જ્ઞાની ન કહી શકાય.

૪૭ શુકલ અંતઃકરણ વિના મારાં કથનને કોણ દાદ આપશે ?

૪૮ જ્ઞાતપુત્ર ભગવાનના કથનની જ બલિહારી છે

૪૯ હું તમારી મૂર્ખતા પર હસું છું કે—નથી જાણતા ગુપ્ત ચમત્કારને છતાં ગુરુપદ પ્રાપ્ત કરવા મારી પાસે કાં પધારો ?

૫૦ અહો ! મને તો કૃતઘ્ની જ મળતા જણાય છે, આ કેવી વિચિત્રતા છે !

૫૧ મારા પર કોઈ રાગ કરો તેથી હું રાજી નથી, પરંતુ કંટાળો આપશો તો હું સ્તબ્ધ થઈ જઈશ અને એ મને પોપાશે પણ નહીં

૫૨ હું કહું છું એમ કોઈ કરશો ? મારું કહેલું સઘળું માન્ય રાખશો ? મારા કહેલાં ધાકડે ધાકડ પણ અંગીકૃત કરશો ? હા હોય તો જ હે સત્પુરુષ ! તું મારી ઇચ્છા કરજે.

૫૩ સંસારી જીવોએ પોતાના લાભને માટે દ્રવ્ય-રૂપે મને હસતો રમતો મનુષ્ય લીલામય કર્યો!

૫૪ દેવદેવીની તુષ્ટમાનતાને શું કરીશું? જગતની તુષ્ટમાનતાને શું કરીશું? તુષ્ટમાનતા સત્પુરુષની ઇચ્છો.

૫૫ હું સચ્ચિદાનંદ પરમાત્મા છું.

૫૬ એમ સમજો કે તમે તમારા આત્માના હિત માટે પરવરવાની અભિલાષા રાખતા છતાં એથી નિરાશા પ્રાપ્ત થઈ, તો તે પણ તમારું આત્મ-હિત જ છે.

૫૭ તમારા શુભ વિચારમાં પાર પડો; નહીં તો સ્થિર ચિત્તથી પાર પડયા છો એમ સમજો.

૫૮ જ્ઞાનીઓ અંતરંગ ખેદ અને હર્ષથી રહિત હોય છે.

૫૯ જ્યાં સુધી તે તત્ત્વની પ્રાપ્તિ નહીં થાય ત્યાં સુધી મોક્ષની તાત્પર્યતા મળી નથી.

૬૦ નિયમ પાળવાનું દૃઢ કરતાં છતાં નથી પળાતો એ પૂર્વકર્મનો જ દોષ છે. એમ જ્ઞાનીઓનું કહેવું છે.

૬૧ સંસારરૂપી કુટુંબને ઘેર આપણો આત્મા પરોણા દાખલ છે.

૬૨ એ જ ભાગ્યશાળી કે જે દુર્ભાગ્યશાળીની દયા ખાય છે.

૬૩ શુભદ્રવ્ય એ શુભ ભાવનું નિમિત્ત મહર્ષિઓ કહે છે.

૬૪ સ્થિર ચિત્ત કરીને ધર્મ અને શુકલ ધ્યાનમાં પ્રવૃત્તિ કરો.

૬૫ પરિગ્રહની મૂર્ચ્છા પાપનુ મૂળ છે.

૬૬ જે કૃત્ય કરવા વખતે વ્યામોહસંયુક્ત ખેદમાં છો, અને પરિણામે પણ પસ્તાઓ છો, તો તે કૃત્યને પૂર્વકર્મનો દોષ જ્ઞાનીઓ કહે છે.

૬૭ જડભરત અને જનક વિદેહીની દશા મને પ્રાપ્ત થાઓ.

૬૮ સત્પુરુષના અંતઃકરણે આચાર્યો કિવા કહ્યો તે ધર્મ.

૬૯ અંતરંગ મોહગ્રંથી જેની ગઈ તે પરમાત્મા છે.

૭૦ વ્રત લઈને ઉલ્લાસિત પરિણામે ભાંગશો નહીં.

૭૧ એકનિષ્ઠાએ જ્ઞાનીની આજ્ઞા આરાધતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.

૭૨ ક્રિયા એ કર્મ, ઉપયોગ એ ધર્મ, પરિણામ એ બંધ, ભ્રમ એ મિથ્યાત્વ, બ્રહ્મ તે આત્મા અને શંકા એ જ શલ્ય છે. શોકને સંભારવો નહીં; આ ઉત્તમ વસ્તુ જ્ઞાનીઓએ મને આપી.

૭૩ જગત્ જેમ છે તેમ તત્ત્વજ્ઞાનની દષ્ટિએ જુઓ.

૭૪ શ્રી ગૌતમને ચાર વેદ પઠન કરેલા જોવાને શ્રીમદ મહાવીર સ્વામીએ સમ્યક્નેત્ર આપ્યા હતાં.

૭૫ ભગવતીમાં કહેલી પુદ્ગલ નામના પરિવ્રાજકની કથા તત્ત્વજ્ઞાનીઓનું કહેલું સુંદર રહસ્ય છે

૭૬ વીરનાં કહેલાં શાસ્ત્રમાં સોનેરી વચનો છૂટક છૂટક અને ગુપ્ત છે

૭૭ સમ્યક્નેત્ર પામીને તમે ગમે તે ધર્મશાસ્ત્ર વિચારો તો પણ આત્મહિત પ્રાપ્ત થશે

૭૮ કુદરત, આ તારો પ્રબળ અન્યાય છે કે મારી ધારેલી નીતિએ મારો કાલ વ્યતીત કરાવતી નથી। ( કુદરત તે પૂર્વિતકર્મ. )

૭૯ માણસ પરમેશ્વર થાય છે એમ જ્ઞાનીઓ કહે છે.

૮૦ ઉત્તરાધ્યયન નામનું જૈનસૂત્ર તત્ત્વદૃષ્ટિએ પુનઃ પુનઃ અવલોકો.

૮૧ જીવતાં મરાય તો ફરી ન મરવું પડે એવું મરણ ઇચ્છવાયોગ્ય છે

૮૨ કૃતઘ્નતા જેવો એક્કે મહાદોષ મને લાગતો નથી.

૮૩ જગતમા માન ન હોત તો અહીં જ મોક્ષ હોત।

૮૪ વસ્તુને વસ્તુગતે જુઓ.

૮૫ ધર્મનું મૂળ વિ૦ છે.
૮૬ તેનું નામ વિદ્યા કે જેનાથી અવિદ્યા પ્રાપ્ત ન થાય.
૮૭ વીરના એક વાક્યને પણ સમજો.
૮૮ અહંપદ. કૃતઘ્નતા, ઉત્સૂત્રપ્રરૂપણા, અવિવેકધર્મ એ માઠી ગતિનાં લક્ષણો છે.
૮૯ સ્ત્રીનું કોઈ અંગ લેશમાત્ર સુખદાયક નથી છતાં મારો દેહ ભોગવે છે.
૯૦ દેહ અને દેહાર્થમમત્વ એ મિથ્યાત્વલક્ષણ છે.
૯૧ અભિનિવેશના ઉદયમાં ઉત્સૂત્રપ્રરૂપણા ન થાય તેને હું મહાભાગ્ય, જ્ઞાનીઓના કહેવાથી કહું છું.
૯૨ સ્યાદ્‌વાદ શૈલીએ જોતાં કોઈ મત અસત્ય નથી.
૯૩ સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.
૯૪ અભિનિવેશ જેવું એકે પાખંડ નથી.
૯૫ આ કાળમાં આટલું વધ્યું : ઝાઝા મત, ઝાઝા

તત્ત્વજ્ઞાનીઓ, ઝાઝી માયા અને ઝાઝો પરિગ્રહવિશેષ.

૯૬ તત્ત્વાભિલાષાથી મને પૂછો તો હું તમને નિરાગી ધર્મ બોધી શકું ખરો.

૯૭ આખા જગતના શિષ્ય થવારૂપ દૃષ્ટિ જેણે વેદી નથી તે સદ્‌ગુરુ થવાને યોગ્ય નથી.

૯૮ કોઈ પણ શુદ્ધાશુદ્ધ ધર્મકરણી કરતો હોય તો તેને કરવા દો.

૯૯ આત્માનો ધર્મ આત્મામાં જ છે.

૧૦૦ મારા પર સઘળા સરળ ભાવથી હુકમ ચલાવો તો હું રાજી છું.

૧૦૧ હું સંસારથી લેશ પણ રાગસયુક્ત નથી છતાં તેને જ ભોગવું છું; કાંઈ મેં ત્યાગ્યું નથી.

૧૦૨ નિર્વિકારી દશાથી મને એકલો રહેવા દો.

૧૦૩ મહાવીરે જે જ્ઞાનથી આ જગતને જોયું છે તે જ્ઞાન સર્વ આત્મામાં છે, પણ આવિર્ભાવ કરવું જોઈએ.

૧૦૪ બહુ છકી જાઓ તો પણ મહાવીરની આજ્ઞા તોડશો નહીં. ગમે તેવી શંકા થાય તો પણ મારી વતી વીરને નિઃશંક ગણજો.

૧૦૫ પાર્શ્વનાથ સ્વામીનું ધ્યાન યોગીઓએ અવશ્ય સ્મરવું જોઈએ છે. નિઃ૦—એ નાગની છત્રછાયા વેળાનો પાર્શ્વનાથ ઓર હતો!

૧૦૬ ગજસુકુમારની ક્ષમા અને રાજેમતી રહનેમીને બોધે છે તે બોધ મને પ્રાપ્ત થાઓ.

૧૦૭ ભોગ ભોગવતાં સુધી (જ્યાં સુધી તે કર્મ છે ત્યાં સુધી) મને યોગ જ પ્રાપ્ત રહો!

૧૦૮ સર્વ શાસ્ત્રનું એક તત્ત્વ મને મળ્યું છે એમ કહું તો મારું અહંપદ નથી.

૧૦૯ ન્યાય મને બહુ પ્રિય છે. વીરની શૈલી એ જ ન્યાય છે, સમજવું દુર્લભ છે.

૧૧૦ પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ એ જ સમ્યગ્દર્શન છે.

૧૧૧ ભર્તૃહરિએ કહેલો ત્યાગ વિશુદ્ધ બુદ્ધિથી

વિચારતાં ઘણી ઊર્ધ્વજ્ઞાનદશા થતાં સુધી વર્તે છે.

૧૧૨ કોઈ ધર્મથી હું વિરુદ્ધ નથી, સર્વ ધર્મ હું પાળું છું. તમે સઘળા ધર્મથી વિરુદ્ધ છો એમ કહેવામાં મારો ઉત્તમ હેતુ છે.

૧૧૩ તમારો માનેલો ધર્મ મને કયા પ્રમાણથી બોધો છો તે મારે જાણવું જરૂરનું છે.

૧૧૪ શિથિલ બંધ દૃષ્ટિથી નીચે આવીને જ વિખેરાઈ જાય (—જો નિર્જરામાં આવે તો.)

૧૧૫ કોઈપણ શાસ્ત્રમાં મને શંકા ન હો.

૧૧૬ દુઃખના માર્યા વૈરાગ્ય લઈ જગતને આ લોકો ભ્રમાવે છે.

૧૧૭ અત્યારે હું કોણ છું એનું મને પૂર્ણ ભાન નથી.

૧૧૮ તું સત્પુરુષનો શિષ્ય છે.

૧૧૯ એ જ મારી આકાંક્ષા છે

૧૨૦ મને કોઈ ગજસુકુમાર જેવો વખત આવો.

૧૨૧ કોઈ રાજેમતી જેવો વખત આવો.

૧૨૨ સત્પુરુષો કહેતા નથી, કરતા નથી; છતાં તેની સત્પુરુષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.

૧૨૩ સંસ્થાનવિચયધ્યાન પૂર્વધારીઓને પ્રાપ્ત થતું હશે એમ માનવું યોગ્ય લાગે છે, તમે પણ તેને ધ્યાવન કરો.

૧૨૪ આત્મા જેવો કોઈ દેવ નથી.

૧૨૫ કોણ ભાગ્યશાળી? "અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કે વિરતિ?"

૧૨૬ કોઈની આજીવિકા તોડશો નહીં.

વિ૦ સં૦ ૧૯૪૩, કાર્તિક.

---

( ૬ )

## થોડાં વાક્યો

૧ વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેંદ્રિય-

પણ આટલા ગુણો જે આત્મામાં હોય, તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે.

૨ જગતમાં નિરાગીત્વ, વિનયતા અને સત્પુરુષની આજ્ઞા એ નહીં મળવાથી આ આત્મા અનાદિકાળથી રખડયો; પણ નિરુપાયતા થઈ તે થઈ. હવે આપણે પુરુષાર્થ કરવો ઉચિત છે. જય થાઓ !

૩ પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે; પણ તે ધ્યાવન, આત્મા સત્પુરુષના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શકતો નથી. એ નિર્ગ્રંથ ભગવાનનું સર્વોત્કૃષ્ટ વચનામૃત છે.

૪ બાહ્યભાવે જગતમાં વર્તો અને અંતરંગમાં એકાંત શીતળીભૂત–નિર્લેપ રહો, એ જ માન્યતા અને બોધના છે.

૫ ઇચ્છા વગરનું કોઈ પ્રાણી નથી. વિવિધ આશાથી તેમાં પણ મનુષ્યપ્રાણી રોકાયેલું છે. ઇચ્છા,

આશા જ્યાં સુધી અતૃપ્ત છે, ત્યાં સુધી તે પ્રાણી અધોવૃત્તિવત્ છે. ઈચ્છા જયવાળું પ્રાણી ઊર્ધ્વગામીવત્ છે.

૬ તેને મોહ શો, અને તેને શોક શો ? – કે જે સર્વત્ર એકત્વ–(પરમાત્મસ્વરૂપ) ને જ જુએ છે.

૭ તૃપાતુરને પાવાની મહેનત કરજો. અતૃપાતુરને તૃપાતુર થવાની જિજ્ઞાસા પેદા કરજો. જેને તે પેદા ન થાય તેવું હોય, તેને માટે ઉદાસીન રહેજો.

૮ દૃષ્ટિવિષ ગયા પછી ગમે તે શાસ્ત્ર, ગમે તે અક્ષર, ગમે તે કથન, ગમે તે સ્થળ પ્રાયે અ-હિતનું કારણ થતું નથી.

૯ જીવને જ્યાં સુધી સંતનો જોગ ન થાય ત્યાં સુધી મતમતાંતરમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે.

૧૦ ગમે તેટલી વિપત્તિઓ પડે, તથાપિ જ્ઞાની દ્વારા સાંસારિક ફળની ઇચ્છા કરવી યોગ્ય નથી.

૧૧ જેની પ્રાપ્તિ પછી અનંતકાળનું યાચકપણું મટી સર્વ કાળને માટે અયાચકપણું પ્રાપ્ત હોય છે એવો જો કોઈ હોય તે તરણતારણ જાણીએ છીએ, તેને ભજો.

૧૨ સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનકરૂપ આ સંસારને વિષે માત્ર એક વૈરાગ્ય જ અભય છે.

૧૩ જેને મૃત્યુની સાથે મિત્રતા હોય અથવા જે મૃત્યુથી ભાગી છૂટી શકે એમ હોય અથવા હું નહીં જ મરું એમ જેને નિશ્ચય હોય તે ભલે સુખે સૂવે–(શ્રી તીર્થંકર–છ જીવ નિકાય અધ્યયન

૧૪ વિષમ ભાવનાં નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયા છતાં જે જ્ઞાનીપુરુષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્તે છે; અને ભવિષ્ય કાળે વર્તે તે સર્વને વારંવાર નમસ્કાર!

૧૫ પરમભક્તિથી સ્તુતિ કરનાર પ્રત્યે પણ જેને રાગ નથી અને પરમદ્વેષથી પરિષહ–ઉપસર્ગ કરનાર

પ્રત્યે પણ જેને દ્વેષ નથી. તે પુરુષરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર !

૧૬ જેને કોઇ પણ પ્રત્યે રાગદ્વેષ રહ્યા નથી તે મહાત્માને વારંવાર નમસ્કાર!

૧૭ વીતરાગ પુરુષના સમાગમ વિના, ઉપાસના વિના, આ જીવને મુમુક્ષુતા કેમ ઉત્પન્ન થાય? સમ્યક્જ્ઞાન ક્યાંથી થાય? સમ્યગ્દર્શન ક્યાંથી થાય? સમ્યક્ચારિત્ર ક્યાંથી થાય? કેમકે એ ત્રણે વસ્તુ અન્ય સ્થાનકે હોતી નથી.

---

## ( ૭ )

૧ પ્રમાદને લીધે આત્મા મળેલું સ્વરૂપ ભૂલી જાય છે.

૨ જે જે કાળે જે જે કરવાનું છે તેને સદા ઉપયોગમાં રાખ્યા રહો.

૩ ક્રમે કરીને પછી તેની સિદ્ધિ કરો.

૪ અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા,

નિયમિત વાચા, નિયમિત કાયા અને અનુકૂળ સ્થાન એ મનને વશ કરવાના ઉત્તમ સાધનો છે.

૫ શ્રેષ્ઠ વસ્તુની જિજ્ઞાસા કરવી એ જ આત્માની શ્રેષ્ઠતા છે. કદાપિ તે જિજ્ઞાસા પાર ન પડી તો પણ જિજ્ઞાસા તે પણ તે જ અંશવત્ છે.

૬ નવાં કર્મ બાંધવાં નહીં અને જૂનાં ભોગવી લેવાં, એવી જેની અચળ જિજ્ઞાસા છે તે, તે પ્રમાણે વર્તી શકે છે

૭ જે કૃત્યનુ પરિણામ ધર્મ નથી, તે કૃત્ય મૂળથી જ કરવાની ઇચ્છા રહેવા દેવી જોઈતી નથી.

૮ મન જો શંકાશીલ થઈ ગયું હોય તો 'દ્રવ્યાનુયોગ' વિચારવો યોગ્ય છે; પ્રમાદી થઈ ગયું હોય તો 'ચરણકરણાનુયોગ' વિચારવો યોગ્ય છે અને કષાયી થઈ ગયું હોય તો 'ધર્મકથાનુયોગ' વિચારવો યોગ્ય છે; જડ થઈ ગયું હોય તો 'ગણિતાનુયોગ' વિચારવો યોગ્ય છે.

૯ કોઈ પણ કામની નિરાશા ઇચ્છવી; પરિણામે પછી જેટલી સિદ્ધ થઈ તેટલો લાભ. આમ કરવાથી સંતોષી રહેવાશે.

૧૦ પૃથ્વી સંબંધી ક્લેશ થાય તો એમ સમજી લેજે કે તે સાથે આવવાની નથી; ઊલટો હું તેને દેહ આપી જવાનો છું; વળી તે કંઈ મૂલ્યવાન નથી. સ્ત્રી સંબંધી ક્લેશ, શંકા-ભાવ થાય તો આમ સમજી અન્ય ભોક્તા પ્રત્યે હસજે કે મળમૂત્રની ખાણમાં મોહી પડ્યો (જે વસ્તુનો આપણે નિત્ય ત્યાગ કરીએ છીએ તેમાં!). ધન સંબંધી નિરાશા કે ક્લેશ થાય તો તે ઊંચી જાતના કાંકરા છે એમ સમજી સંતોષ રાખજે; ક્રમે કરીને તો તું નિઃસ્પૃહી થઈ શકીશ.

૧૧ તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય

૧૨ એક વાર જો સમાધિમરણ થયું તો સર્વ કાળનાં અસમાધિમરણ ટળશે.

૧૩ સર્વોત્તમ પદ સર્વત્યાગીનું છે.

કારતક, ૧૯૪૩.

---

(૮)

સત્પુરુષોને નમસ્કાર

અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ એ ચાર તથા મિથ્યાત્વમોહિની, મિશ્રમોહિની, સમ્યક્ત્વમોહિની એ ત્રણ એમ એ સાત પ્રકૃતિ જ્યાં સુધી ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય થતી નથી ત્યાં સુધી સમ્યક્દૃષ્ટિ થવું સંભવતું નથી. એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે તેમ તેમ સમ્યક્ત્વનો ઉદય થાય છે. તે પ્રકૃતિઓની ગ્રંથિ છેદવી પરમ દુર્લભ છે. જેની તે ગ્રંથિ છેદાઈ તેને આત્મા હસ્તગત થવો સુલભ

છે. તત્ત્વજ્ઞાનીઓએ એ જ ગ્રંથિને ભેદવાનો ફરી ફરીને બોધ કર્યો છે. જે આત્મા અપ્રમાદપણે તે ભેદવા ભણી દૃષ્ટિ આપશે તે આત્મા આત્મત્વને પામશે એ નિઃસંદેહ છે.

સદ્‌ગુરુના ઉપદેશ વિના અને જીવની સત્પાત્રતા વિના એમ થવું અટક્યુ છે. તેની પ્રાપ્તિ કરીને સંસારતાપથી અત્યંત તપાયમાન આત્માને શીતળ કરવો એ જ કૃતકૃત્યતા છે.

"ધર્મ" એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર્-સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. જે અંતર્‌સંશોધન કોઈક મહાભાગ્ય સદ્‌ગુરુ-અનુગ્રહે પામે છે.

એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહી વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે.

સ્યાત્‌પદ આ વાત પણ માન્ય છે કે બનનાર છે તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી.

તો પછી ધર્મપ્રયત્નમાં, આત્મિકહિતમાં અન્ય ઉપાધિને આધીન થઈ પ્રમાદ શું ધારણ કરવો? આમ છે છતાં દેશ, કાળ, પાત્ર, ભાવ, જોવાં જોઈએ

સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

પ્રણામ—નિરાગ શ્રેણી સમુચ્ચયે.

વવા૦ મહા સુદ ૧૪, બુધ, ૧૯૪૫.

---

(૯)

નીચેના દોષ ન આવવા જોઈએ :—

૧ કોઈથી મહા વિશ્વાસઘાત.

૨ મિત્રથી વિશ્વાસઘાત.

૩ કોઈની થાપણ ઓળવવી.

૪ વ્યસનનું સેવવું.

૫ મિથ્યા આળનું મૂકવું.

૬ ખોટા લેખ કરવા.

૭ હિસાબમાં ચૂકવવું.

૮ જુલમી ભાવ કહેવો.

૯ નિર્દોષને અલ્પ પણ માયાથી છેતરવો.
૧૦ ન્યૂનાધિક તોલી આપવું.
૧૧ એકને બદલે બીજું અથવા મિશ્ર કરીને આપવું.
૧૨ કર્માદાની ધંધો
૧૩ લાંચ કે અદત્તાદાન.

એ વારેથી કંઈ પણ રળવું નહીં. એ જાણે સામાન્ય વ્યવહારશુદ્ધિ ઉપજીવન અર્થે કહી ગયો.
(અપૂર્ણ) વવા૦ મહા ૧૯૪૫

---

(૧૦)

કર્મ એ જડવસ્તુ છે. જે જે આત્માને એ જડથી જેટલો જેટલો આત્મબુદ્ધિએ સમાગમ છે, તેટલી તેટલી જડતાની એટલે અબોધતાની તે આત્માને પ્રાપ્તિ હોય, એમ અનુભવ થાય છે, આશ્ચર્યતા છે પોતે જડ છતાં ચેતનને અચેતન મનાવી રહ્યાં છે! ચેતન ચેતનભાવ ભૂલી જઈ તેને સ્વસ્વરૂપ જ માને છે! જે પુરુષો તે કર્મસંયોગ અને તેના ઉદયે ઉત્પન્ન થયેલા

પર્યાયોને સ્વસ્વરૂપ નથી માનતા અને પૂર્વસંયોગો સત્તામાં છે, તેને અબંધ પરિણામે ભોગવી રહ્યા છે, તે આત્માઓ સ્વભાવની ઉત્તરોત્તર ઊર્ધ્વશ્રેણી પામી શુદ્ધ ચેતનભાવને પામશે, આમ કહેવું સપ્રમાણ છે. કારણ અતીત કાળે તેમ થયુ છે, વર્તમાન કાળે તેમ થાય છે, અનાગત કાળે તેમજ થશે.

કોઈ પણ આત્મા ઉદયી કર્મને ભોગવતાં સમત્વશ્રેણીમાં પ્રવેશ કરી અબંધ પરિણામે વર્તશે, તો ખચીત ચેતનશુદ્ધિ પામશે.

આત્મા વિનયી થઈ, સરળ અને લઘુત્વભાવ પામી સદૈવ સત્પુરુષના ચરણકમળ પ્રતિ રહ્યો, તો જે મહાત્માઓને નમસ્કાર કર્યો છે તે મહાત્માઓની જે જાતિની રિદ્ધિ છે, તે જાતિની રિદ્ધિ સંપ્રાપ્ય કરી શકાય.

અનંતકાળમાં કાં તો સત્પાત્રતા થઈ નથી અને કાં તો સત્પુરુષ (જેમાં સદ્‌ગુરુત્વ, સત્સંગ અને સત્કથા

એ રહ્યાં છે) મળ્યા નથી; નહીં તો નિશ્ચય છે કે મોક્ષ હથેળીમાં છે, ઈપત્પ્રાગ્ભારા એટલે સિદ્ધ-પૃથ્વી પર ત્યારપછી છે. એને સર્વશાસ્ત્ર પણ સંમત છે (મનન કરશો.) અને આ કથન ત્રિકાળ સિદ્ધ છે.

વવાણિયા, ફાલ્ગુન સુદ ૯, ૧૯૪૫.

---

## (૧૧)

કર્મગતિ વિચિત્ર છે. નિરંતર મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા ભાવના રાખશો.

મૈત્રી એટલે સર્વ જગતથી નિર્વૈરબુદ્ધિ, પ્રમોદ એટલે કોઇપણ આત્માના ગુણ જોઈ હર્ષ પામવો, કરુણા એટલે સંસારતાપથી દુઃખી આત્માના દુઃખથી અનુકંપા પામવી અને ઉપેક્ષા એટલે નિઃસ્પૃહ ભાવે જગતના પ્રતિબંધને વિસારી આત્મહિતમાં આવવું. એ ભાવનાઓ કલ્યાણમય અને પાત્રતા આપનારી છે.

મોરબી, ચૈત્ર વદ ૯, ૧૯૪૫.

---

બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી, અને સાંભળ્યામાં નથી છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી.

અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવપ્રવચન પ્રમાણિક ગણ.

એક સત્પુરુષને રાજી કરવામાં તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.

આસો વદી ૧૦, શનિ, ૧૯૪૫, મોહમયી.

---

(૧૩)

નિરાબાધપણે જેની મનોવૃત્તિ વહ્યા કરે છે; સંકલ્પ-વિકલ્પની મંદતા જેને થઈ છે; પંચવિષયથી વિરક્તબુદ્ધિના અંકુરો જેને ફૂટ્યા છે; ક્લેશનાં કારણ જેણે નિર્મૂળ કર્યાં છે; અનેકાંત દૃષ્ટિયુક્ત એકાંતદૃષ્ટિને જે સેવ્યા કરે છે; જેની માત્ર એક શુદ્ધ વૃત્તિ જ છે; તે પ્રતાપી પુરુષ જયવાન વર્તો.

આપણે તેવા થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

વિ. સં. ૧૯૪૫.

---

(૧૪)

ભાઈ, આટલું તારે અવશ્ય કરવા જેવું છે:—

૧ દેહમાં વિચાર કરનાર બેઠો છે તે દેહથી ભિન્ન છે? તે સુખી છે કે દુઃખી? એ સંભારી લે.

૨ દુઃખ લાગશે જ, અને દુઃખનાં કારણો પણ તને દૃષ્ટિગોચર થશે. તેમ છતાં કદાપિ ન

થાય તો મારા૦ કોઈ ભાગને વાંચી જા, એટલે સિદ્ધ થશે. તે ટાળવા માટે જે ઉપાય છે તે એટલો જ કે તેથી બાહ્યાભ્યંતર રહિત થવું.

૩ રહિત થવાય છે, ઓર દશા અનુભવાય છે એ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું

૪ તે સાધન માટે સર્વસંગપરિત્યાગી થવાની આવશ્યકતા છેઃ નિર્ગ્રંથ સદ્‌ગુરુના ચરણમાં જઈને પડવું યોગ્ય છે.

૫ જેવા ભાવથી પડાય તેવા ભાવથી સર્વકાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી લે. જો તને પૂર્વકર્મ બળવાન લાગતા હોય તો અત્યાગી, દેશત્યાગી રહીને પણ તે વસ્તુને વિસારીશ નહીં.

૬ પ્રથમ ગમે તેમ કરી તું તારું જીવન જાણ. જાણવુ શા માટે કે ભવિષ્યસમાધિ થવા. અત્યારે અપ્રમાદી થવું

૭ તે આયુષ્યનો માનસિક આત્મોપયોગ તો નિર્વેદમાં રાખ.

૮ જીવન બહુ ટૂંકું છે, ઉપાધિ બહુ છે અને ત્યાગ થઈ શકે તેમ નથી તો નીચેની વાત પુનઃ પુનઃ લક્ષમાં રાખ.

૧ જિજ્ઞાસા તે વસ્તુની રાખવી.

૨ સંસારને બંધન માનવું.

૩ પૂર્વકર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો તેમ છતાં પૂર્વકર્મ નડે તો શોક કરવો નહીં.

૪ દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે.

૫ ન ચાલે તો પ્રતિશ્રોતી થા.

૬ જેમાંથી જેટલું થાય તેટલું કર

૭ પરિણામિક વિચારવાળો થા.

૮ અનુત્તરવાસી થઈને વર્ત.

૯ છેવટનું સમયે સમયે ચૂકીશ નહીં. એ જ ભલામણ અને એ જ ધર્મ.

સું. વિ. સં. ૧૯૪૬.

---

(૧૫)

સમજીને અલ્પભાષી થનારને પશ્ચાત્તાપ કરવાનો થોડો જ અવસર સંભવે છે.

હે નાથ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો તે વખતે સમ્મત કરત; પણ જગતની મોહિની સમ્મત થતી નથી.

પૂર્વનાં અશુભ કર્મ ઉદય આવ્યે વેદતાં જો શોચ કરો છો તો હવે એ પણ ધ્યાન રાખો કે નવાં બાંધતાં પરિણામે તેવાં તો બંધાતાં નથી?

આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.

જેટલા પોતાની પુદ્ગલિક મોટાઈ ઇચ્છે છે તેટલા હલકા સંભવે.

પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો; તેનું સ્મરણ કરો; ગુણચિંતન કરો.

મું. વિ. સં. ૧૯૪૬.

---

(૧૬)

સહજ

જે પુરુષ આ ગ્રંથમાં સહજ નોંધ કરે છે, તે પુરુષ માટે પ્રથમ સહજ તે જ પુરુષ લખે છે.

તેની હમણાં એવી દશા અંતરંગમાં રહી છે કે કંઈક વિના સર્વ સંસારી ઇચ્છાની પણ તેણે વિસ્મૃતિ કરી નાંખી છે.

તે કંઈક પામ્યો પણ છે, અને પૂર્ણનો પરમ મુમુક્ષુ છે, છેલ્લા માર્ગનો નિઃશંક જિજ્ઞાસુ છે.

હમણાં જે આવરણો તેને ઉદય આવ્યાં છે, તે આવરણોથી એને ખેદ નથી, પરંતુ વસ્તુભાવમાં થતી મંદતાનો ખેદ છે.

તે ધર્મની વિધિ, અર્થની વિધિ, કામની વિધિ,

અને તેને આધારે મોક્ષની વિધિને પ્રકાશી શકે તેવો છે. ઘણાજ થોડા પુરુષોને પ્રાપ્ત થયો હશે એવો એ કાળનો ક્ષયોપશમી પુરુષ છે.

તેને પોતાની સ્મૃતિ માટે ગર્વ નથી, તર્ક માટે ગર્વ નથી, તેમ તે માટે તેનો પક્ષપાત પણ નથી; તેમ છતાં કંઈક બહાર રાખવું પડે છે, તેને માટે ખેદ છે.

તેનુ અત્યારે એક વિષય વિના બીજા વિષય પ્રતિ ઠેકાણું નથી. તે પુરુષ જો કે તીક્ષ્ણ ઉપયોગ-વાળો છે; તથાપિ તે તીક્ષ્ણ ઉપયોગ બીજા કોઈ પણ વિષયમાં વાપરવા તે પ્રીતિ ધરાવતો નથી.

મુ. વિ. સં. ૧૯૪૬.

---

## ( ૧૭ )

નીચેના નિયમો પર બહુ લક્ષ આપવું:—

૧ એક વાત કરતાં તેની અપૂર્ણતામાં અવશ્ય વિના બીજી વાત ન કરવી જોઈએ.

૨ કહેલી વાત પૂર્ણતાથી સાંભળવી જોઈએ.
૩ પોતે ધીરજથી તેનો સદુત્તર આપવો જોઈએ.
૪ જેમાં આત્મશ્લાઘા કે આત્મહાનિ ન હોય તે વાત ઉચ્ચારવી જોઈએ.
૫ ધર્મ સંબંધી હમણાં બહુ જ ઓછી વાત કરવી.
૬ લોકોથી ધર્મવ્યવહારમાં પડવું નહીં.

મું. પોષ સુદ ૩, બુધ, ૧૯૪૬.

## (૧૮)

## મહાવીરના બોધને પાત્ર કોણ?

૧ સત્પુરુષના ચરણનો ઇચ્છક,
૨ સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,
૩ ગુણપર પ્રશસ્તભાવ રાખનાર,
૪ બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન,
૫ જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,

૬ ઉપયોગથી એક પળ પણ ભરનાર,
૭ એકાંતવાસને વખાણનાર,
૮ તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી,
૯ આહાર, વિહાર, નિહારનો નિયમી,
૧૦ પોતાની ગુરુતા દબાવનાર,
એવો કોઈ પણ પુરુષ તે મહાવીરના બોધને પાત્ર છે. સમ્યક્‌દશાને પાત્ર છે.

પહેલા જેવું એકકે નથી.

મુંબઈ, ફાગણ સુદ ૬, ૧૯૪૬.

---

## ( ૧૯ )

હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહું છું.

અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં.

અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર, આશ્ચર્ય ભૂલ.

સમશ્રેણી રહેવી બહુ દુર્લભ છે; નિમિત્તાધીન

વૃત્તિ ફરી ફરી ચલિત થઈ જશે; ન થવા અચળ ગંભીર ઉપયોગ રાખ.

આ ક્રમ યથાયોગ્યપણે ચાલ્યો આવ્યો તો તું જીવન ત્યાગ કરતો રહીશ. મુંઝાઈશ નહીં, નિર્ભય થઈશ.

ભ્રમા મા, તને હિત કહું છું.

આ મારું છે એવા ભાવની વ્યાખ્યા પ્રાયે ન કર.

આ તેનુ છે એમ માની ન બેસ.

આ માટે આમ કરવું છે, એ ભવિષ્યનિર્ણય ન કરી રાખ.

આ માટે આમ ન થયુ હોત તો સુખ થાત એમ સ્મરણ ન કર.

આટલું આ પ્રમાણે હોય તો સારું એમ આગ્રહ ન કરી રાખ.

આણે મારા પ્રતિ અનુચિત કર્યું એવું સંભારતાં ન શીખ.

આણે મારા પ્રતિ ઉચિત કર્યું એવું સ્મરણ ન રાખ.

આ મને અશુભ નિમિત્ત છે એવો વિકલ્પ ન કર.

આ મને શુભ નિમિત્ત છે એવી દૃઢતા માની ન બેસ.

આ ન હોત તો હું બંધાત નહીં એમ અચળ વ્યાખ્યા નહીં કરીશ

પૂર્વકર્મ બળવાન છે, માટે આ બધો પ્રસંગ મળી આવ્યો એવું એકાંતિક ગ્રહણ કરીશ નહીં.

પુરુષાર્થનો જય ન થયો એવી નિરાશા સ્મરીશ નહીં.

બીજાના દોષે તને બંધન છે એમ માનીશ નહીં.

તારે નિમિત્તે પણ બીજાને દોષ કરતો ભુલાવ.

તારે દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા છે.

તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું, પોતે પોતાને ભૂલી જવું.

એ બધામાં તારી લાગણી નથી, માટે જુદે જુદે સ્થળે તેં સુખની કલ્પના કરી છે. હે મૂઢ! એમ ન કર.

એ તને તે હિત કહ્યું.

અંતરમાં સુખ છે.

જગતમાં કોઈ એવું પુસ્તક વા લેખ વા કોઈ એવો સાક્ષી ત્રાહિત તમને એમ નથી કહી શકતો કે આ સુખનો માર્ગ છે. વા તમારે આમ વર્તવું વા સર્વને એક જ ક્રમે ઊગવું, એ જ સૂચવે છે કે ત્યાં કંઈ પ્રબળ વિચારણા રહી છે.

એક ભોગી થવાનો બોધ કરે છે.

એક યોગી થવાનો બોધ કરે છે.

એ બેમાથી કોને સમ્મત કરીશું?

બન્ને શા માટે બોધ કરે છે?

બન્ને કોને બોધ કરે છે?

કોના પ્રેરવાથી કરે છે?

કોઈને કોઈનો અને કોઈને કોઈનો બોધ કાં લાગે છે?

એનાં કારણો શું છે?
તેનો સાક્ષી કોણ છે?
તમે શું વાંચો છો?
તે ક્યાંથી મળશે વા શામાં છે?
તે કોણ મેળવશે?
ક્યાં થઈને લાવશો?
લાવવાનું કોણ શીખવશે?
વા શીખ્યા છીએ?
શીખ્યા છો તો ક્યાંથી શીખ્યા છો?
અપુનર્વૃત્તિરૂપે શીખ્યા છો?
નહીં તો શિક્ષણ મિથ્યા ઠરશે.
જીવન શું છે?
જીવ શું છે?
તમે શુ છો?
તમારી ઇચ્છાપૂર્વક કાં નથી થતું?
તે કેમ કરી શકશો?

બાધતા પ્રિય છે કે નિરાબાધતા પ્રિય છે?
તે ક્યાં ક્યાં કેમ કેમ છે?
એનો નિર્ણય કરો.

અંતરમાં સુખ છે. બહારમા નથી.

સત્ય કહું છું.

હે જીવ, ભૂલ મા, તને સત્ય કહું છું
સુખ અંતરમાં છે; તે બહાર શોધવાથી નહીં
મળે.

અંતરનું સુખ અંતરની સ્થિતિમાં છે, સ્થિતિ થવા માટે બાહ્યપદાર્થો સંબંધીનું આશ્ચર્ય ભૂલ.

સ્થિતિ રહેવી બહુ વિકટ છે; નિમિત્તાધીન ફરી ફરી વૃત્તિ ચલિત થઈ જાય છે. એનો દૃઢ ઉપયોગ રાખવો જોઇએ.

એ ક્રમ યથાયોગ્ય ચલાવ્યો આવીશ તો તું મૂંઝાઇશ નહીં, નિર્ભય થઈશ.

હે જીવ, તું ભૂલ મા વખતે વખતે ઉપયોગ ચૂકી કોઈને રંજન કરવામાં, કોઇથી રજન થવામાં

વા મનની નિર્બળતાને લીધે અન્ય પાસે મંદ થઈ જાય છે, એ ભૂલ થાય છે; તે ન કર.

મુંબઈ, ફા૦ ૧૯૪૬.

---

( ૨૦ )

વિશ્વાસથી વર્તી અન્યથા વર્તનારા આજે પસ્તાવો કરે છે.[1]

મુંબઈ, અષાડ વદ ૪, રવિ, ૧૯૪૬

---

( ૨૧ )

૧[2] અણુછતું, વાચા વગરનું આ જગત તો જુઓ.

મુંબઈ, અષાડ વદ ૧૧, શનિ, ૧૯૪૬.

૨ દૃષ્ટિ એવી સ્વચ્છ કરો કે જેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ પણ દેખાઈ શકે; અને દેખાયાથી ક્ષય થઈ શકે.

મુંબઈ, અષાડ વદ ૧૨, રવિ, ૧૯૪૬.

---

૧ પાઠાન્તર—કરાવે છે. ૨ પાઠાન્તર—અણછતું

( ૨૨ )

## સહજ પ્રકૃતિ

૧ પરહિત એ જ નિજહિત સમજવું, અને પર-
દુઃખ એ પોતાનું દુઃખ સમજવું.
૨ સુખદુઃખ બંને મનની કલ્પના છે.
૩ ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.
૪ સઘળા સાથે નમ્રભાવથી વસવું એ જ ખરું
ભૂષણ છે.
૫ શાંતસ્વભાવ એ જ સજ્જનતાનું ખરું મૂળ છે.
૬ ખરા સ્નેહીની ચાહના એ સજ્જનતાનું ખાસ
લક્ષણ છે.
૭ દુર્જનનો ઓછો સહવાસ.
૮ વિવેકબુદ્ધિથી સઘળું આચરણ કરવું.
૯ દ્વેષભાવ એ વસ્તુ ઝેરરૂપ માનવી.
૧૦ ધર્મકર્મમાં વૃત્તિ રાખવી.
૧૧ નીતિના બાંધા પર પગ ન મૂકવો.

૧૨ જિતેંદ્રિય થવું.

૧૩ જ્ઞાનચર્ચા અને વિદ્યાવિલાસમાં તથા શાસ્ત્રાધ્યયનમાં ગૂંથાવું.

૧૪ ગંભીરતા રાખવી.

૧૫ સંસારમાં રહ્યા છતાં ને નીતિથી ભોગવતાં છતાં, વિદેહી દશા રાખવી.

૧૬ પરમાત્માની ભક્તિમાં ગૂંથાવું.

૧૭ પરનિંદા એ જ સબળ પાપ માનવું.

૧૮ દુર્જનતા કરી ફાવવું એ જ હારવું એમ માનવું.

૧૯ આત્મજ્ઞાન અને સજ્જનસંગત રાખવા.

મું. વિ સં, ૧૯૪૬.

( ૨૩ )

વચનાવલિ

૧. જીવ પોતાને ભૂલી ગયો છે, અને તેથી સત્ સુખનો તેને વિયોગ છે. એમ સર્વ ધર્મ સમ્મત કહ્યું છે.

૨. પોતાને ભૂલી ગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે, એમ નિઃશંક માનવું.

૩. જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે. છતાં જીવ લોકલજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

૪. જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઈચ્છવી, તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઈચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડયો.

૫. જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યા સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

૬. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એકનિષ્ઠાએ તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમા જોડાય

૭. જો કે જ્ઞાની ભક્તિ ઈચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. આ અનાદિકાળનું ગુપ્ત તત્ત્વ સંતોના હૃદયમાં રહ્યું તે પાને ચઢાવ્યું છે.

૮. આમાં કહેલી વાત સર્વ શાસ્ત્રને માન્ય છે.

૯. ઋષભદેવજીએ અઠ્ઠાણું પુત્રોને ત્વરાથી મોક્ષ થવાનો છેવટે એ જ ઉપદેશ કર્યો હતો.

૧૦. પરિક્ષિત રાજાને શુકદેવજીએ એ જ ઉપદેશ કર્યો છે.

૧૧. અનંત કાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે, તો પણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.

૧૨. શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ.

૧૩. આ જ્ઞાનમાર્ગની શ્રેણી કહી, એ પામ્યા વિના
    બીજા માર્ગથી મોક્ષ નથી.
૧૪. એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે તે પ્રત્યક્ષ
    અમૃતને પામી અભય થાય છે. ઇતિ શિવમ્.

મુંબઈ, મહાસુદ, ૧૯૪૭.

---

## ( ૨૪ )

### પુરાણપુરુષને નમો નમઃ

આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાના પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે. એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે. સત્પુરુષની વાણી વિના કોઈએ તાપ અને તૃષા

છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરુષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.

સંસાર કેવળ અશાતામય છે. કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઈપણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ થતી નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી. ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઈ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે, પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરુષ જ કારણ છે. આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.

ત્રિલોકના નાથ વશ થયા છે જેને એવા છતાં પણ એવી કોઈ અટપટી દશાથી વર્તે છે કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે; એવા સત્પુરુષને અમે ફરી ફરી સ્તવીએ છીએ.

એક સમય પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રિલોકને વશ કરવા કરતાં પણ વિકટ કાર્ય છે; તેવા અસંગપણાથી ત્રિકાળ જે રહ્યા છે, એવાં સત્પુરુષનાં અંતઃકરણ તે જોઇ અમે પરમાશ્ચર્ય પામી નમીએ છીએ.

હે પરમાત્મા! અમે તો એમ જ માનીએ છીએ કે આ કાળમા પણ જીવનો મોક્ષ હોય; તેમ છતાં જૈન ગ્રંથોમાં ક્વચિત્ પ્રતિપાદન થયું છે તે પ્રમાણે આ કાળે મોક્ષ ન હોય; તો આ ક્ષેત્રે એ પ્રતિપાદન તું રાખ અને અમને મોક્ષ આપવા કરતાં સત્પુરુષના જ ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ એવો યોગ આપ.

હે પુરુષપુરાણ! અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી; તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે; કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં, એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે. કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી; અને તારાથી પણ સરળ છે; માટે હવે તું કહે તેમ કરીએ?

હે નાથ! તારે ખોટું ન લગાડવું કે અમે તારા કરતાં પણ સત્પુરુષને વધારે સ્તવીએ છીએ; જગત આખું તને સ્તવે છે; તો પછી અમે એક તારા સામા બેઠા રહીશું તેમાં તેમને ક્યાં સ્તવનની આકાંક્ષા છે અને ક્યાં તને ન્યૂનપણું પણ છે?

જ્ઞાની પુરુષો ત્રિકાળની વાત જાણતાં છતાં પ્રગટ કરતા નથી, એમ આપે પૂછ્યું; તે સંબંધમાં એમ

જણાય છે કે ઈશ્વરી ઇચ્છા જ એવી છે કે અમુક પારમાર્થિક વાત સિવાય જ્ઞાની બીજી ત્રિકાળિક વાત પ્રસિદ્ધ ન કરે; અને જ્ઞાનીની પણ અંતર-ઇચ્છા તેવી જ જણાય છે. જેની કોઈપણ પ્રકારની આકાંક્ષા નથી, એવા જ્ઞાની પુરુષને કંઈ કર્તવ્યરૂપ નહીં હોવાથી જે કંઇ ઉદયમા આવે તેટલું જ કરે છે.

અમે તો કંઈ તેવું જ્ઞાન ધરાવતા નથી કે જેથી ત્રણે કાળ સર્વ પ્રકારે જણાય, અને અમને એવા જ્ઞાનનો કંઈ વિશેષ લક્ષ નથી; અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ તેની ભકિત અને અસંગતા, એ પ્રિય છે, એ જ વિજ્ઞાપન.

મુંબઈ, ફાગણ સુદ ૪, શનિ, ૧૯૪૭.

( ૨૫ )

જીવ સ્વભાવે ( પોતાની સમજણની ભૂલે) દોષિત છે; ત્યાં પછી તેના દોષ ભણી જોવું, એ અનુકંપાનો ત્યાગ કરવા જેવું થાય છે, અને મોટા પુરુષો તેમ

આચરવા ઇચ્છતા નથી, કળિયુગમાં અસત્સંગથી અને અણસમજણથી ભૂલભરેલે રસ્તે ન દોરાય એમ બનવું બહુ મુશ્કેલ છે.

મુંબઈ અષાડ વદ ૪, શનિ, ૧૯૪૭.

( ૨૬ )

જે જે પ્રકારે આત્માને ચિંતન કર્યો હોય તે તે પ્રકારે તે પ્રતિભાસે છે.

વિષયાર્ત્તપણાથી મૂઢતાને પામેલી વિચારશક્તિવાળા જીવને આત્માનું નિત્યપણું ભાસતું નથી, એમ ઘણું કરીને દેખાય છે, તેમ થાય છે, તે યથાર્થ છે, કેમકે અનિત્ય એવા વિષયને વિષે આત્મબુદ્ધિ હોવાથી પોતાનું પણ અનિત્યપણું ભાસે છે.

વિચારવાનને આત્મા વિચારવાન લાગે છે. શૂન્યપણે ચિંતન કરનારને આત્મા શૂન્ય લાગે છે, અનિત્યપણે ચિંતન કરનારને અનિત્ય લાગે છે, નિત્યપણે ચિંતન કરનારને નિત્ય લાગે છે.

રાળજ, ભા. સુદ ૮, ૧૯૪૭.

( ૨૭ )

હે પરમકૃપાળુ દેવ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું: વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમભક્તિ અને વીતરાગ પુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો, એટલું માગું છું તે સફળ થાઓ! ૐ શાંતિ: શાતિ: શાંતિ:

---

( ૨૮ )

મુમુક્ષુ જીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ

સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષ હોય છે, એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે.

એ (પ્રતિકૂળ) પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે.

વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે. માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ અને પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે; અને જ્ઞાની પુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે. વિચારવાનને શોક ઘટે નહીં, એમ શ્રી તીર્થંકર કહેતા હતા.

મું. ફાગણ, ૧૯૫૦

( ૨૯ )

## નિત્યનિયમ

ૐ શ્રીમત્પરમગુરુભ્યો નમઃ

સવારમાં ઊઠી ઈર્યાપથિકી પ્રતિક્રમી રાત્રિ-દિવસ જે કંઈ અઢાર પાપસ્થાનકમાં પ્રવૃત્તિ થઈ હોય

સમ્યગજ્ઞાન-દર્શન-ચારિત્ર સંબંધી તથા પંચપરમપદ સંબંધી જે કંઈ અપરાધ થયો હોય. કોઈપણ જીવ પ્રતિ કિંચિત્માત્ર પણ અપરાધ કર્યો હોય, તે જાણતાં અજાણતાં થયો હોય, તે સર્વ ક્ષમાવવા, તેને નિંદવા વિશેપ નિંદવા, આત્મામાંથી તે અપરાધ વિસર્જન કરી નિઃશલ્ય થવું, રાત્રે શયન કરતી વખતે પણ એ જ પ્રમાણે કરવું.

શ્રી સત્પુરુષના દર્શન કરી ચાર ઘડી માટે સર્વ સાવદ્ય વ્યાપારથી નિવર્તી, એક આસન પર સ્થિતિ કરવી તે સમયમાં 'પરમગુરુ' એ શબ્દની પાંચ માળાઓ ગણી સતૂશાસ્ત્રનું અધ્યયન કરવું. ત્યાર પછી એક ઘડી કાયોત્સર્ગ કરી શ્રીસત્પુરુષોનાં વચનોનું તે કાયોત્સર્ગમાં રટણ કરી સદ્વૃત્તિનુ અનુસંધાન કરવું. ત્યાર પછી અરધી ઘડીમાં ભક્તિની વૃત્તિ ઉજમાળ કરનારાં એવાં પદો (આજ્ઞાનુસાર) ઉચ્ચારવાં. અરધી ઘડીમાં 'પરમગુરુ' શબ્દનુ કાયોત્સર્ગરૂપે

રટણ કરવું. અને 'સર્વજ્ઞ દેવ' એ નામની માળા ગણવી.

(હાલ અધ્યયન કરવા યોગ્ય શાસ્ત્રો:– વૈરાગ્ય-શતક, ઇંદ્રિયપરાજયશતક, શાંતસુધારસ, અધ્યાત્મ કલ્પદ્રુમ, યોગદૃષ્ટિસમુચ્ચય, નવતત્ત્વ, મૂળપદ્ધતિ-કર્મગ્રંથ, ધર્મબિંદુ, આત્માનુશાસન, ભાવનાબોધ, મોક્ષમાર્ગપ્રકાશ, મોક્ષમાળા, ઉપમિતિભવપ્રપંચ, અધ્યાત્મસાર, શ્રી આનંદઘનજી ચોવીશીમાંથી નીચેનાં સ્તવનો:– ૧. ૩, ૫. ૭, ૮, ૯, ૧૦, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૨.)

સાત વ્યસન (જુગટું, માંસ, મદિરા, વેશ્યા-ગમન, શિકાર, ચોરી, પરસ્ત્રી)નો ત્યાગ.

'જૂવા, આમિષ, મદિરા, દારી,—
આહેટક, ચોરી પરનારી.
એહિ સપ્ત વ્યસન દુઃખદાઈ;
દુરિતમૂળ દુર્ગતિકે જાઈ' (માતા)

રાત્રિભોજનનો ત્યાગ. અમુક સિવાય સર્વ વનસ્પતિનો ત્યાગ. અમુક તિથિએ અત્યાગ વનસ્પતિનો પણ પ્રતિબંધ, અમુક રસનો ત્યાગ, અબ્રહ્મચર્યનો ત્યાગ, પરિગ્રહપરિમાણ. (શરીરમાં વિશેષ રોગાદિ ઉપદ્રવથી, બેભાનપણાથી રાજા અથવા દેવાદિના બળાત્કારથી અત્રે વિદિત કરેલ નિયમમા પ્રવર્તવા અશક્ત થવાય તો તે માટે પશ્ચાત્તાપનુ સ્થાનક સમજવું. સ્વેચ્છાએ કરીને તે નિયમમાં ન્યૂનાધિક કંઈ પણ કરવાની પ્રતિજ્ઞા. સત્પુરુષની આજ્ઞાએ તે નિયમમા ફેરફાર કરવાથી નિયમભંગ નહીં.)

વૈશાખ, ૧૯૫૦.

---

( ૩૦ )

સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે તેને શ્રી જિને તીવ્રજ્ઞાનદશા કહી છે. જે દશા આવ્યા વિના

કોઈપણ જીવ બંધનમુક્ત થાય નહીં; એવો સિદ્ધાંત શ્રી જિને પ્રતિપાદન કર્યો છે, જે અખંડ સત્ય છે.

કોઈક જીવથી એ ગહન દશાનો વિચાર થઈ શકવા યોગ્ય છે, કેમકે અનાદિથી અત્યંત અજ્ઞાન દશાએ આ જીવે પ્રવૃત્તિ કરી છે, તે પ્રવૃત્તિ એકદમ અસત્ય, અસાર સમજાઈ, તેની નિવૃત્તિ સૂઝે, એમ બનવું બહુ કઠણ છે; માટે જ્ઞાનીપુરુષનો આશ્રય કરવારૂપ ભક્તિમાર્ગ જિને નિરૂપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે.

જ્ઞાનીપુરુષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી, જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે. જ્ઞાનીપુરુષના ચરણમાં મનનું સ્થાપન થવુ પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી તથા જ્ઞાની

પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી. મનનું સ્થાપન થવું સુલભ થાય છે.

જ્ઞાની પુરુષના આશ્રયમાં વિરોધ કરનારા પંચ વિષયાદિ દોષો છે. તે દોષ થવાનાં સાધનથી જેમ બને તેમ દૂર રહેવું, અને પ્રાપ્ત સાધનમાં પણ ઉદાસીનતા રાખવી, અથવા તે તે સાધનોમાંથી અહંબુદ્ધિ છોડી દઈ, રોગરૂપ જાણી પ્રવર્તવું ઘટે. અનાદિ દોષનો એવા પ્રસંગમાં વિશેષ ઉદય થાય છે, કેમકે આત્મા તે દોષને છેદવા પોતાની સન્મુખ લાવે છે કે, તે સ્વરૂપાંતર કરી તેને આકર્ષે છે; અને જાગૃતિમાં શિથિલ કરી નાંખી પોતાને વિષે એકાગ્રબુદ્ધિ કરાવી દે છે. તે એકાગ્રબુદ્ધિ એવા પ્રકારની હોય છે કે, 'મને આ પ્રવૃત્તિથી તેવો વિશેષ બાધ નહીં થાય, હું અનુક્રમે તેને છોડીશ; અને કરતાં જાગૃત રહીશ;' એ આદિ ભ્રાંત દશા તે દોષ કરે છે; જેથી તે દોષનો સંબંધ જીવ છોડતો નથી,

અથવા તે દોષ વધે છે, તેનો લક્ષ તેને આવી શકતો નથી.

એ વિરોધી સાધનનો બે પ્રકારથી ત્યાગ થઈ શકે છે; એક તે સાધનના પ્રસંગની નિવૃત્તિ; બીજો પ્રકાર વિચારથી કરી તેનુ તુચ્છપણું સમજાવું.

વિચારથી કરી તુચ્છપણું સમજાવા માટે પ્રથમ તે પંચવિષયાદિનાં સાધનની નિવૃત્તિ કરવી વધારે યોગ્ય છે, કેમકે તેથી વિચારનો અવકાશ પ્રાપ્ત થાય છે.

તે પંચવિષયાદિ સાધનની નિવૃત્તિ સર્વથા કરવાનુ જીવનું બળ ન ચાલતું હોય ત્યારે, ક્રમેક્રમે, દેશે-દેશે તેનો ત્યાગ કરવો ઘટે. પરિગ્રહ તથા ભોગો-પભોગના પદાર્થનો અલ્પ પરિચય કરવો ઘટે. એમ કરવાથી અનુક્રમે તે દોષ મોળા પડે, અને આશ્રય-ભક્તિ દૃઢ થાય; તથા જ્ઞાનીનાં વચનોનું આત્મામાં પરિણામ થઈ તીવ્રજ્ઞાનદશા પ્રગટી જીવન્મુક્ત થાય.

જીવ કોઈકવાર આવી વાતનો વિચાર કરે, તેથી અનાદિ અભ્યાસનું બળ ઘટવું કઠણ પડે, પણ દિનદિન પ્રત્યે પ્રસંગેપ્રસંગે અને પ્રવૃત્તિપ્રવૃત્તિએ ફરીફરી વિચાર કરે; તો અનાદિ અભ્યાસનું બળ ઘટી, અપૂર્વ અભ્યાસની સિદ્ધિ થઈ સુલભ એવો આશ્રયભક્તિમાર્ગ સિદ્ધ થાય.

મુંબઈ. ફાગણ વદ ૭, રવિ, ૧૯૫૧.

( ૩૧ )

જે કષાય પરિણામથી અનંત સંસારનો સંબંધ થાય તે કષાય પરિણામને જિનપ્રવચનમાં 'અનંતાનુબંધી' સંજ્ઞા કહી છે જે કષાયમાં તન્મયપણે અપ્રશસ્ત (માઠા) ભાવે તીવ્રોપયોગે આત્માની પ્રવૃત્તિ છે, ત્યાં 'અનંતાનુબંધી'નો સંભવ છે. મુખ્ય કરીને અહીં કહ્યાં છે, તે સ્થાનકે તે કષાયનો વિશેષ સંભવ છે. સત્‌દેવ, સદ્‌ગુરુ અને સદ્ધર્મનો જે પ્રકારે દ્રોહ થાય. અવજ્ઞા થાય, તથા વિમુખભાવ થાય, એ આદિ

પ્રવૃત્તિથી, તેમ જ અસત્‌દેવ, અસદ્‌ગુરુ તથા અસ-દ્ધર્મનો જે પ્રકારે આગ્રહ થાય, તે સંબંધી કૃત-કૃત્યતા માન્ય થાય, એ આદિ પ્રવૃત્તિથી વર્તતાં 'અનંતાનુબંધી કષાય' સંભવે છે, અથવા જ્ઞાનીના વચનમાં સ્ત્રીપુત્રાદિ ભાવોને જે મર્યાદા પછી ઇચ્છતાં નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે, તે પરિણામે પ્રવર્તતાં પણ 'અનંતાનુબંધી' હોવા યોગ્ય છે. સંક્ષેપમાં 'અનંતાનુબંધી કષાયની' વ્યાખ્યા એ પ્રમાણે જણાય છે........

મું૦ અ૦ સુદ ૧૧, બુધ, ૧૯૫૧.

........અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ સમ્યક્‌ત્વ સિવાય ગયાં સંભવે નહીં; એમ જે કહેવાય છે તે યથાર્થ છે. સંસારી પદાર્થને વિષે જીવને તીવ્ર સ્નેહ વિના એવાં ક્રોધ, માન, માયા અને લોભ હોય નહીં કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય જે જીવને સંસારી

પદાર્થો વિષે તીવ્ર સ્નેહ વર્તતો હોય તેને કોઈ પ્રસંગે પણ અનંતાનુબંધી ચતુષ્કમાંથી કોઈ પણ ઉદય થવા સંભવે છે. અને જ્યાંસુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાંસુધી અવશ્ય પરમાર્થમાર્ગવાળો જીવ તે ન હોય. પરમાર્થમાર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતા જીવ બધા પ્રકારે કાયર થયા કરે, સુખે અથવા દુ:ખે. દુ:ખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે, પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું, નીરસપણું, પરમાર્થમાર્ગી પુરુષને હોય છે.

તેવું નીરસપણું જીવને પરમાર્થજ્ઞાને અથવા પરમાર્થજ્ઞાની પુરુષના નિશ્ચયે થવું સંભવે છે; બીજા પ્રકારે થવું સંભવતું નથી. પરમાર્થજ્ઞાને અપરમાર્થરૂપ એવો આ સંસાર જાણી પછી તે પ્રત્યે તીવ્ર એવો ક્રોધ, માન, માયા કે લોભ કોણ કરે? કે ક્યાંથી થાય? જે વસ્તુનું માહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું

તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી. સંસારને વિષે ભ્રાન્તિપણે જાણેલું સુખ તે પરમાર્થજ્ઞાને ભ્રાન્તિ જ ભાસે છે, અને જેને ભ્રાન્તિ ભાસી છે તેને પછી તેનું માહાત્મ્ય શું લાગે ? એવી માહાત્મ્ય-દૃષ્ટિ પરમાર્થજ્ઞાની પુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે તેનું કારણ પણ એ જ છે. કોઈ જ્ઞાનનાં આવ-રણનાં કારણે જીવને વ્યવચ્છેદક જ્ઞાન થાય નહીં, તથાપિ સામાન્ય એવું જ્ઞાન જ્ઞાનીપુરુષની શ્રદ્ધારૂપે થાય છે. વડનાં બીજની પેઠે પરમાર્થવડનું બીજ એ જ છે.

તીવ્ર પરિણામે, ભવભયરહિતપણે જ્ઞાનીપુરુષ કે સમ્યગ્દૃષ્ટિ જીવને ક્રોધ, માન, માયા કે લોભ હોય નહીં. જે સંસારઅર્થે અનુબંધ કરે છે, તે કરતાં પરમાર્થને નામે ભ્રાન્તિગત પરિણામે, અસદ્ ગુરુ, દેવ, ધર્મને ભજે છે તે જીવને ઘણું કરી અનંતાનુ-બંધી ક્રોધ, માન, માયા, લોભ થાય છે; કારણ કે

બીજી સંસારની ક્રિયાઓ ઘણું કરી અનંત અનુબંધ કરવાવાળી નથી. માત્ર અપરમાર્થને પરમાર્થ જાણી આગ્રહે જીવ ભજ્યા કરે, તે પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યે, દેવ પ્રત્યે, ધર્મ પ્રત્યે નિરાદર છે, એમ કહેવામાં ઘણું કરી યથાર્થ છે. તે સદ્‌ગુરુ, દેવ, ધર્મ પ્રત્યે અસદ્‌ગુર્વાદિકના આગ્રહથી, માઠા બોધથી, આશાતનાએ, ઉપેક્ષાએ પ્રવર્તે એવો સંભવ છે. તેમ જ તે માઠા સંગથી તેની સંસારવાસના પરિચ્છેદ નહીં થતી હોવા છતાં તે પરિચ્છેદ માની પરમાર્થ પ્રત્યે ઉપેક્ષક રહે છે, એ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો આકાર છે.

મું૦ બીજા અ૦ વદ ૬, ૧૯૪૯.

---

( ૩૨ )

'અનંતાનુબંધી'નો બીજો પ્રકાર લખ્યો છે તે વિષે વિશેષાર્થ નીચે લખ્યાથી જાણશો :–

ઉદયથી અથવા ઉદાસભાવસંયુક્ત મંદપરિણત બુદ્ધિથી ભોગાદિને વિષે પ્રવૃત્તિ થાય ત્યાં સુધીમાં જ્ઞાનીની આજ્ઞા પર પગ મૂકીને પ્રવૃત્તિ થઈ ન સંભવે, પણ જ્યાં ભોગાદિને વિષે તીવ્ર તન્મયપણે પ્રવૃત્તિ થાય ત્યાં જ્ઞાનીની આજ્ઞાની કંઈ અંકુશતા સંભવે નહીં, નિર્ભયપણે ભોગ પ્રવૃત્તિ સંભવે. જે નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે, તેવાં પરિણામ વર્તે ત્યાં પણ અનંતાનુબંધી સંભવે છે. તેમ જ 'હું સમજું છું,' 'મને બાધ નથી' એવા ને એવા ભ્રમમાં રહે, અને 'ભોગથી નિવૃત્તિ ઘટે છે' અને વળી કંઈપણ પુરુષત્વ કરે તો થઈ શકવા યોગ્ય છતાં પણ મિથ્યાજ્ઞાનથી જ્ઞાનદશા માની ભોગાદિકમાં પ્રવર્તના કરે ત્યાં પણ અનંતાનુબંધી સંભવે છે.

જાગૃતમાં જેમ જેમ ઉપયોગનુ શુદ્ધપણું થાય, તેમ તેમ સ્વપ્નદશાનુ પરિક્ષીણપણું સભવે.

મુંબઈ, અષાડ વદ ૦)) ૧૯૫૧.

---

( ૩૩ )

પ્રથમ પદમાં એમ કહ્યું છે કે : હે મુમુક્ષુ. એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જાણીશ, અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે; માટે આત્માથી જુદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઇચ્છાથી તું નિવર્ત અને એક નિજ-સ્વરૂપને વિષે દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે. તત્ત્વસ્વરૂપ એવાં સત્-શાસ્ત્રમાં કહેલા માર્ગનુ પણ આ તત્ત્વ છે; એમ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે, તથાપિ ઉપયોગપૂર્વક તે સમજાવું દુર્લભ છે. એ માર્ગ જુદો છે, અને તેનુ સ્વરૂપ પણ જુદું છે, જેમ માત્ર કથન જ્ઞાનીઓ કહે છે તેમ નથી; માટે ઠેકાણે ઠેકાણે જઈને કાં પૂછે છે ? કેમકે તે અપૂર્વ ભાવનો અર્થ ઠેકાણે ઠેકાણેથી પ્રાપ્ત થવા યોગ્ય નથી

બીજા પદનો સંક્ષેપ અર્થ:–'હે મુમુક્ષુ! યમ-નિયમાદિ જે સાધનો સર્વ શાસ્ત્રમાં કહ્યાં છે, તે

ઉપર કહેલા અર્થથી નિષ્ફળ ઠરશે એમ પણ નથી; કેમકે તે પણ કારણને અર્થે છે; તે કારણ આ પ્રમાણે છે: આત્મજ્ઞાન રહી શકે એવી પાત્રતા પ્રાપ્ત થવા, તથા તેમાં સ્થિતિ થાય તેવી યોગ્યતા આવવા એ કારણો ઉપદેશ્યાં છે. તત્ત્વજ્ઞાનીઓએ એથી, એવા હેતુથી એ સાધનો કહ્યાં છે; પણ જીવની સમજણમાં સામટો ફેર હોવાથી તે સાધનોમાં જ અટકી રહ્યો અથવા તે સાધન પણ અભિનિવેશ પરિણામે ગ્રહ્યાં. આંગળીથી જેમ બાળકને ચંદ્ર દેખાડવામાં આવે, તેમ તત્ત્વજ્ઞાનીઓએ એ તત્ત્વનું તત્ત્વ કહ્યું છે.'

વવાણિયા, શ્રવણ વદ ૧૪, સોમ, ૧૯૫૧.

---

( ૩૪ )

એવંભૂત દૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર.

ઋજુસૂત્ર દૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર.

૯

નૈગમ દૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર.
એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર.
સંગ્રહ દૃષ્ટિથી એવંભૂત થા.
એવંભૂત દૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર.
વ્યવહાર દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.
એવંભૂત દૃષ્ટિથી વ્યવહારવિનિવૃત્તિ કર.
શબ્દદૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.
એવંભૂત દૃષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર.
સમભિરૂઢ દૃષ્ટિથી એવંભૂત અવલોક.
એવંભૂત દૃષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર.
એવંભૂત દૃષ્ટિથી એવંભૂત થા.
એવંભૂત સ્થિતિથી એવંભૂત દૃષ્ટિ શમાવ.

ૐ શાંતિ શાંતિ શાંતિઃ

વર્ષ ૨૨ થી ૩૪.

( ૩૫ )

સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે, તેમાં રહી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય?

આવા અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પણ પરવૃત્તિએ જવા દેવા યોગ્ય નથી, અને કંઈપણ તેમ થયા કરે છે તેનો ઉપાય કંઈ વિશેષે કરી ગવેષવા યોગ્ય છે.

જ્ઞાની પુરુષનો નિશ્ચય થઈ અંતર્ભેદ ન રહે તો આત્મપ્રાપ્તિ સાવ સુલભ છે; એવું જ્ઞાની પોકારી ગયા છતાં કેમ લોકો ભૂલે છે?

મુંબઈ, આસો સુદ ૧૩, ભોમ, ૧૯૫૧.

---

( ૩૬ )

કરવા યોગ્ય કંઈ કહ્યું હોય તે વિસ્મરણયોગ્ય ન હોય એટલો ઉપયોગ કરી ક્રમે કરીને પણ તેમાં અવશ્ય પરિણતિ કરવી ઘટે. ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ

અને ભક્તિ મુમુક્ષુ જીવે સહજ સ્વભાવરૂપ કરી મૂક્યા વિના આત્મદશા કેમ આવે? પણ શિથિલપણાથી, પ્રમાદથી એ વાત વિસ્મૃત થઈ જાય છે.

મુંબઈ, આસો સુદ ૧૩. મંગળ, ૧૯૫૧.

( ૩૭ )

"જ્ઞાનનું ફળ વિરતિ છે," વીતરાગનુ આ વચન સર્વ મુમુક્ષુઓએ નિત્ય સ્મરણમાં રાખવા યોગ્ય છે. જે વાંચવાથી સમજવાથી તથા વિચારવાથી આત્મા વિભાવથી, વિભાવનાં કાર્યોથી અને વિભાવનાં પરિણામથી ઉદાસ ન થયો, વિભાવનો ત્યાગી ન થયો, વિભાવનાં કાર્યોનો અને વિભાવનાં ફળનો ત્યાગી ન થયો તે વાંચવું તે વિચારવું, અને તે સમજવું અજ્ઞાન છે. વિચારવૃત્તિ સાથે ત્યાગવૃત્તિ ઉત્પન્ન કરવી તે જ વિચાર સફળ છે, એમ કહેવાનો જ્ઞાનીનો પરમાર્થ છે.

વવાણિયા, ફાગણ વદ ૧૧, ૧૯૫૩.

( ૩૮ )

ૐ નમઃ

સર્વ જીવ સુખને ઇચ્છે છે.

દુઃખ સર્વને અપ્રિય છે.

દુઃખથી મુક્ત થવા સર્વ જીવ ઇચ્છે છે.

વાસ્તવિક તેનું સ્વરૂપ ન સમજવાથી તે દુઃખ મટતું નથી.

તે દુઃખના આત્યંતિક અભાવનું નામ મોક્ષ કહીએ છીએ.

અત્યંત વીતરાગ થયા વિના આત્યંતિક મોક્ષ હોય નહીં.

સમ્યગ્જ્ઞાન વિના વીતરાગ થઈ શકાય નહીં.

સમ્યગ્દર્શન વિના જ્ઞાન અસમ્યક્ કહેવાય છે.

વસ્તુની જે સ્વભાવે સ્થિતિ છે, તે સ્વભાવે તે વસ્તુની સ્થિતિ સમજાવી તેને **સમ્યગ્જ્ઞાન** કહીએ છીએ.

સમ્યગ્જ્ઞાન-દર્શનથી પ્રતીત થયેલા આત્મભાવે વર્તવું તે ચારિત્ર છે.

એ ત્રણેની એકતાથી મોક્ષ થાય.

જીવ સ્વાભાવિક છે. પરમાણુ સ્વાભાવિક છે.

જીવ અનંત છે. પરમાણુ અનંત છે.

જીવ અને પુદ્ગલનો સંયોગ અનાદિ છે.

જ્યાં સુધી જીવને પુદ્ગલનો સંબંધ છે ત્યાં સુધી સકર્મ જીવ કહેવાય.

ભાવકર્મનો કર્તા જીવ છે.

ભાવકર્મનું બીજું નામ વિભાવ કહેવાય છે.

ભાવકર્મના હેતુથી જીવ પુદ્ગલ ગ્રહે છે.

તેથી તૈજસાદિ શરીર અને ઔદારિકાદિ શરીરનો યોગ થાય છે.

ભાવકર્મથી વિમુખ થાય તો નિજભાવપરિણામી થાય.

સમ્યગ્દર્શન વિના વાસ્તવિકપણે જીવ ભાવકર્મથી વિમુખ ન થઈ શકે.

સમ્યગ્દર્શન થવાનો મુખ્ય હેતુ જિનવચનથી તત્ત્વાર્થપ્રતીતિ થવી તે છે. વર્ષ ૩૦ મું.

---

( ૩૯ )

ૐ

(૧) સત્પુરુષોના અગાધ ગંભીર સંયમને નમસ્કાર.

(૨) અવિષમ પરિણામથી જેમણે કાળકૂટ વિષ પીધું એવા શ્રી ઋષભાદિ પરમપુરુષોને નમસ્કાર.

(૩) પરિણામે તો જે અમૃત જ છે પણ પ્રથમ દશાએ કાળકૂટ વિષની પેઠે મૂંઝવે છે એવા શ્રી સંયમને નમસ્કાર.

(૪) તે જ્ઞાનને, તે દર્શનને અને તે ચારિત્રને વારંવાર નમસ્કાર.

( ૨ )

જેની ભક્તિ નિષ્કામ છે એવા પુરુષનો સત્સંગ કે દર્શન એ મહત્ પુણ્યરૂપ જાણવા યોગ્ય છે.

(૧) પારમાર્થિક હેતુવિશેષથી પત્રાદિ લખવાનુ બની શકતું નથી.

(૨) જે અનિત્ય છે, જે અસાર છે અને જે અશરણરૂપ છે તે આ જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે તે વાત રાત્રિ-દિવસ વિચારવા યોગ્ય છે.

(૩) લોકદષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિને પશ્ચિમ પૂર્વ જેટલો તફાવત છે. જ્ઞાનીની દૃષ્ટિ પ્રથમ નિરાલંબન છે. રુચિ ઉત્પન્ન કરતી નથી, જીવની પ્રકૃતિને મળતી આવતી નથી; તેથી જીવ તે દૃષ્ટિમાં રુચિવાન થતો નથી, પણ જે જીવોએ પરિષહ વેઠીને થોડા કાળ સુધી તે દૃષ્ટિનું આરાધન કર્યું છે, તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે, તેના ઉપાયને પામ્યા છે.

જીવને પ્રમાદમા અનાદિથી રતિ છે, પણ તેમાં રતિ કરવા યોગ્ય કાંઈ દેખાતું નથી.

મુંબઈ, આસો સુદ ૮, રવિ, ૧૯૫૩.

( ૪૦ )

આત્મદશાને પામી નિર્દ્વંદ્વપણે યથાપ્રારબ્ધ વિચરે છે, એવા મહાત્માઓનો યોગ જીવને દુર્લભ છે.

તેવો યોગ બન્યે જીવને તે પુરુષની ઓળખાણ પડતી નથી, અને તથારૂપ ઓળખાણ પડ્યા વિના તે મહાત્મા પ્રત્યે દૃઢાશ્રય થતો નથી.

જ્યાંસુધી આશ્રય દૃઢ ન થાય ત્યાંસુધી ઉપદેશ પરિણામ પામતો નથી.

ઉપદેશ પરિણમ્યા વિના સમ્યગ્દર્શનનો યોગ બનતો નથી.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવા યોગ્ય નથી.

તેવા મહાત્મા પુરુષોનો યોગ તો દુર્લભ છે, તેમાં સંશય નથી; પણ આત્માર્થી જીવોનો યોગ બનવો પણ કઠણ છે. તોપણ ક્વચિત્ ક્વચિત્ તે યોગ વર્તમાનમાં બનવા યોગ્ય છે.

સત્સમાગમ અને સત્શાસ્ત્રનો પરિચય કર્તવ્ય છે.

મુંબઈ, કાર્તિક વદ ૧૨, ૧૯૫૪.

( ૪૧ )

અપાર મહામોહજળને અનંત અંતરાય છતાં ધીર રહી જે પુરુષ તર્યા તે શ્રી પુરુષ ભગવાનને નમસ્કાર.

અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવ-નિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમ-સ્કાર. નિવૃત્તિયોગમાં સત્સમાગમની વૃત્તિ રાખવી યોગ્ય છે.

મુંબઈ, અષાડ સુદ ૧૧, ગુરુ, ૧૯૫૪.

( ૪૨ )

હે કામ! હે માન! હે સંગઉદય!
હે વચનવર્ગણા! હે મોહ! હે મોહદયા,
હે શિથિલતા! તમે શા માટે અંતરાય કરો છો?

પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ, અનુકૂળ થાઓ

———— વર્ષ ૨૨ થી ૩૪.

હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યગ્દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે

તારા પરમાનુગ્રહથી સ્વસ્વરૂપમાં રુચિ થઈ. પરમ વીતરાગ સ્વભાવ પ્રત્યે પરમ નિશ્ચય આવ્યો. કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો

હે જિન વીતરાગ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરૂં છુ. તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે.

હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત

થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

હે શ્રી સોભાગ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયુ તે અર્થે તને નમસ્કાર હો. વર્ષ ૨૨ થી ૩૪.

---

( ૪૪ )

જેમ ભગવાન જિને નિરૂપણ કર્યું છે તેમ જ સર્વ પદાર્થનું સ્વરૂપ છે.

ભગવાન જિને ઉપદેશેલો આત્માનો સમાધિમાર્ગ શ્રી ગુરુના અનુગ્રહથી જાણી, પરમ પ્રયત્નથી ઉપાસના કરો

---

( ૪૫ )

૧ સર્વજ્ઞોપદિષ્ટ આત્મા સદ્‌ગુરુકૃપાએ જાણીને નિરંતર તેના ધ્યાનને અર્થે વિચરવુ, સંયમ તપપૂર્વક.

૨ અહો ! સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ.

અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસપ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞ દેવ.

અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંત રસ સુપ્રતીત કરાવ્યો એવા પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવ.

આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો, જયવંત વર્તો. વર્ષ ૨૨ થી ૩૪.

---

( ૪૬ )

(૧) પ્રાણીમાત્રનો રક્ષક, બંધવ અને હિતકારી એવો કોઈ ઉપાય હોય તો તે વીતરાગનો ધર્મ જ છે.

(૨) સંતજનો ! જિનવરેંદ્રોએ લોકાદિ જે સ્વરૂપ નિરૂપણ કર્યાં છે, તે આલંકારિક ભાષામાં નિરૂપણ છે, જે પૂર્ણ યોગાભ્યાસ વિના જ્ઞાનગોચર થવા યોગ્ય નથી. માટે તમે તમારા અપૂર્ણ જ્ઞાનને આધારે વીતરાગનાં વાક્યોનો વિરોધ કરતા નહીં;

પણ યોગનો અભ્યાસ કરી પૂર્ણતાએ તે સ્વરૂપના જ્ઞાતા થવાનું રાખજો.

મુંબઈ; કા૦ વદ ૧૧, મંગળ, ૧૯૫૬.

---

( ૪૭ )

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર-રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું, આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વ-રૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મ-મરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ! નિવૃત્તિ થાઓ!! હે જીવ! આ કલેશરૂપ સંસાર થકી વિરામ પામ; વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ

છોડી જાગૃત થા, જાગૃત થા; નહીં તો રત્નચિંતા-મણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

વર્ષ ૨૭.

---

(૪૮)

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

પ્રથમ પદઃ—

'આત્મા છે.' જેમ ઘટપટઆદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ-પટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

બીજું પદ:—

'આત્મા નિત્ય છે.' ઘટપટઆદિ પદાર્થો અમુક કાળવર્તી છે; આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમકે તેની ઉત્પત્તિ માટે કોઈપણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈપણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવાયોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

ત્રીજું પદ —

'આત્મા કર્ત્તા છે.' સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામ ક્રિયાસહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે, ક્રિયાસંપન્ન છે, માટે કર્ત્તા છે. તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવ પરિણતિએ

નિજસ્વરૂપનો કર્ત્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવાયોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્ત્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્ત્તા છે.

ચોથું પદ:—

'આત્મા ભોક્તા છે,' જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ, સાકર ખાવાથી સાકરનુ ફળ, અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી; તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્ત્તા હોવાથી ભોક્તા છે.

પાંચમુ પદ:—

'મોક્ષપદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને

કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોકતાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણુ પણ છે; કેમકે પ્રત્યક્ષ કપાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનુ મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવાયોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

છઠ્ઠે પદ:—

તે 'મોક્ષનો ઉપાય છે.' જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભકત્યાદિ સાધન પ્રત્યક્ષ છે. જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્‌દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે; પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજમાત્રમા તે જાગૃત થઈ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન

ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવ-પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે; એમ સ્પષ્ટ, પ્રત્યક્ષ–અત્યંત પ્રત્યક્ષ–અપરોક્ષ તેને અનુભવ થાય

૧૦

છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે; અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા. મરણનો નાશ

કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભકિતથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે; એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હ્રુદયને વિષે સ્થાપન રહો!

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મ-સ્વરૂપ પ્રગટવાથી સર્વ કાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઇ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે; કેમકે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મ-ભાવ તે જાણે કંઈ પણ ઇચ્છા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભકિતનો કર્ત્તા છે, માટે મારો છે, એમ કદી જોયુ નથી, એવા

જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભકિત નિરૂપણ કરી છે. તે ભકિત માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભકિતને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભકિતનું નિરૂપણ કર્યું છે તે ભકિતને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શકિતપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યુ છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનુ પ્રગટ કરનાર, જેના યોગે સહજ

માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!!

મું. વિ. સં. ફાલ્ગુન, ૧૯૫૦.

( ૧ )

**ગ્રંથારંભ**

( શાર્દૂલવિક્રીડિત વૃત્ત )

ગ્રંથારંભ પ્રસંગ રંગ ભરવા, કોડે કરું કામના;
બોધું ધર્મદ મર્મ ભર્મ હરવા, છે અન્યથા કામ ના;
ભાખું મોક્ષ સુબોધ ધર્મ ધનના, જોડે કથું કામના;
એમાં તત્ત્વ-વિચાર સત્ત્વ સુખદા, પ્રેરો પ્રભુ કામ ના.

---

( ૨ )

( છપ્પય )

નાભિનંદનનાથ, વિશ્વવંદન વિજ્ઞાની;
ભવબંધનના ફંદ, કરણ ખંડન સુખદાની;
ગ્રંથ પંથ આદ્યંત, ખંત પ્રેરક ભગવંતા;
અખંડિત અરિહંત, તંતહારક જયવંતા;

શ્રી મરણુહરણુ તારણુતરણુ વિશ્વોદ્ધારણુ અઘ હરે;
તે ઋષભદેવ પરમેશપદ, રાયચંદ વંદન કરે.

---

## ( ૩ )

## પ્રભુપ્રાર્થના

( દોહરા )

જળહળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન. ૧
નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન;
અભિવંદન અભિવંદના, ભયભંજન ભગવાન. ૨
ધર્મધરણુ તારણુતરણુ, ચરણુ શરણુ સન્માન;
વિઘ્નહરણુ પાવનકરણુ, ભયભંજન ભગવાન. ૩
ભદ્ર–ભરણુ ભ્રાંતિહરણુ, સુધાઝરણુ શુભવાન,
ક્લેશહરણુ ચિંતાચૂરણુ, ભયભંજન ભગવાન. ૪
અવિનાશી અરિહંત તું, એક અખંડ અમાન;
અજર અમર અણુજન્મ તું, ભયભંજન ભગવાન ૫

આનંદી અપવર્ગી તું, અકળ ગતિ અનુમાન;
આશિષ અનુકૂળ આપજે, ભયભંજન ભગવાન. ૬
નિરાકાર નિર્લેપ છો, નિર્મળ નીતિનિધાન;
નિર્મોહિક નારાયણા, ભયભંજન ભગવાન. ૭
સચરાચર સ્વયંભૂ પ્રભુ, સુખદ સોંપજે સાન;
સૃષ્ટિનાથ સર્વેશ્વરા, ભયભંજન ભગવાન. ૮
સંકટ શોક સકળ હરણ, નૌતમ જ્ઞાન નિદાન;
ઇચ્છા વિકળ અચળ કરો, ભયભંજન ભગવાન. ૯
આધિ વ્યાધિ ઉપાધિને, હરો તંત તોફાન;
કરુણાળુ કરુણા કરો, ભયભંજન ભગવાન. ૧૦
કિંકરની કંકર મતિ, ભૂલ ભયંકર ભાન;
શંકર તે સ્નેહે હરો, ભયભંજન ભગવાન. ૧૧
શક્તિ શિશુને આપશો, ભક્તિ મુક્તિનુ દાન;
તુજ જુક્તિ જાહેર છે, ભયભંજન ભગવાન. ૧૨
નીતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભજન ભગવાન. ૧૩

દયા શાંતિ ઔદાર્યતા, ધર્મ મર્મ મનધ્યાન;
સંપ જંપ વણકંપ દે, ભયભંજન ભગવાન. ૧૪
હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન;
હર ભ્રમણા ભારત તણી, ભયભંજન ભગવાન. ૧૫
તન મન ધન ને અન્નનું, દે સુખ સુધા સમાન;
આ અવનીનું કર ભલું, ભયભંજન ભગવાન. ૧૬
વિનય વિનંતિ રાયની, ધરો કૃપાથી ધ્યાન;
માન્ય કરો મહારાજ તે, ભયભંજન ભગવાન. ૧૭

વર્ષ ૧૭ મું

---

( ૪ )

(વસંતતિલકા વૃત)

સંસારમાં મન અરે કયમ મોહ પામે?
વૈરાગ્યમાં ઝટ પડચે ગતિ એ જ જામે?
માયા અહો ગણી લહે દિલ આપ આવી;
"આકાશ-પુષ્પ થકી વંધ્યસુધા વધાવી."

---

## ( ૫ )

## મુનિને પ્રણામ

( મનહરપદ )

શાંતિકે સાગર અરુ, નીતિકે નાગર નેક,
દયાકે આગર જ્ઞાન, ધ્યાનકે નિધાન હો;
શુદ્ધબુદ્ધિ બ્રહ્મચારી, મુબાની પૂર્ણ પ્યારી;
સજ્જનકે હિતકારી, ધર્મ કે ઉદ્યાન હો.
રાગદ્વેષસેં રહિત, પરમ પુનિત નિત્ય,
ગુનસેં ખચિત ચિત્ત, સર્જન સમાન હો;
રાયચંદ ધૈર્યપાલ, ધર્મઢાલ ક્રોધકાલ.
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો

( શાર્દૂલવિક્રીડિત )

માયા માન મનોજ મોહ મમતા, મિથ્યાત મોડી મુનિ,
ધોરી ધર્મ ધરેલ ધ્યાન ધરથી, ધારેલ ધૈર્ય ધૂની;
છે સંતોષ સુશીલ સૌમ્ય સમતા, ને શીયળે ચંડના,
નીતિ રાય દયા–ક્ષમાધર મુનિ, કોટી કરું વંદના.

વર્ષ ૧૭ મું.

( ૬ )

## કાળ કોઈને નહિ મૂકે

(હરિગીત)

મોતીતણી માળા ગળામાં મૂલ્યવંતી મલકતી,
હીરા તણા શુભ હારથી બહુ કંઠકાંતિ ઝળકતી;
આભૂષણોથી ઓપતા ભાગ્યા મરણને જોઈને
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૧
મણિમય મુગટ માથે ધરીને કર્ણ કુંડળ નાખતા,
કાંચન-કડાં કરમાં ધરી કશીએ કચાશ ન રાખતા.
પળમાં પડ્યા પૃથ્વીપતિ એ, ભાન ભૂતળ ખોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૨
દશ આંગળીમાં માંગલિક મુદ્રા જડિત માણિક્યથી,
જે પરમ પ્રેમે પે'રતા પોંચી કળા બારીકથી,
એ વેઢ વીંટી સર્વ છોડી ચાલિયા મુખ ધોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૩
મૂછ વાંકડી કરી ફાંકડા થઈ લીંબુ ધરતા તે પરે,
કાપેલ રાખી કાતરા હરકોઈનાં હૈયાં હરે,

એ સાંકડીમાં આવિયા છટકયા તજી સહુ સોઈ ને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈ ને. ૪

છો ખંડના અધિરાજ જે ચંડે કરીને નીપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઈ ને ભૂપ ભારે ઉપજ્યા;
એ ચતુર ચક્રી ચાલિયા હોતા નહોતા હોઈ ને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈ ને, ૫

જે રાજનીતિપુણતામાં ન્યાયવંતા નીવડયા,
અવળા કર્યે જેના બધા સવળા સદા પાસા પડયા;
એ ભાગ્યશાળી ભાગિયા તે ખટપટો સૌ ખોઈ ને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈ ને. ૬

તરવાર બહાદુર ટેક ધારી પૂર્ણતામાં પેખિયા,
હાથી હણે હાથે કરી એ કેસરી સમ દેખિયા;
એવા ભલા ભડવીર તે અંતે રહેલા રોઈ ને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈ ને. ૭

---

## ( ૭ )

## ધર્મ વિષે

### ( કવિત )

સાહ્યબી સુખદ હોય, માનતણો મદ હોય,
ખમા ખમા ખુદ હોય, તે તે કશા કામનુ ?
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય,
દોલતનો દોર હોય, એ તે સુખ નામનું;
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય;
દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું,
વદે રાયચંદ એમ, સદ્ધર્મને ધાર્યા વિના,
જાણી લેજે સુખ એ તો, બેએ જ બદામનું. ૧
મોહ માન મોડવાને, ફેલપણું ફોડવાને,
જાળફંદ તોડવાને, હેતે નિજ હાથથી,
કુમતિને કાપવાને, સુમતિને સ્થાપવાને,
મમત્વને માપવાને, સકળ સિદ્ધાંતથી;
મહામોક્ષ માણવાને, જગદીશ જાણવાને,

અજન્મતા આણુવાને, વળી ભલી ભાતથી;
અલૌકિક અનુપમ, સુખ અનુભવવાને,
ધર્મ ધારણાને ધારો, ખરેખરી ખાંતથી. ૨
દિનકર વિના જેવો, દિનનો દેખાવ દીસે,
શશી વિના જેવી રીતે, શર્વરી સુહાય છે;
પ્રજાપતિ વિના જેવી, પ્રજા પુરતણી પેખો,
સુરસ વિનાની જેવી, કવિતા કહાય છે;
સલિલ વિહીન જેવી, સરિતાની શોભા અને,
ભર્ત્તાર વિહીન જેવી, ભામિની ભળાય છે;
વદે રાયચંદ વીર, સદ્ધર્મને ધાર્યા વિના,
માનવી મહાન તેમ, કુકર્મી કળાય છે. ૩
ચાતુરો ચોંપેથી ચાહી, ચિંતામણિ ચિત્ત ગણે,
પંડિતો પ્રમાણે છે, પારસમણિ પ્રેમથી;
કવિઓ કલ્યાણકારી, કલ્પતરુ કથે જેને,
સુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી,
આત્મના ઉદ્ધારને, ઉમંગથી અનુસરો જો,
નિર્મળ થવાને કાજે, નમો નીતિ નેમથી;

વદે રાયચંદ વીર, એવું ધર્મરૂપ જાણી,
"ધર્મવૃત્તિ ધ્યાન ધરો, વિલખો ન"વે"મથી." ૪

ધર્મ વિના પ્રીત નહીં, ધર્મ વિના રીત નહીં,
ધર્મ વિના હિત નહીં, કથું જન કામનું,
ધર્મ વિના ટેક નહીં, ધર્મ વિના નેક નહીં,
ધર્મ વિના ઐક્ય નહીં, ધર્મ ધામ રામનું,
ધર્મ વિના ધ્યાન નહીં, ધર્મ વિના જ્ઞાન નહીં,
ધર્મ વિના ભાન નહીં, જીવ્યુ કોના કામનુ?
ધર્મ વિના તાન નહીં, ધર્મ વિના સાન નહીં,
ધર્મ વિના ધનધામ, ધાન્ય ધૂળધાણી ધારો,
ધર્મ વિના ધરણીમાં, ધિક્કતા ધરાય છે;
ધર્મ વિના ધીમંતની, ધારણાઓ ધોખો ધરે,
ધર્મ વિના ધાર્યું ધૈર્ય, ધુમ્ર થઈ ધમાય છે;
ધર્મ વિના ધરાધર, ધુતાશે, ન ધામધૂમે,
ધર્મ વિના ધ્યાની ધ્યાન, ઢોંગઢંગે ધાય છે;
ધારો, ધારો ધવળ, સુધર્મની ધુરંધરતા,
ધન્ય! ધન્ય! ધામે ધામે, ધર્મથી ધરાય છે. ૬

વિ. સં. ૧૯૪૧.

## ( ૮ )
## સર્વ માન્ય ધર્મ
### ( ચોપાઈ )

ધર્મતત્ત્વ જો પૂછ્યું મને,
તો સંભળાવું સ્નેહે તને;
જે સિદ્ધાંત સકળનો સાર,
સર્વમાન્ય સહુને હિતકાર. ૧

ભાખ્યુ ભાષણમાં ભગવાન,
ધર્મ ન બીજો દયા સમાન;
અભયદાન .સાથે સંતોષ,
દ્યો પ્રાણીને, દળવા દોષ; ૨

સત્ય શીળ ને સઘળાં દાન,
દયા હોઈને રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો એ નહીં એક,
વિના સૂર્ય કિરણ નહીં દેખ. ૩

પુષ્પપાંખડી જ્યાં દૂભાય,
જિનવરની ત્યાં નહીં આજ્ઞાય;

સર્વ જીવનું ઇચ્છો સુખ,
મહાવીરની શિક્ષા મુખ્ય. ૪
સર્વ દર્શને એ ઉપદેશ,
એ એકાંતે. નહીં વિશેષ,
સર્વ પ્રકારે જિનનો બોધ,
દયા દયા નિર્મળ અવિરોધ! ૫
એ ભવતારક સુંદર રાહ,
ધરિયે તરિયે કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શુભ મૂળ,
એ વણ ધર્મ સદા પ્રતિકૂળ. ૬
તત્ત્વરૂપથી એ ઓળખે,
તે જન પહોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ,
રાજચંદ્ર કરુણાએ સિદ્ધ. ૭

વિ. સં. ૧૯૪૨.

## ( ૯ )
## ભક્તિનો ઉપદેશ
( તોટક છંદ )

શુભ શીતળતામય છાંય રહી,
મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુ કલ્પ અહો,
ભજીને ભગવંત ભવંત લહો. ૧
નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે,
મનતાપ ઉતાપ તમામ મટે;
અતિ નિર્જરતા વણ દામ ગ્રહો,
ભજીને ભગવંત ભવંત લહો. ૨
સમભાવી સદા પરિણામ થશે,
જડ મંદ અધોગતિ જન્મ જશે;
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો,
ભજીને ભગવંત ભવંત લહો. ૩
શુભ ભાવવડે મન શુદ્ધ કરો,
નવકાર મહાપદને સમરો;

નહિ એહ સમાન સુમંત્ર કહો,
ભજીને ભગવંત ભવંત લહો. ૪
કરશો ક્ષય કેવળ રાગ કથા,
ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા;
નૃપચંદ્ર પ્રપંગ અનંત દહો,
ભજીને ભગવંત ભવંત લહો. ૫

વિ. સં ૧૯૪૧.

---

## ( ૧૦ )

## બ્રહ્મચર્ય વિષે સુભાષિત

( દોહરા )

નીરખીન નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન. ૧
આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ. ૨
એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;

નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર. ૩
વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન. ૪
જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ. ૫
સુંદર શિયળ સુરતરુ, મન વાણી ને દેહ;
જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ. ૬
પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન. ૭

વિ. સં. ૧૯૪૧.

---

## (૧૧)
## સામાન્ય મનોરથ
(સવૈયા)

મોહિનીભાવ વિચાર અધીન થઈ,
ના નીરખું નયને પરનારી;

પથ્થરતુલ્ય ગણું પરવૈભવ,
નિર્મળ તાત્ત્વિક લોભ સમારી! ૧

દ્વાદશવ્રત અને દીનતા ધરી,
સાત્ત્વિક થાઉં સ્વરૂપ વિચારી;
એ મુજ નેમ સદા શુભ ક્ષેમક,
નિત્ય અખંડ રહો ભવહારી. ૨

તે ત્રિશલાતનયે મન ચિંતવી,
જ્ઞાન. વિવેક, વિચાર વધારું;
નિત્ય વિશોધ કરી નવ તત્ત્વનો,
ઉત્તમ બોધ અનેક ઉચ્ચારું. ૩

સંશયબીજ ઊગે નહિ અંદર,
જે જિનનાં કથનો અવધારું;
રાજ્ય, સદા મુજ એ જ મનોરથ,
ધાર, થશે અપવર્ગઉતારું. ૪

વિ. સં. ૧૯૪૧.

## ( ૧૨ )

## તૃષ્ણાની વિચિત્રતા

### ( મનહર છંદ )

( એક ગરીબની વધતી ગયેલી તૃષ્ણા )

હતી દીનતાઈ ત્યારે તાકી પટેલાઈ અને,
મળી પટેલાઈ ત્યારે તાકી છે શેઠાઈને;
સાંપડી શેઠાઈ ત્યારે તાકી મંત્રિતાઈ અને,
આવી મંત્રિતાઈ ત્યારે તાકી નૃપતાઈને;
મળી નૃપતાઈ ત્યારે તાકી દેવતાઈ અને
દીઠી દેવતાઈ ત્યારે તાકી શંકરાઈને;
અહો ! રાજચંદ્ર માનો માનો શંકરાઈ મળી,
વધે તૃષણાઈ તો ય જાય ન મરાઈને. ૧
કરોચલી પડી દાઢી ડાચાં તણો દાટ વળ્યો;
કાળી કેશપટી વિષે, શ્વેતતા છવાઈ ગઈ;
સૂંઘવું સાંભળવું, ને દેખવું તે માંડી વાળ્યું,
તેમ દાંત–આવલી તે, ખરી કે ખવાઈ ગઇ.

વળી કેડ વાંકી, હાડ ગયાં, અંગરંગ ગયો,
ઊઠવાની આય જતાં, લાકડી લેવાઈ ગઈ;
અરે! રાજચંદ્ર એમ. યુવાની હરાઈ પણ,
મનથી ન તોય રાંડ, મમતા મરાઈ ગઈ. ૨

કરોડોના કરજના, શિર પર ડંકા વાગે,
રોગથી રૂંધાઈ ગયું શરીર સૂકાઈને;
પુરપતિ પણ માથે, પીડવાને તાકી રહ્યો,
પેટ તણી વેઠ પણ, શકે ન પુરાઈને;
પિતૃ અને પરણી તે, મચાવે અનેક ધંધ,
પુત્ર, પુત્રી ભાખે ખાઉં ખાઉં દુઃખદાઈને;
અરે! રાજચંદ્ર તો ય. જીવ ઝાવાદાવા કરે,
જંજાળ છંડાય નહીં, તજી તૃષનાઈને. ૩

થઈ ક્ષીણ નાડી, અવાચક જેવો રહ્યો પડી,
જીવન-દીપક પામ્યો કેવળ ઝંખાઈને;
છેલ્લી ઇસે પડયો ભાળી ભાઈએ ત્યાં એમ ભાખ્યું,
હવે ટાઢી માટી થાય તો તો ઠીક ભાઈને

હાથને હલાવી ત્યાં તો, ખીજી ખુદ્ધે સૂચવ્યું એ,
બોલ્યા વિના બેસ, બાળ તારી ચતુરાઈ ને!
અરે! રાજચંદ્ર દેખો દેખો આશાપાશ કેવો?
જતાં ગઈ નહીં ડોશે મમતા મરાઈ ને!

વિ. સં. ૧૯૪૧

---

## અમૂલ્ય તત્ત્વવિચાર

(હરિગીત છંદ)

(૧૩)

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો, આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો? ૧
લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!! ૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે, પશ્ચાત દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો. ૫

વિ. સં. ૧૯૪૧.

## ( ૧૪ )

## જિનેશ્વરની વાણી

( મનહર છંદ )

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની છે;
સકળ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ, મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો! રાજચંદ્ર બાલ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે

વિ. સં. ૧૯૪૧.

---

## ( ૧૫ )

## પૂર્ણમાલિકા મંગલ

( ઉપજાતિ )

તપોપધ્યાને રવિરૂપ થાય.
એ સાધીને સોમ રહી સુહાય;

મહાન તે મંગળ પંક્તિ પામે,
આવે પછી તે બુધના પ્રણામે. ૧

નિર્ગ્રંથજ્ઞાતા ગુરુ સિદ્ધિદાતા,
કાં તો સ્વયં શુક્ર પ્રપૂર્ણ ખ્યાતા;
ત્રિયોગ ત્યાં કેવળ મંદ પામે,
સ્વરૂપ સિદ્ધ વિચારી વિરામે. ૨

વિ. સં. ૧૯૪૧.

---

## ( ૧૬ )

## અનિત્ય ભાવના

( ઉપજાતિ )

વિદ્યુત્ લક્ષ્મી પ્રભુતા પતંગ,
આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ-રંગ,
શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ!

---

## અશરણ ભાવના

( ઉપજાતિ )

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

## એકત્વ ભાવના

( ઉપજાતિ )

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય,
તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વ-આત્મ પોતે,
એકત્વ એથી નય સુજ્ઞ ગોતે.

( શાર્દૂલવિક્રીડિત )

રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી;
બૂઝયો ત્યાં કકળાટ કંકણતણો, શ્રોતી નમિ ભૂપતિ;
સંવાદે પણ ઇંદ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું;
એવા એ મિથિલેશનું ચરિત આ સંપૂર્ણ અત્રે થયું.

## અન્યત્વ ભાવના

( શાર્દૂલવિક્રીડિત )

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના;
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના;
રે! રે! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના;

( શાર્દૂલવિક્રીડિત )

દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા;
છાંડી રાજસમાજને ભરતજી કૈવલ્યજ્ઞાની થયા;
ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા;
જ્ઞાનીનાં મન તેહ રંજન કરો, વૈરાગ્ય ભાવે યથા.

---

## અશુચિ ભાવના

( ગીતિવૃત્ત )

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ,
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

---

## નિવૃત્ત બોધ

(નારાચ છંદ)

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા!
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં વિચિત્રતા!!
ઉઘાડ ન્યાય-નેત્રને નિહાળ રે! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

---

(દોહરા)

૧.

જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર.

૨.

જ્ઞાની કે અજ્ઞાનીજન, સુખદુઃખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી અજ્ઞાની વેદે રોય.

૩.

મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પલાય;
વીતરાગવાણી વિના!, અવર ન કોઈ ઉપાય

૪.

જન્મ, જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ;
કારણ તેનાં બે કહ્યાં, રાગ–દ્વેષ અણુહેતુ.

૫.

વચનામૃત વીતરાગનાં, પરમ શાતરસમૂળ;
ઔષધ જે ભવ રોગનાં, કાયરને પ્રતિકૂળ.

---

( ૧૭ )

સુખકી સહેલી હે, અકેલી ઉદાસીનતા;
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.

લઘુ વયથી અદ્ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ,
એજ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ? ૧
જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય? ૨
જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત:
તેમ તેમ ભવશંકના, અપાત્ર અંતર જ્યોત. ૩

કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર;
પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર. ૪

આ ભવ વણ ભવ છે નહીં, એ જ તર્ક અનુકૂળ;
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ. ૫

વિ સં. ૧૯૪૧.

---

( ૧૮ )

ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ. ૧

તેહ તત્ત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ. ૨

પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર;
અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર. ૩

ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ;
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય. ૪

બાહ્ય તેમ અભ્યંતરે, ગ્રંથ ગ્રંથિ નહીં હોય;
પરમ પુરુષ તેને કહો, સરળ દૃષ્ટિથી જોય. ૫
વિ. સં. ૧૯૪૫.

---

## ( ૧૯ )

### ( ચોપાઈ )

૧ લોક પુરુષસંસ્થાને કહ્યો,
એનો ભેદ તમે કંઈ લહ્યો?
એનુ કારણ સમજ્યા કાંઈ,
કે સમજાવ્યાની ચતુરાઈ?
શરીર પરથી એ ઉપદેશ,
જ્ઞાન દર્શને કે ઉદ્દેશ;
જેમ જણાવો સુણીએ તેમ,
કાં તો લઈએ દઈએ ક્ષેમ.

૨ શું કરવાથી પોતે સુખી?
શું કરવાથી પોતે દુઃખી?

પોતે શું? ક્યાંથી છે આપ?
એનો માગો શીઘ્ર જવાપ.
૩ જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ,
જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;
પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન,
પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.
ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય,
તે ઉપજવા પૂર્વિત ભાગ્ય;
તેમ નહીં તો કંઈ સત્સંગ,
તેમ નહીં તો કંઈ દુઃખરંગ.

૪ જે ગાયો તે સઘળે એક,
સકળ દર્શને એ જ વિવેક,
સમજાવ્યાની શૈલી કરી,
સ્યાદ્‌વાદ સમજણ પણ ખરી.
મૂળ સ્થિતિ જો પૂછો મને,
તો સોંપી દઉં યોગી કને,

પ્રથમ અંત ને મધ્યે એક,
લોકરૂપ અલોકે દેખ.
જીવાજીવ સ્થિતિને જોઈ,
ટળ્યો ઓરતો શંકા ખોઈ;
એમ જ સ્થિતિ ત્યાં નહીં ઉપાય,
"ઉપાય કાં નહીં ?" શંકા જાય.

એ આશ્ચર્ય જાણે તે જાણ,
જાણે જ્યારે પ્રગટે ભાણ;
સમજે બંધ-મુક્તિયુત જીવ,
નીરખી ટાળે શોક સદીવ.

બંધયુકત જીવકર્મ સહિત,
પુદગલરચના કર્મ ખચીત;
પુદગલજ્ઞાન પ્રથમ લે જાણ,
નરદેહે પછી પામે ધ્યાન,
જો કે પુદ્ગલનો એ દેહ,
તોપણ ઓર સ્થિતિ ત્યા છેહ;

સમજણ બીજી પછી કહીશ,
જ્યારે ચિત્ત સ્થિર થઈશ.

૫ જહાં રાગ અને વળી દ્વેષ,
તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ,
સકળ દુઃખનો છે ત્યાં નાશ.
સર્વ કાલનું છે ત્યાં જ્ઞાન,
દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા,
રામ ધામ આવીને વસ્યા.

મું ફા વદ ૧, ૧૯૪૬.

---

( ૨૦ )

આજ મને ઉછરંગ અનુપમ,
જન્મકૃતાર્થ જોગ જણાયો:

વાસ્તવ્ય વસ્તુ, વિવેક વિવેચક,
તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.

મું, વૈ. વદ ૫, ગુરુ, ૧૯૪૬.

---

( ૨૧ )

હોત આસવા પરિસવા, નહિ ઇનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ. ભૂલ ગયે ગત એહિ.
રચના જિન ઉપદેશકી. પરમોત્તમ તિનુ કાલ;
ઇનમેં સબ મત રહત હૈં, કરતે નિજ સંભાલ.
જિન સો હી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિનવચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ.
જબ જાન્યો નિજરૂપકો, તબ જાન્યો સબ લોક;
નહિ જાન્યો નિજરૂપકો, સબ જાન્યો સો ફોક.
એહિ દિશાકી મૂઢતા, હૈ નહિ જિનપે ભાવ;
જિનસે ભાવ બિનુ કબૂ, નહિ છૂટત દુઃખદાવ.
વ્યવહારસે દેવ જિન, નિહચેસે હૈ આપ;
એહિ બચનસે સમજ લે, જિન પ્રવચનકી છાપ.

એહિ નહીં હૈ કલ્પના, એહિ નહીં વિભંગ;
જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ.
સં. વૈ. વદ ૪. ગુરુ, ૧૯૪૫.

---

( ૨૨ )

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.
સમજ પિછે સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ
યે મુશકીલ ક્યા કહું?
ખોજ પિંડ બ્રહ્માંડકા, પત્તા તો લગ જાય;
યેહિ બ્રહ્માંડિ વાસના, જબ જાવે તબ....
આપ આપકું ભુલ ગયા, ઇનસે ક્યા અંધેર?
સમર સમર અબ હસત હૈં, નહિ ભૂલેંગે ફેર.
જહાં કલપના-જલપના, તહાં માનુ દુઃખ છાંઈ;
મિટે કલપના-જલપના, તબ વસ્તુ તિન પાઈ
હે જીવ, ક્યા ઇચ્છત હવે? હૈ ઇચ્છા દુઃખમૂલ;

જબ ઇચ્છાકં નાશ તબ, મિટે અનાદિ ભૂલ.
ઐસી કહાંસે મતિ ભઈ, આપ આપ હૈ નાહિ;
આપનકું જબ ભૂલ ગયે, અવર કહૉસે લાઈ.
આપ આપ એ શોધસે, આપ આપ મિલ જાય;
આપ મિલન નય બાપકો;

મું. વૈ. વદ ૪, ગુરુ, ૧૯૪૬.

( ૨૩ )

ૐ નમઃ

૧ બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ,
અથવા અસદ્‌ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.
૨ પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુયોગ,
વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.
૩ નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.

મોરબી, આસો, ૧૯૪૬.

( ૨૪ )

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧

બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨

એહિ નહિ હૈ કલ્પના, એહી નહિ વિભંગ;
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ ૩

નહિ દે તું ઉપદેશકું. પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ ૪

જપ, તપ. ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સતકી, પાઈ કૃપા અનૂપ ૫

પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬

સં. અ. ૧૯૪૭.

( ૨૫ )

( દોહરા )

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ? ૨
નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપતણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩
જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪
'હું' પામર શું કરી શકું?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫
અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬
અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દઢ ભાન;
સમજ નહીં નિજધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮
કાળદોષ કલિથી થયો, નહિ 'મર્યાદાધર્મ';
તોયે નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦
તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માહીં. ૧૧
અહંભાવથી રહિત નહિ. સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ ૧૨
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩
કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪
અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને. મૂક્યું નહિ અભિમાન. ૧૫

સંત-ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્‌સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય? ૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુપાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય? ૧૮
અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?
પડી પડી તુજ પદપંકજે, ફરીફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેજ. ૨૦

રાળજ, ભા. સુદ ૮, ૧૯૪૭.

---

(૨૬)

ૐ સત્

(તોટક છંદ)

યમ નિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;

વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧
મનપૌન–નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,
ઉરસેંહિ ઉદાસી લહિ સબપે
સબ શાસ્ત્રનકે નય ધારી હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩
અબ ક્યોં ન બિચારત હૈ મનસે,
કછુ ઔર રહા ઉન સાધનસે?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈ કહ બાત કહે? ૪
કરુના હમ પાવત હૈ તુમકી,
વહ બાત રહી સુગુરુગમકી;

પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસે. ૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

વહ સત્ય સુધા દરસાવહિંગે,
ચતુરાંગુલ હૈ દૃગસેં મિલહૈ;
રસ દેવ નિરંજનકો પિવહી,
ગહિ જોગ જુગોજુગ સો જિવહી. ૭

પરપ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયે. ૮

રાળજ, ભા સુ. ૮, ૧૯૪૭.

( ૨૭ )

૧ જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ,
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ? ૨
જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩
બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન,
પણ નહિ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન. ૪
વર્તે બંધ પ્રસંગમાં, તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્માને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫
ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત? ૬
પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭
જડચેતનસંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્ત્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ,
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯
હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય.
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦
૨ પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યુ ભાન નિજ, તેને સદા પ્રણામ. ૧

---

( ૨૮ )

જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.
જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યુ, સાક્ષી છે આગમ અહીં,
એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૧
નહિ ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિચાતુરી,
નહિ મંત્ર-તંત્રો જ્ઞાન દાખ્યા, જ્ઞાન નહિ ભાષા ઠરી;
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યુ, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૨

આ જીવને આ દેહ એવો, ભેદ જો ભાસ્યો નહીં;
પચખાણ કીધા ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૩

કેવળ નહીં બ્રહ્મચર્યથી,
કેવળ નહીં સંયમ થકી, પણ જ્ઞાન કેવળથી કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૪

શાસ્ત્રો વિશેષ સહિત પણ જો, જાણિયું નિજરૂપને,
કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;
તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૫

આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી,
તો જ્ઞાન ભાખ્યુ તેહને, અનુસાર તે મોક્ષાર્થથી,
નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાભળો. ૬

ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં,
શ્રી નંદીસૂત્રે ભાખિયાં છે, ભેદ જ્યાં સિદ્ધાંતના;
પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં, એ જ ઠેકાણે ઠરો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૭
વ્રત નહીં પચખાણ નહીં, નહિ ત્યાગ વસ્તુ કોઈનો,
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણુંગ જોઈ લો.
છેદ્યો અનંતા

રાળજ, ભા. ૧૯૪૭.

---

( ૨૯ )

ૐ

૧ અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને.
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો? અપૂર્વ૦
૨ સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;

અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦

૩ દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
દેહભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્ત્તે એવું શુદ્ધસ્વરૂપનુ ધ્યાન જો. અપૂર્વ૦

૪ આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો અપૂર્વ૦

૫ સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો અપૂર્વ૦

૬ પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;

દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ.
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ૦

૭ ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષીભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦

૮ બહુ ઉપસર્ગકર્ત્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ–નિદાન જો. અપૂર્વ૦

૯ નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ. નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦

૧૦ શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;

શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦
૧૯ પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન. જ્ઞાન અનંત સહિત જો અપૂર્વ૦
૨૦ જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦
૨૧ એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં.
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦
મું. કા ૧૯૫૩.

( ૩૦ )

ॐ

શ્રીસદ્‌ગુરુચરણાય નમઃ

મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ મૂળ૦
નો'ય પૂજાદિની જો કામના રે
નો'ય વ્હાલું અંતર ભવદુઃખ મૂળ૦ ૧

કરી જોજો વચનની તુલના રે,
જોજો શોધીને જિનસિદ્ધાંત; મૂળ૦
માત્ર કહેવું પરમારથ હેતુથી રે,
કોઈ પામે મુમુક્ષુ વાત. મૂળ૦ ૨

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરુદ્ધ; મૂળ૦
જિનમારગ તે પરમાર્થથી રે,
એમ કહ્યું સિદ્ધાંતે બુધ. મૂળ૦ ૩

જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦

૧૧ એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા;
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦

૧૨ ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની;
સર્વે માન્યાં પુદ્‌ગલ એક સ્વભાવ જો. અપૂર્વ૦

૧૩ એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપક તણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધસ્વભાવ જો. અપૂર્વ૦

૧૪ મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;

અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવલજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦

૧૫ ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ૦

૧૬ વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે;
આયુષ પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો અપૂર્વ૦

૧૭ મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્‌ગલસંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦

૧૮ એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો;

શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦
૧૯ પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો અપૂર્વ૦
૨૦ જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦
૨૧ એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦
મું. કા ૧૯૫૩.

( ૩૦ )

ૐ

શ્રીસદ્‌ગુરુચરણાય નમ:

મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ મૂળ૦
નો'ય પૂજાદિની જો કામના રે
નો'ય વ્હાલું અંતર ભવદુઃખ મૂળ૦ ૧

કરી જોજો વચનની તુલના રે,
જોજો શોધીને જિનસિદ્ધાંત; મૂળ૦
માત્ર કહેવું પરમારથ હેતુથી રે,
કોઈ પામે મુમુક્ષુ વાત. મૂળ૦ ૨

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરુદ્ધ; મૂળ૦
જિનમારગ તે પરમાર્થથી રે,
એમ કહ્યું સિદ્ધાંતે બુધ. મૂળ૦ ૩

લિંગ અને ભેદો જે વ્રતના રે,
દ્રવ્ય દેશ કાળાદિ ભેદ; મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,
તે તો ત્રણે કાળે અભેદ. મૂળ૦ ૪

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે,
સંક્ષેપે સુણો પરમાર્થ. મૂળ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે,
સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂળ૦ ૫

છે દેહાદિથી ભિન્ન આત્મા રે,
ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦
એમ જાણે સદ્ગુરુ–ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦ ૬

જે જ્ઞાને કરીને જાણિયું રે,
તેની વર્તે છે શુદ્ધ પ્રતીત; મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે,
જેનું બીજું નામ સમકિત. મૂળ૦ ૭

જેમ આવી પ્રતીતિ જીવની રે;
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ; મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે,
નામ ચારિત્ર તે અણલિંગ. મૂળ૦ ૮
તે ત્રણે અભેદ પરિણામથી રે,
જ્યારે વર્તે તે આત્મારૂપ; મૂળ૦
તેહ મારગ જિનનો પામિયો રે,
કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂળ૦ ૯
એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે,
અને જવા અનાદિ બંધ; મૂળ૦
ઉપદેશ સદ્‌ગુરુનો પામવો રે,
ટાળી સ્વચ્છંદને પ્રતિબંધ. મૂળ૦ ૧૦
એમ દેવ જિનંદે ભાખિયું રે,
મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ; મૂળ૦
ભવ્ય જનોના હિતને કારણે રે,
સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂળ૦ ૧૧

આણંદ, આસો સુદ ૧, ૧૯૫૨.

( ૩૧ )

ૐ

( ગીત )

પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે;
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિરાગે ૧
મૂળ પરમપદ કારણ, સમ્યક્‌દર્શન જ્ઞાનચરણ પૂર્ણ;
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરિપૂર્ણ. ૨
જે ચેતન જડ ભાવો, અવલોક્યા છે મુનીંદ્ર સર્વજ્ઞે;
તેવી અંતર આસ્થા, પ્રગટ્યે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે. ૩
સમ્યગ્ પ્રમાણ પૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે;
સમ્યગ્ જ્ઞાન કહ્યું તે, સંશય, વિભ્રમ, મોહ ત્યાં નાશે. ૪
વિષયારંભનિવૃત્તિ, રાગદ્વેષનો અભાવ જ્યાં થાય;
સહિત સમ્યગ્દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય. ૫
ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;
પૂર્ણ પરમપદ પ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય. ૬
જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આશ્રવ તથા બંધ;
સંવર, નિર્જરા, મોક્ષ, તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ. ૭

જીવ, અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય;
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન મુનિરાય. ૮
વવા૦ કા ૧૯૫૩.

---

( ૩૨ )

ધન્ય રે દિવસ આ અહો,
જાગી રે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઉલસી,
મટ્યો ઉદયકર્મનો ગર્વ રે ધન્ય૦ ૧
ઓગણીસસેં ને એકત્રીસે,
આવ્યા અપૂર્વ અનુસાર રે;
ઓગણીસસેં ને બેતાલીસે
અદ્‌ભુત વૈરાગ્યધાર રે ધન્ય૦ ૨
ઓગણીસસેં ને સુડતાલીસે,
સમકિત શુદ્ધ પ્રકાશ્યુ રે;
શ્રુત અનુભવ વધતી દશા,
નિજ સ્વરૂપ અવભાસ્યુ રે ધન્ય૦ ૩

ત્યાં આવ્યો રે ઉદય કારમો
પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ,
તેમ વધે ન ઘટે રંચ રે. ધન્ય૦ ૪

વધતું એમ જ ચાલિયું,
હવે દીસે ક્ષીણ કાંઈ રે;
ક્રમે કરીને રે તે જશે,
એમ ભાસે મનમાંહીં રે. ધન્ય૦ ૫

યથા હેતુ જે ચિત્તનો,
સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી,
એમ થયો નિરધાર રે. ધન્ય૦ ૬

આવી અપૂર્વ વૃત્તિ અહો,
થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા,
સ્પર્શીને દેહ-વિયોગ રે. ધન્ય૦ ૭

અવશ્ય કર્મનો ભોગ છે,
ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને,
જાશું સ્વરૂપ સ્વદેશ રે. ધન્ય૦ ૮

વવા૦ ફા. વદ ૧૨, ૧૯૫૩.

---

( ૩૩ )

૧ જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બંને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ–અન્તનો ઉપાય છે.

૨ દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.

મું૦ કા૦ વદ ૧૧, ૧૯૫૬,

---

( ૩૪ )

સદ્‌ગુરુના ઉપદેશથી, સમજે જિનનું રૂપ;
તો તે પામે નિજદશા, જિન છે આત્મસ્વરૂપ. ૧
પામ્યા શુદ્ધ સ્વભાવને, છે જિન તેથી પૂજ્ય;
સમજો જિનસ્વભાવ તો, આત્મભાનનો ગુંજ્ય. ૨

સ્વરૂપસ્થિત, ઇચ્છારહિત, વિચરે પૂર્વપ્રયોગ;
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્‌ગુરુલક્ષણ યોગ્ય. ૩
નડીઆદ, આ૦ વદ ૨, ૧૯૫૨.

---

( ૩૫ )

ૐ શ્રી જિનપરમાત્મને નમઃ

૧ ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩
જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ. ૪
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્‌ગુરુવડે, જિનદર્શન અનુયોગ. ૬
પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ ૭
વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહીં આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦
નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણયોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧

૨ આવ્યે બહુ સમ દેશમાં, છાયા જાય સમાઈ
આવ્યે તેમ સ્વભાવમાં મન સ્વરૂપ પણ જાઈ. ૧
ઊપજે મોહ–વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર. ૨

૩ સુખધામ અનંત સુસંત ચહી, દિન-રાત્ર તદ્ધ્યાનમહીં;
પરશાન્તિ અનંત સુધામય જે, પ્રણમુ પદ તે વર તે જયતે

રાજકોટ, ચૈત્ર સુદ ૯, ૧૯૫૭.

---

( ૩૬ )

ૐ

આત્મસિદ્ધ

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત. ૧
વર્તમાન આ કાળમા, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨
કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમા કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ ૩
બાહ્ય ક્રિયામા રાચતા, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ. ૪
બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહી;
વર્તે મોહાવેશમા, શુષ્કજ્ઞાની તે આંહી. ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન, ૬
ત્યાગ–વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ–વિરાગમાં, તો ભૂલે નિજભાન. ૭
જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮
સેવે સદ્ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯
આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ–લક્ષણ યોગ્ય ૧૦
પ્રત્યક્ષસદ્ગુરુ સમ નહિ, પરોક્ષ જિનઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧
સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨
આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર ૧૩

અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪
રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યુ જિન નિર્દોષ. ૧૫
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬
સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭
માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;
જાતા સદ્‌ગુરુ-શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮
જે સદ્‌ગુરુ-ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯
એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦
અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;
મહામોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહી. ૨૧

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩

## મતાર્થી-લક્ષણ

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪

જે જિનદેહપ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ. ૨૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજ માનાર્થે મુખ્ય ૨૬

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજ મતવેષનો, આગ્રહ મુક્તિનિદાન. ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત-અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮

અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯

જ્ઞાનદશા પામે નહીં, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહી. ૩૦

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ;
પામે નહિ પરમાર્થને, અન્-અધિકારીમાં જ. ૩૧

નહિ કષાય-ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય; ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ. ૩૩

## આત્માર્થી-લક્ષણ

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુકલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪

પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ–અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧

ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુશિષ્યસંવાદથી, ભાખું ષટ્પદ આંહી. ૪૨

'આત્મા છે,' 'તે નિત્ય છે,' 'છે કર્ત્તા નિજકર્મ;'
'છે ભોક્તા' વળી 'મોક્ષ છે,' 'મોક્ષ ઉપાય સુધર્મ.' ૪૩

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

(૧) શંકા-શિષ્ય ઉવાચઃ-

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવ સ્વરૂપ. ૪૫

અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ. ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭

માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર-શંકાતણો, સમજાવો સદુપાય. ૪૮

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન-લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩
જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દૃશ્ય;
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ; ૬૪
જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫
કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬
ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ-સંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય. ૬૭
આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮
અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯
ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

(૩) શંકા—શિષ્ય ઉવાચ :-

કર્ત્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્ત્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર-પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

માટે મોક્ષ-ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્ત્તાપણું, કાં નહિ, કાં નહિ જાય. ૭૩

(૩) સમાધાન—સદ્‌ગુરુ ઉવાચ —

હોય ન ચેતનપ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમ જ નહિ જીવધર્મ. ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬

(૧) સમાધાન—સદ્દગુરુ ઉવાચ:—

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન ૫૦

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧

છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇંદ્રીના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨

દેહ ન જાણે તેહને, જાણે ન ઇન્દ્રીય પ્રાણ;
આત્માની સત્તાવડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪

ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન? ૫૫

પરમ બુદ્ધિ કૃષ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ ૫૬
જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭
આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

(૨) શંકા—શિષ્ય ઉવાચ :-

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯
બીજી શંકા થાય ત્યાં, આત્મા નહિ અવિનાશ;
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ. ૬૦
અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

(૨) સમાધાન—સદ્‌ગુરુ ઉવાચ :-

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય ? ૬૨

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન-લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩
જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દૃશ્ય;
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ; ૬૪
જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫
કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬
ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ-સંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય. ૬૭
આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮
અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯
ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

(૩) શંકા—શિષ્ય ઉવાચ :-

કર્ત્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્ત્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર-પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

માટે મોક્ષ-ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્ત્તાપણું, કાં નહિ, કાં નહિ જાય. ૭૩

(૩) સમાધાન—સદ્‌ગુરુ ઉવાચ :—

હોય ન ચેતનપ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમ જ નહિ જીવધર્મ. ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬

કર્ત્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષપ્રભાવ. ૭૭

ચેતન જો નિજભાનમાં, કર્ત્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજભાનમાં, કર્ત્તા કર્મ-પ્રભાવ. ૭૮

(૪) શંકા-શિષ્ય ઉવાચઃ-

જીવ કર્મ-કર્ત્તા કહો, પણ ભોક્તા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય? ૭૯

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોકતાપણું સધાય;
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્ય સ્થાન નહિ કોય ૮૧

(૪) સમાધાન-સદ્ગુરુ ઉવાચ

ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ,
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોકતાપણું જણાય. ૮૩
એક રાંક ને એક નૃપ. એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય. ૮૪
ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર ૮૫
તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ,
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬

(૫) શંકા-શિષ્ય ઉવાચઃ-

કર્ત્તા ભોકતા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭
શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય,
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮

(૫) સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ.-

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ,
તેમ નિવૃત્તિ-સફળતા, માટે મોક્ષ સુજાણ ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ. ૯૦
દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખ ભોગ. ૯૧

(૬) શંકા-શિષ્ય ઉવાચ–

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? ૯૨
અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩
કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ ૯૪
તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ–ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય? ૯૫
પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્‌ભાગ્ય. ૯૬

## (૬) સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ.-

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવ-અંત. ૯૯

રાગ, દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તેજ મોક્ષનો પંથ. ૧૦૦

આત્મ સત્ ચૈતન્યમય; સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. ૧૦૨

કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ? ૧૦૪
છોડી મત દર્શનતણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫
ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬
જાતિ-વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭
કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ. ૧૦૮
તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ ૧૦૯
મતદર્શન-આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦
વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨
કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ ૧૧૩
કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય,
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪
છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્ત્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬
શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ. ૧૧૭
નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય. ૧૧૮

## શિષ્ય—બોધબીજપ્રાપ્તિ

સદ્ગુરુના ઉપદેશથી, આવ્યુ અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયુ અજ્ઞાન. ૧૧૯

ભાસ્યુ નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

કર્ત્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાય. ૧૨૧

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્ત્તા ભોકતા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

અહો! અહો! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૧૨૪

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬
ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭

---

## ઉપસંહાર

દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનકમાંહી;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮
આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯
જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ,
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦
નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧
નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨

૩. કોઈ ક્રિયાને જ વળગી રહ્યા છે અને કોઈ શુષ્કજ્ઞાનને જ વળગી રહ્યા છે; એમ મોક્ષમાર્ગ માને છે, જે જોઈને દયા આવે છે.

૪. બાહ્યક્રિયામાં જ માત્ર રાચી રહ્યા છે, અંતર કંઈ ભેદાયું નથી; અને જ્ઞાનમાર્ગને નિષેધ્યા કરે છે; તે અહીં ક્રિયાજડ કહ્યા છે.

૫ બંધ-મોક્ષ માત્ર કલ્પના છે, એવાં નિશ્ચય-વાકય માત્ર વાણીમાં બાલે છે અને તથારૂપ દશા થઈ નથી, મોહના પ્રભાવમાં વર્તે છે; એ અહીં શુષ્કજ્ઞાની કહ્યા છે.

૬. વૈરાગ્યત્યાગાદિ જો સાથે આત્મજ્ઞાન હોય તો સફ્ળ છે, અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના હેતુ છે; અને જ્યાં આત્મજ્ઞાન ન હોય ત્યાં પણ જો તે આત્મજ્ઞાનને અર્થે કરવામાં આવતાં હોય તો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે.

૭. જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન થયાં ન હોય તેને જ્ઞાન ન થાય; અને જે ત્યાગવિરાગમાં જ અટકી રહી, આત્મજ્ઞાનની આકાંક્ષા ન રાખે તે પોતાનું ભાન ભૂલે; અર્થાત્ અજ્ઞાનપૂર્વક ત્યાગવૈરાગ્યાદિ હોવાથી તે પૂજાસત્કારાદિથી પરાભવ પામે, અને આત્માર્થ ચૂકી જાય.

૮. જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યાં ત્યાં તે તે સમજે, અને ત્યાં ત્યાં તે તે આચરે એ આત્માર્થી પુરુષનાં લક્ષણો છે.

૯. પોતાના પક્ષને છોડી દઈ, જે સદ્‌ગુરુના ચરણને સેવે તે પરમાર્થને પામે; અને આત્મસ્વરૂપનો લક્ષ તેને થાય.

૧૦. આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે, એટલે પરભાવની ઇચ્છાથી જે રહિત થયા છે; તથા શત્રુમિત્ર, હર્ષ–શોક, નમસ્કાર–તિરસ્કારાદિ ભાવપ્રત્યે જેને સમતા વર્ત્તે છે, માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં

ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્‌વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર. ૧૩૩
આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય. ૧૩૪
સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય ૧૩૫
ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬
મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટયો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭
દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮
મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત. ૧૩૯
સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્નસમાન;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨

શ્રી નડિયાદ, આ. વદ ૧, ગુરુ. ૧૯૫૨.

---

( ૪૯ )

## આત્મસિદ્ધિ અર્થ

૧. જે આત્મસ્વરૂપ સમજ્યા વિના ભૂતકાળે હું અનંત દુઃખ પામ્યો, તે પદ જેણે સમજાવ્યું એટલે ભવિષ્યકાળે ઉત્પન્ન થવા યોગ્ય એવા અનંત દુઃખ પામત તે મૂળ જેણે છેદ્યું એવા શ્રી સદ્ગુરુ ભગવાનને નમસ્કાર કરુ છું.

૨. આ વર્તમાન કાળમાં મોક્ષમાર્ગ ઘણો લોપ થઈ ગયો છે, જે મોક્ષમાર્ગ આત્માર્થીને વિચારવા માટે ( ગુરુશિષ્યના સંવાદરૂપે ) અત્રે પ્રગટ કહીએ છીએ.

૩. કોઈ ક્રિયાને જ વળગી રહ્યા છે અને કોઈ શુષ્કજ્ઞાનને જ વળગી રહ્યા છે; એમ મોક્ષમાર્ગ માને છે, જે જોઈને દયા આવે છે.

૪. બાહ્યક્રિયામાં જ માત્ર રાચી રહ્યા છે, અંતર કંઈ ભેદાયું નથી; અને જ્ઞાનમાર્ગને નિષેધ્યા કરે છે; તે અહીં ક્રિયાજડ કહ્યા છે.

૫ બંધ–મોક્ષ માત્ર કલ્પના છે, એવાં નિશ્ચય-વાક્ય માત્ર વાણીમાં બોલે છે અને તથારૂપ દશા થઈ નથી, મોહના પ્રભાવમાં વર્તે છે; એ અહીં શુષ્કજ્ઞાની કહ્યા છે.

૬. વૈરાગ્યત્યાગાદિ જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે, અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના હેતુ છે; અને જ્યાં આત્મજ્ઞાન ન હોય ત્યાં પણ જો તે આત્મજ્ઞાનને અર્થે કરવામાં આવતાં હોય તો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે.

૭. જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન થયાં ન હોય તેને જ્ઞાન ન થાય; અને જે ત્યાગવિરાગમાં જ અટકી રહી, આત્મજ્ઞાનની આકાંક્ષા ન રાખે તે પોતાનું ભાન ભૂલે; અર્થાત્ અજ્ઞાનપૂર્વક ત્યાગવૈરાગ્યાદિ હોવાથી તે પૂજાસત્કારાદિથી પરાભવ પામે, અને આત્માર્થ ચૂકી જાય.

૮. જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યાં ત્યાં તે તે સમજે, અને ત્યાં ત્યાં તે તે આચરે એ આત્માર્થી પુરુષનાં લક્ષણો છે.

૯. પોતાના પક્ષને છોડી દઈ, જે સદ્‌ગુરુના ચરણને સેવે તે પરમાર્થને પામે; અને આત્મસ્વરૂપનો લક્ષ તેને થાય.

૧૦. આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે, એટલે પરભાવની ઇચ્છાથી જે રહિત થયા છે; તથા શત્રુમિત્ર, હર્ષ–શોક, નમસ્કાર–તિરસ્કારાદિ ભાવપ્રત્યે જેને સમતા વર્ત્તે છે, માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં

એવાં કર્મોના ઉદયને લીધે જેમની વિચરવાઆદિ ક્રિયા છે, અજ્ઞાની કરતાં જેની વાણી પ્રત્યક્ષ જુદી પડે છે, અને ષટ્દર્શનના તાત્પર્યને જાણે છે, તે સદ્ગુરુનાં ઉત્તમ લક્ષણો છે.

૧૧. જ્યાંસુધી જીવને પૂર્વકાળે થઈ ગયેલા એવા જિનની વાત પર જ લક્ષ રહ્યા કરે, અને તેનો ઉપકાર કહ્યા કરે, અને જેથી પ્રત્યક્ષ આત્મભ્રાંતિનું સમાધાન થાય એવા સદ્ગુરુનો સમાગમ પ્રાપ્ત થયો હોય તેમાં પરોક્ષ જિનનાં વચન કરતાં મોટો ઉપકાર સમાયો છે, તેમ જે ન જાણે તેને આત્મ-વિચાર ઉત્પન્ન ન થાય.

૧૨. સદ્ગુરુના ઉપદેશ વિના જિનનું સ્વરૂપ સમજાય નહીં, અને સ્વરૂપ સમજાયા વિના ઉપકાર શો થાય? જો સદ્ગુરુઉપદેશે જિનનુ સ્વરૂપ સમજે તો સમજનારનો આત્મા પરિણામે જિનની દશાને પામે.

---

૧૩. જે જિનાગમાદિ આત્માના હોવાપણાનો તથા પરલોકાદિના હોવાપણાનો ઉપદેશ કરવાવાળાં શાસ્ત્રો છે, તે પણ જ્યાં પ્રત્યક્ષ સદ્ગુરુનો જોગ ન હોય ત્યાં સુપાત્ર જીવને આધારરૂપ છે; પણ સદ્ગુરુ સમાન તે ભ્રાંતિના છેદક કહી ન શકાય.

૧૪. અથવા જો સદ્ગુરુએ તે શાસ્ત્રો વિચારવાની આજ્ઞા દીધી હોય, તો તે શાસ્ત્રો મતાંતર એટલે કુળધર્મને સાર્થક કરવાનો હેતુ આદિ ભ્રાંતિ છોડીને માત્ર આત્માર્થે નિત્ય વિચારવાં.

૧૫. જીવ અનાદિકાળથી પોતાના ડહાપણે અને પોતાની ઇચ્છાએ ચાલ્યો જાય છે, એનું નામ 'સ્વચ્છંદ' છે. જો તે સ્વચ્છંદને રોકે તો જરૂર તે મોક્ષને પામે; અને એ રીતે ભૂતકાળે અનંત જીવ મોક્ષ પામ્યા છે. એમ રાગ, દ્વેષ અને અજ્ઞાન એમાંનો એક્કે દોષ જેને વિષે નથી એવા દોષરહિત વીત-રાગે કહ્યું છે.

૧૬. પ્રત્યક્ષસદ્‌ગુરુના યોગથી તે સ્વચ્છંદ રોકાય છે, બાકી પોતાની ઇચ્છાએ બીજા ઘણા ઉપાય કર્યા છતાં ઘણું કરીને તે બમણો થાય છે.

૧૭ સ્વચ્છંદને તથા પોતાના મતના આગ્રહને તજીને જે સદ્‌ગુરુના લક્ષે ચાલે તેને પ્રત્યક્ષ કારણ ગણીને વીતરાગે 'સમકિત' કહ્યું છે.

૧૮. માન અને પૂજાસત્કારાદિનો લોભ એ આદિ મહાશત્રુ છે, તે પોતાના ડહાપણે ચાલતાં નાશ પામે નહિ, અને સદ્‌ગુરુના શરણમાં જતાં સહજ પ્રયત્નમાં જાય.

૧૯. જે સદ્‌ગુરુના ઉપદેશથી કોઈ કેવળજ્ઞાનને પામ્યા, તે સદ્‌ગુરુ હજુ છદ્મસ્થ રહ્યા હોય, તોપણ જે કેવળજ્ઞાનને પામ્યા છે એવા તે કેવળી ભગવાન છદ્મસ્થ એવા પોતાના સદ્‌ગુરુની વૈયાવચ્ચ કરે.

૨૦. એવો વિનયનો માર્ગ શ્રી જિને ઉપદેશ્યો છે. એ માર્ગનો મૂળ હેતુ એટલે તેથી આત્માને

શો ઉપકાર થાય છે, તે કોઈક સુભાગ્ય એટલે સુલભબોધી અથવા આરાધક જીવ હોય તે સમજે.

૨૨. જે મોક્ષાર્થી જીવ હોય તે આ વિનય-માર્ગાદિનો વિચાર સમજે અને જે મતાર્થી હોય તે તેનો અવળો નિર્ધાર લે, એટલે કાં પોતે તેવો વિનય શિષ્યાદિ પાસે કરાવે અથવા અસદ્‌ગુરુને વિષે પોતે સદ્‌ગુરુની ભ્રાંતિ રાખી આ વિનયમાર્ગનો ઉપયોગ કરે.

૨૩ જે મતાર્થી જીવ હોય તેને આત્મજ્ઞાનનો લક્ષ થાય નહીં; એવા મતાર્થી જીવના અહીં નિષ્પક્ષપાતે લક્ષણો કહ્યાં છે.

૨૪. જેને માત્ર બાહ્યથી ત્યાગ દેખાય છે પણ આત્મજ્ઞાન નથી, અને ઉપલક્ષણથી અંતરંગ ત્યાગ નથી, તેવા ગુરુને સાચા ગુરુ માને અથવા તો પોતાના કુળધર્મના ગમે તેવા ગુરુ હોય તો પણ તેમાં જ મમત્વ રાખે.

૨૫. જે જિનના દેહાદિનું વર્ણન છે તેને જિનનું વર્ણન સમજે છે અને માત્ર પોતાના કુળધર્મના દેવ છે માટે મારાપણાના કલ્પિત રાગે સમવસરણાદિ માહાત્મ્ય કહ્યા કરે છે, અને તેમાં પોતાની બુદ્ધિને રોકી રહે છે; એટલે પરમાર્થ હેતુ-સ્વરૂપ એવું જિનનું જે અંતરંગસ્વરૂપ જાણવા યોગ્ય છે તે જાણતા નથી તથા તે જાણવાનું પ્રયત્ન કરતા નથી અને માત્ર સમવસરણાદિમાં જ જિનનું સ્વરૂપ કહીને મતાર્થમાં રહે છે.

૨૬ પ્રત્યક્ષ સદ્‌ગુરુનો ક્યારેક યોગ મળે તો દુરાગ્રહાદિછેદક તેની વાણી સાંભળીને તેનાથી અવળી રીતે ચાલે; અર્થાત્ તે હિતકારી વાણીને ગ્રહણ કરે નહીં અને પોતે ખરેખરો દૃઢ મુમુક્ષુ છે એવું માન મુખ્યપણે મેળવવાને અર્થે અસદ્‌ગુરુ સમીપે જઈને પોતે તેના પ્રત્યે પોતાનું વિશેષ દૃઢપણું જણાવે.

૨૭. દેવ–નારકાદિ ગતિના 'ભાંગા' આદિનાં

સ્વરૂપ કોઈક વિશેષ પરમાર્થહેતુથી કહ્યાં છે, તે હેતુને જાણ્યો નથી અને તે ભંગજાળને શ્રુતજ્ઞાન જે સમજે છે તથા પોતાના મતનો, વેષનો આગ્રહ રાખવામાં જ મુક્તિનો હેતુ માને છે.

૨૮. વૃત્તિનું સ્વરૂપ શું? તે પણ જે જાણતો નથી, અને 'હું વ્રતધારી છું'' એવું અભિમાન ધારણ કર્યું છે. કવચિત્ પરમાર્થના ઉપદેશનો યોગ બને તો પણ લોકોમાં પોતાનું માન અને પૂજા-સત્કારાદિ જતાં રહેશે અથવા તે માનાદિ પછી પ્રાપ્ત નહીં થાય એમ જાણીને તે પરમાર્થને ગ્રહણ કરે નહીં.

૨૯ અથવા 'સમયસાર' કે 'યોગવાસિષ્ઠ' જેવા ગ્રંથો વાંચી તે માત્ર નિશ્ચયનયને ગ્રહણ કરે. કેવી રીતે ગ્રહણ કરે? માત્ર કહેવારૂપે, અંતરંગમાં તથારૂપ ગુણની કશી સ્પર્શના નહીં, અને સદ્ગુરુ, સત્શાસ્ત્ર, તથા વૈરાગ્ય, વિવેકાદિ સાચા વ્યવહારને

લોપે તેમજ પોતાને જ્ઞાની માની લઈને સાધન-રહિત વર્તે.

૩૦. તે જ્ઞાનદશા પામે નહીં, તેમ વૈરાગ્યાદિ સાધનદશા પણ તેને નથી; જેથી તેવા જીવનો સંગ બીજા જે જીવને થાય તે પણ ભવસાગરમાં ડૂબે.

૩૧. એ જીવ પણ મતાર્થમાં જ વર્તે છે, કેમકે ઉપર કહ્યા જીવ, તેને જેમ કૂળધર્માદિથી મતાર્થતા છે, તેમ આને જ્ઞાની ગણાવવાના માનની ઇચ્છાથી પોતાના શુષ્કમતનો આગ્રહ છે; માટે તે પણ પરમાર્થને પામે નહીં અને અનૂઅધિકારી એટલે જેને વિષે જ્ઞાન પરિણામ પામવા યોગ્ય નહીં એવા જીવોમાં તે પણ ગણાય.

૩૨. જેને ક્રોધ માન માયા લોભરૂપ કષાય પાતળા પડ્યા નથી, તેમ જેને અંતરવૈરાગ્ય ઉત્પન્ન થયો નથી, આત્મામાં ગુણ ગ્રહણ કરવારૂપ સરળ-પણું જેને રહ્યું નથી, તેમ સત્યાસત્યતુલના કરવાને

જેને અપક્ષપાતદૃષ્ટિ નથી, તે મતાર્થી જીવ દુર્ભાગ્ય એટલે જન્મ, જરા, મરણને છેદવાવાળા મોક્ષમાર્ગને પામવા યોગ્ય એવું તેનું ભાગ્ય ન સમજવું.

૩૩. એમ મતાર્થી જીવનાં લક્ષણ કહ્યાં; તે કહેવાનો હેતુ એ છે કે કોઈ પણ જીવનો તે જાણીને મતાર્થ જાય; હવે આત્માર્થી જીવનાં લક્ષણ કહીએ છીએ. તે લક્ષણ કેવાં છે? તો કે આત્માને અવ્યાબાધ સુખની સામગ્રીના હેતુ છે.

૩૪. જ્યાં આત્મજ્ઞાન હોય ત્યાં મુનિપણું હોય; અર્થાત્ આત્મજ્ઞાન ન હોય ત્યાં મુનિપણું ન જ સંભવે. "जं सम्मंति पासह त मोणंति पासह" જ્યાં સમકિત એટલે આત્મજ્ઞાન છે ત્યાં મુનિપણું જાણો એમ 'આચારાંગસૂત્ર'માં કહ્યું છે. એટલે જેમાં આત્મજ્ઞાન હોય તે સાચા ગુરુ છે એમ જાણે છે, અને આત્મજ્ઞાનરહિત હોય તો પણ પોતાના કુળના ગુરુને સદ્‌ગુરુ માનવા એ માત્ર કલ્પના છે;

તેથી કંઈ ભવચ્છેદ ન થાય એમ આત્માર્થી જુએ છે.

૩૫. પ્રત્યક્ષસદ્‌ગુરુની પ્રાપ્તિનો મોટો ઉપકાર જાણે અર્થાત્ શાસ્ત્રાદિથી જે સમાધાન થઈ શકવા યોગ્ય નથી, અને જે દોષો સદ્‌ગુરુની આજ્ઞા ધારણ કર્યા વિના જતા નથી તે સદ્‌ગુરુયોગથી સમાધાન થાય અને તે દોષો ટળે, માટે પ્રત્યક્ષ સદ્‌ગુરુનો મોટો ઉપકાર જાણે અને તે સદ્‌ગુરુ પ્રત્યે મન વચન કાયાની એકતાથી આજ્ઞાંકિતપણે વર્તે.

૩૬. ત્રણે કાળને વિષે પરમાર્થનો પંથ એટલે મોક્ષનો માર્ગ એક હોવો જોઈએ, અને જેથી તે પરમાર્થ સિદ્ધ થાય તે વ્યવહાર જીવે માન્ય રાખવો જોઈએ; બીજો નહીં.

૩૭. એમ અંતરમા વિચારીને જે સદ્‌ગુરુના યોગનો શોધ કરે, માત્ર એક આત્માર્થની ઇચ્છા રાખે; પણ માનપૂજાદિક, સિદ્ધિરિદ્ધિની કશી ઇચ્છા રાખે નહીં– એ રોગ જેના મનમાં નથી.

૩૮. જ્યાં કષાય પાતળા પડ્યા છે, માત્ર એક મોક્ષપદ સિવાય બીજા કોઈ પદની અભિલાષા નથી, સંસાર પર જેને વૈરાગ્ય વર્તે છે, અને પ્રાણીમાત્ર પર જેને દયા છે, એવા જીવને વિષે આત્માર્થનો નિવાસ થાય.

૩૯. જ્યાંસુધી એવી જોગદશા જીવ પામે નહીં, ત્યાંસુધી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ ન થાય, અને આત્મભ્રાંતિરૂપ અનંત દુઃખનો હેતુ એવો અંતર-રોગ ન મટે.

૪૦. એવી દશા જ્યા આવે ત્યાં સદ્‌ગુરુનો બોધ શોભે અર્થાત્ પરિણામ પામે, અને તે બોધના પરિણામથી સુખદાયક એવી સુવિચારદશા પ્રગટે.

૪૧ જ્યાં સુવિચારદશા પ્રગટે ત્યાં આત્મજ્ઞાન ઉત્પન્ન થાય અને તે જ્ઞાનથી મોહનો ક્ષય કરી નિર્વાણપદને પામે.

૪૨ જેથી તે સુવિચારદશા ઉત્પન્ન થાય, અને

મોક્ષમાર્ગ સમજવામાં આવે તે છ પદરૂપે ગુરુ-શિષ્યના સંવાદથી કરીને અહીં કહું છું.

૪૩. 'આત્મા છે,' 'તે આત્મા નિત્ય છે,' 'તે આત્મા પોતાના કર્મનો કર્તા છે,' 'તે કર્મનો ભોક્તા છે,' 'તેથી મોક્ષ થાય છે,' અને 'તે મોક્ષનો ઉપાય એવો સત્‌ધર્મ છે.'

૪૪. એ છ સ્થાનક અથવા છ પદ અહીં સંક્ષેપમાં કહ્યાં છે, અને વિચાર કરવાથી ષટ્‌દર્શન પણ તે જ છે. પરમાર્થ સમજવાને માટે જ્ઞાનીપુરુષે એ છ પદો કહ્યાં છે.

૪૫. દૃષ્ટિમાં આવતો નથી, તેમ જેનું કંઈ રૂપ જણાતું નથી, તેમ સ્પર્શાદિ બીજા અનુભવથી પણ જણાવાપણું નથી; માટે જીવનુ સ્વરૂપ નથી અર્થાત્ જીવ નથી.

૪૬. અથવા દેહ છે તે જ આત્મા છે, અથવા ઈંદ્રિયો છે તે આત્મા છે, અથવા શ્વાસોચ્છ્વાસ છે

તે આત્મા છે, અર્થાત્ એ સૌ એકના એક દેહરૂપે છે, માટે આત્માને જુદો માનવો તે મિથ્યા છે, કેમકે તેનું કશું જુદું એંધાણ એટલે ચિહ્ન નથી.

૪૭ અને જો આત્મા હોય તો તે જણાય શા માટે નહીં? જો ઘટ, પટ, આદિ પદાર્થો છે તો જેમ જણાય છે, તેમ આત્મા હોય તો શા માટે ન જણાય?

૪૮. માટે આત્મા છે નહીં, અને આત્મા નથી એટલે તેના મોક્ષના અર્થે ઉપાય કરવા તે ફોગટ છે, એ મારા અંતરની શંકાનો કંઈપણ સદુપાય સમજાવો એટલે સમાધાન હોય તો કહો.

૪૯. દેહાધ્યાસથી એટલે અનાદિકાળથી અજ્ઞાનને લીધે દેહનો પરિચય છે, તેથી આત્મા દેહ જેવો અર્થાત્ તને દેહ ભાસ્યો છે; પણ આત્મા અને દેહ બન્ને જુદા છે, કેમકે બેય જુદાં જુદાં લક્ષણથી પ્રગટ ભાનમાં આવે છે.

૫૦. અનાદિકાળથી અજ્ઞાનને લીધે દેહના પરિચયથી દેહ જ આત્મા ભાસ્યો છે, અથવા દેહ જેવો આત્મા ભાસ્યો છે; પણ જેમ તરવાર ને મ્યાન, મ્યાનરૂપ લાગતાં છતાં બન્ને જુદાં જુદાં છે; તેમ આત્મા અને દેહ બન્ને જુદા જુદા છે

૫૧. તે આત્મા દૃષ્ટિ એટલે આંખથી કયાંથી દેખાય? કેમકે ઊલટો તેનો તે જોનાર છે. સ્થૂલ-સૂક્ષ્માદિ રૂપને જે જાણે છે, અને સર્વને બાધ કરતાં કરતાં કોઈપણ પ્રકારે જેનો બાધ કરી શકાતો નથી એવો બાકી જે અનુભવ રહે છે તે જીવનું સ્વરૂપ છે.

૫૨. કર્ણેન્દ્રિયથી સાંભળ્યું તે તે કર્ણેન્દ્રિય જાણે છે, પણ ચક્ષુ–ઇંદ્રિય તેને જાણતી નથી, અને ચક્ષુ–ઇંદ્રિયે દીઠેલું તે કર્ણેન્દ્રિય જાણતી નથી. અર્થાત્ સૌ સૌ ઇંદ્રિયને પોતપોતાના વિષયનું જ્ઞાન છે, પણ બીજી ઇંદ્રિયોના વિષયનું જ્ઞાન નથી; અને

આત્માને તો પાંચે ઇંદ્રિયના વિષયનું જ્ઞાન છે. અર્થાત્ જે તે પાંચે ઇંદ્રિયોના ગ્રહણ કરેલા વિષયને જાણે છે તે 'આત્મા' છે, અને આત્મા વિના એકેક ઇંદ્રિય એકેક વિષયને ગ્રહણ કરે એમ કહ્યું તે પણ ઉપચારથી કહ્યું છે.

૫૩. દેહ તેને જાણતો નથી. ઇંદ્રિયો તેને જાણતી નથી, અને શ્વાસોચ્છ્વાસરૂપ પ્રાણ પણ તેને જાણતો નથી; તે સૌ એક આત્માની સત્તા પામીને પ્રવર્તે છે, નહીં તો જડપણે પડયાં રહે છે, એમ જાણ.

૫૪. જાગ્રત, સ્વપ્ન અને નિદ્રા એ અવસ્થામાં વર્તતો છતાં તે તે અવસ્થાઓથી જુદો જે રહ્યા કરે છે, અને તે તે અવસ્થા વ્યતીત થયે પણ જેનુ હોવાપણું છે, અને તે તે અવસ્થાને જે જાણે છે, એવો પ્રગટસ્વરૂપ ચૈતન્યમય છે, અર્થાત્ જાણ્યા જ કરે છે એવો જેનો સ્વભાવ પ્રગટ છે અને એ તેની

નિશાની સદાય વર્તે છે; કોઈ દિવસ તે નિશાનીનો ભંગ થતો નથી.

૫૫. ઘટ, પટ આદિને તું પોતે જાણે છે, 'તે છે' એમ તુ માને છે, અને જે તે ઘટ, પટ, આદિનો જાણનાર છે તેને માનતો નથી; એ જ્ઞાન તે કેવું કહેવું ?

૫૬. દુર્બળ દેહને વિષે પરમ બુદ્ધિ જોવામાં આવે છે, અને સ્થૂળ દેહને વિષે થોડી બુદ્ધિ પણ જોવામાં આવે છે; જો દેહ જ આત્મા હોય તો એવો વિકલ્પ એટલે વિરોધ થવાનો વખત ન આવે.

૫૭. કોઈ કાળે જેમાં જાણવાનો સ્વભાવ નથી તે જડ; અને સદાય જે જાણવાના સ્વભાવવાન છે તે ચેતન; એવો બેયનો કેવળ જુદો સ્વભાવ છે, અને તે કોઈપણ પ્રકારે એકપણું પામવા યોગ્ય નથી. ત્રણે કાળ જડ જડભાવે અને ચેતન ચેતનભાવે રહે એવો બેયનો જુદો જુદો દ્વૈતભાવ પ્રસિદ્ધ જ અનુભવાય છે.

૫૮. આત્માની શંકા આત્મા આપે પોતે કરે છે. જે શંકાનો કરનાર છે, તે જ આત્મા છે. તે જણાતો નથી, એ માપ ન થઈ શકે એવું આશ્ચર્ય છે.

૫૯. આત્માના હોવા પણા વિષે આપે જે જે પ્રકાર કહ્યા તેનો અંતરમાં વિચાર કરવાથી સંભવ થાય છે.

૬૦. પણ બીજી એમ શંકા થાય છે કે આત્મા છે તો પણ તે અવિનાશ એટલે નિત્ય નથી, ત્રણે કાળ હોય એવો પદાર્થ નથી; માત્ર દેહના સંયોગથી ઉત્પન્ન થાય અને વિયોગે વિનાશ પામે.

૬૧. અથવા વસ્તુ ક્ષણે ક્ષણે બદલાતી જોવામાં આવે છે, તેથી સર્વ વસ્તુ ક્ષણિક છે; અને અનુભવથી જોતાં પણ આત્મા નિત્ય જણાતો નથી

૬૨. દેહમાત્ર પરમાણુનો સંયોગ છે, અથવા સંયોગે કરી આત્માના સંબંધમાં છે. વળી તે દેહ

જડ છે, રૂપી છે અને દૃશ્ય એટલે બીજા કોઈ દૃષ્ટાનો તે જાણવાનો વિષય છે, એટલે તે પોતે પોતાને જાણતો નથી, તો ચેતનનાં ઉત્પત્તિ અને નાશ તે ક્યાંથી જાણે? તે દેહના પરમાણુએ પરમાણુનો વિચાર કરતાં પણ તે જડ જ છે, એમ સમજાય છે. તેથી તેમાંથી ચેતનની ઉત્પત્તિ થવા યોગ્ય નથી, અને ઉત્પાત્ત થવા યોગ્ય નથી તેથી ચેતન તેમાં નાશ પણ પામવાયોગ્ય નથી. વળી તે દેહ રૂપી એટલે સ્થૂલાદિ પરિણામવાળો છે; અને ચેતન દૃષ્ટા છે, ત્યારે તેના સંયોગથી ચેતનની ઉત્પત્તિ શી રીતે થાય? અને તેમા લય પણ કેમ થાય? દેહમાંથી ચેતન ઉત્પન્ન થાય છે અને તેમાં જ નાશ પામે છે, એ વાત કોના અનુભવને વશ રહી? અર્થાત્ એમ કોણે જાણ્યું? કેમકે જાણનાર એવા ચેતનની ઉત્પત્તિ દેહથી પ્રથમ છે નહીં અને નાશ તો તેથી પહેલાં છે; ત્યારે તે અનુભવ થયો કોને?

૬૩. જેના અનુભવમાં એ ઉત્પત્તિ અને નાશનું જ્ઞાન વર્તે તે ભાન તેથી જુદા વિના કોઈ પ્રકારે પણ સંભવતું નથી, અર્થાત્ ચેતનનાં ઉત્પત્તિ, લય થાય છે એવો કોઈને પણ અનુભવ થવા યોગ્ય છે નહીં.

---

૬૪. જે જે સંયોગો દેખીએ છીએ તે તે અનુભવસ્વરૂપ એવા આત્માના દૃશ્ય એટલે તેને આત્મા જાણે છે, અને તે સંયોગનું સ્વરૂપ વિચારતાં એવો કોઈ પણ સયોગ સમજાતો નથી કે જેથી આત્મા ઉત્પન્ન થાય છે, માટે આત્મા સંયોગથી નહીં ઉત્પન્ન થયેલો એવો છે; અર્થાત્ અસયોગી છે. સ્વાભાવિક પદાર્થ છે, માટે તે પ્રત્યક્ષ 'નિત્ય' સમજાય છે.

---

૬૫. જડથી ચેતન ઊપજે, અને ચેતનથી જડ

ઉત્પન્ન થાય એવો કોઈને ક્યારે કદી પણ અનુભવ થાય નહીં.

---

૬૬. જેની ઉત્પત્તિ કોઈ પણ સંયોગથી થાય નહીં, તેનો નાશ પણ કોઈને વિષે થાય નહીં; માટે આત્મા ત્રિકાળ 'નિત્ય' છે.

---

૬૭ ક્રોધાદિ પ્રકૃતિઓનું વિશેષપણું સર્પ વગેરે પ્રાણીમાં જન્મથી જ જોવામાં આવે છે; વર્તમાન દેહે તો તે અભ્યાસ કર્યો નથી, જન્મની સાથે જ તે છે. એટલે એ પૂર્વજન્મનો જ સંસ્કાર છે, જે પૂર્વજન્મ જીવની નિત્યતા સિદ્ધ કરે છે.

---

૬૮. આત્મા વસ્તુપણે નિત્ય છે. સમયે સમયે જ્ઞાનાદિ પરિણામના પલટાવાથી તેના પર્યાયનું પલટવાપણું છે. (કંઈ -સમુદ્ર પલટાતો નથી, માત્ર મોજાં પલટાય છે, તેની પેઠે....) જેમ બાળ, યુવાન

અને વૃદ્ધ એ ત્રણ અવસ્થા છે, તે આત્માને વિભાવથી પર્યાય છે; અને બાળ અવસ્થા વર્તતાં આત્મા બાળક જણાતો, તે બાળ અવસ્થા છોડી જ્યારે યુવાવસ્થા ગ્રહણ કરી ત્યારે યુવાન જણાયો અને યુવાવસ્થા તજી વૃદ્ધાવસ્થા ગ્રહણ કરી ત્યારે વૃદ્ધ જણાયો. એ ત્રણે અવસ્થાનો ભે- થયો તે પર્યાય-ભેદ છે, પણ તે ત્રણે અવસ્થામાં આત્મદ્રવ્યનો ભેદ થયો નહીં; અર્થાત્ અવસ્થાઓ બદલાઈ પણ આત્મા બદલાયો નથી. આત્મા એ ત્રણે અવસ્થાને જાણે છે, અને તે ત્રણે અવસ્થાની તેને જ સ્મૃતિ છે. ત્રણે અવસ્થામાં આત્મા એક હોય તો એમ બને; પણ જો આત્મા ક્ષણે ક્ષણે બદલાતો હોય તો તેવો અનુભવ બને જ નહીં.

૬૯. વળી અમુક પદાર્થ ક્ષણિક છે એમ જે જાણે છે, અને ક્ષણિકપણું કહે છે તે કહેનાર અર્થાત્ જાણનાર ક્ષણિક હોય નહીં; કેમકે પ્રથમ ક્ષણે

અનુભવ થયો તેની બીજી ક્ષણે તે અનુભવ કહી શકાય; તે બીજી ક્ષણે પોતે ન હોય તો ક્યાંથી કહે? માટે એ અનુભવથી પણ આત્માના અક્ષણિક-પણાનો નિશ્ચય કર.

૭૦. વળી કોઈ પણ વસ્તુનો કોઈ પણ કાળે કેવળ તો નાશ થાય જ નહીં, માત્ર અવસ્થાંતર થાય; માટે ચેતનનો પણ કેવળ નાશ થાય નહીં. અને અવસ્થાંતરરૂપ નાશ થતો હોય તો તે કેમાં ભળે, અથવા કેવા પ્રકારનું અવસ્થાંતર પામે તે તપાસ. અર્થાત્ ઘટાદિ પદાર્થ ફૂટી જાય છે, એટલે લોકો એમ કહે છે કે ઘડો નાશ પામ્યો છે, કંઈ માટીપણું નાશ પામ્યું નથી. તે છિન્નભિન્ન થઈ જઈ સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભૂકો થાય, તોપણ પરમાણુસમૂહરૂપે રહે, પણ કેવળ નાશ ન થાય અને તેમાંનું એક પરમાણુ પણ ઘટે નહીં; કેમકે અનુભવથી જોતાં અવસ્થાંતર થઈ શકે, પણ પદાર્થનો સમૂળગો નાશ

થાય એમ ભાસી જ શકવા યોગ્ય નથી; એટલે જો તું ચેતનનો નાશ કહે તો પણ કેવળ નાશ તો કહી જ શકાય નહીં, અવસ્થાંતરરૂપ નાશ કહેવાય. જેમ ઘટ ફૂટી જઈ ક્રમે કરી પરમાણુસમૂહરૂપે સ્થિતિમાં રહે, તેમ ચેતનનો અવસ્થાંતરરૂપ નાશ તારે કહેવો હોય તો તે શી સ્થિતિમાં રહે, અથવા ઘટના પરમાણુઓ જેમ પરમાણુસમૂહમાં ભળ્યા તેમ ચેતન કઈ વસ્તુમાં ભળવા યોગ્ય છે તે તપાસ; અર્થાત્ એ પ્રકારે તું અનુભવ કરી જોઈશ તો કોઈમાં નહીં ભળી શકવા યોગ્ય અથવા પરસ્વરૂપે અવસ્થાંતર નહીં પામવા યોગ્ય એવું ચેતન એટલે આત્મા તને ભાસ્યમાન થશે.

૭૧. જીવ કર્મનો કર્ત્તા નથી; કર્મના કર્ત્તા કર્મ છે, અથવા અનાયાસે તે થયાં કરે છે. એમ નહીં, ને જીવ જ તેનો કર્ત્તા છે એમ કહો તો પછી તે જીવનો ધર્મ જ છે, અર્થાત્ ધર્મ હોવાથી ક્યારેય નિવૃત્ત ન થાય.

૭૨. અથવા એમ નહીં, તો આત્મા સદા અસંગ છે, અને સત્ત્વાદિ ગુણવાળી પ્રકૃતિ કર્મનો બંધ કરે છે; તેમ નહીં, તો જીવને કર્મ કરવાની પ્રેરણા ઈશ્વર કરે છે તેથી ઈશ્વરેચ્છારૂપ હોવાથી જીવ તે કર્મથી 'અબંધ છે.'

૭૩. માટે જીવ કોઈ રીતે કર્મનો કર્ત્તા થઈ શકતો નથી, અને મોક્ષનો ઉપાય કરવાનો કોઈ હેતુ જણાતો નથી; કાં જીવને કર્મનું કર્ત્તાપણું નથી અને જો કર્ત્તાપણું હોય તો કોઈ રીતે તે તેનો સ્વભાવ મટવા યોગ્ય નથી.

૭૪. ચેતન એટલે આત્માની પ્રેરણારૂપી પ્રવૃત્તિ ન હોય, તો કર્મને કોણ ગ્રહણ કરે? જડનો સ્વભાવ પ્રેરણા નથી. જડ અને ચેતન બેયના ધર્મ વિચારી જુઓ.

૭૫. આત્મા જો કર્મ કરતો નથી, તો તે થતાં નથી; તેથી સહજ સ્વભાવે એટલે અનાયાસે તે થાય એમ કહેવું ઘટતું નથી; તેમ જ તે જીવનો ધર્મ

પણ નહીં. કેમકે સ્વભાવનો નાશ થાય નહીં; અને આત્મા ન કરે તો કર્મ થાય નાહ, એટલે એ ભાવ ટળી શકે છે; માટે તે આત્માનો સ્વાભાવિક ધર્મ નહીં.

૭૬. કેવળ જો અસંગ હોત, અર્થાત્ ક્યારે પણ તેને કર્મનું કરવાપણું ન હોત તો તને પોતાને તે આત્મા પ્રથમથી કેમ ન ભાસત? પરમાર્થથી તે આત્મા અસંગ છે, પણ તે તો જ્યારે સ્વરૂપનું ભાન થાય ત્યારે થાય.

૭૭. જગતનો અથવા જીવોનાં કર્મનો ઈશ્વર કર્તા કોઈ છે નહીં; શુદ્ધ આત્મસ્વભાવ જેનો થયો છે તે ઈશ્વર છે; અને તેને જો પ્રેરક એટલે કર્મકર્ત્તા ગણીએ તો તેને દોષનો પ્રભાવ થયો ગણાવો જોઈએ; માટે ઈશ્વરની પ્રેરણા જીવના કર્મ કરવામાં પણ કહેવાય નહીં.

૭૮. આત્મા જો પોતાના શુદ્ધ ચૈતન્યાદિ

સ્વભાવમાં વર્તે તો તે પોતાના તે જ સ્વભાવનો કર્તા છે, અર્થાત્ તે જ સ્વરૂપમાં પરિણમિત છે; અને તે શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવના ભાનમાં વર્તતો ન હોય ત્યારે કર્મભાવનો કર્ત્તા છે.

૭૯. જીવને કર્મનો કર્ત્તા કહીએ તો પણ તે કર્મનો ભોક્તા જીવ નહીં ઠરે; કેમકે જડ એવાં કર્મ શું સમજે કે તે ફળ દેવામાં પરિણામી થાય? અર્થાત્ ફળદાતા થાય?

૮૦ ફળદાતા ઇશ્વર ગણીએ તો ભોક્તાપણું સાધી શકીએ, અર્થાત્ જીવને ઈશ્વર કર્મ ભોગવાવે તેથી જીવ કર્મનો ભોક્તા સિદ્ધ થાય; પણ પરને ફળ દેવા આદિ પ્રવૃત્તિવાળો ઈશ્વર ગણીએ તો તેનું ઈશ્વરપણું જ રહેતું નથી, એમ પણ પાછો વિરોધ આવે છે.

૮૧. તેવો ફળદાતા ઈશ્વર સિદ્ધ થતો નથી એટલે જગતનો નિયમ પણ કોઈ રહે નહીં, અને

શુભાશુભ કર્મ ભોગવવાનાં કોઈ સ્થાનક પણ ઠરે નહીં; એટલે જીવને કર્મનું ભોક્તૃત્વ ક્યાં રહ્યું ?

૮૨. ભાવકર્મ જીવને પોતાની ભ્રાંતિ છે, માટે ચેતનરૂપ છે, અને તે ભ્રાંતિને અનુયાયી થઈ જીવવીર્ય સ્ફુરાયમાન થાય છે, તેથી જડ એવાં દ્રવ્યકર્મની વર્ગણા તે ગ્રહણ કરે છે.

૮૩. ઝેર અને અમૃત પોતે જાણતાં નથી કે અમારે આ જીવને ફળ આપવું છે, તોપણ જે જીવ ખાય છે, તેને તે ફળ થાય છે; એમ શુભાશુભ કર્મ, આ જીવને આ ફળ આપવું છે એમ જાણતાં નથી, તોપણ ગ્રહણ કરનાર જીવ, ઝેર અમૃતના પરિણામની રીતે ફળ પામે છે.

૮૪. એક રાંક છે અને એક રાજા છે, એ આદિ શબ્દથી નીચપણું ઊંચપણું, કુરૂપપણું, સુરૂપપણું એમ ઘણું વિચિત્રપણું છે; અને એવો જે ભેદ રહે છે-તે સર્વ સમાનતા નથી, તે જ શુભાશુભ કર્મનું

ભોક્તાપણું છે, એમ સિદ્ધ કરે છે; કેમકે કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી.

૮૫. ફળદાતા ઈશ્વરની એમાં કંઈ જરૂર નથી. ઝેર અને અમૃતની રીતે શુભાશુભ કર્મ સ્વભાવે પરિણમે છે; અને નિઃસત્ત્વ થયેથી ઝેર અને અમૃત ફળ દેતાં જેમ નિવૃત્ત થાય છે, તેમ શુભાશુભ કર્મને ભોગવવાથી તે નિઃસત્ત્વ થયે નિવૃત્ત થાય છે.

૮૬. ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ શુભ-ગતિ છે અને ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ અશુભ ગતિ છે, શુભાશુભ અધ્યવસાય મિશ્રગતિ છે; અને તે જીવપરિણામ તેજ મુખ્યપણે તો ગતિ છે. તથાપિ ઉત્કૃષ્ટ શુભ દ્રવ્યનુ ઉર્ધ્વગમન, ઉત્કૃષ્ટ અશુભ દ્રવ્યનું અધોગમન, શુભાશુભની મધ્યસ્થિતિ, એમ દ્રવ્યનો વિશેષ સ્વભાવ છે. અને તે આદિ હેતુથી તે તે ભોગ્યસ્થાનક હોવા યોગ્ય છે. હે શિષ્ય! જડ ચેતનના સ્વભાવ સંયોગાદિ સૂક્ષ્મસ્વરૂપનો અત્રે

ઘણો વિચાર સમાય છે; માટે આ વાત ગહન છે તો પણ તેને સાવ સંક્ષેપમાં કહી છે.

૮૭. કર્ત્તા ભોક્તા જીવ હો, પણ તેથી તેનો મોક્ષ થવા યોગ્ય નથી; કેમકે અનંત કાળ થયો તો પણ કર્મ કરવારૂપી દોષ હજુ તેને વિષે વર્તમાન જ છે.

૮૮. શુભ કર્મ કરે તો તેથી દેવાદિ ગતિમાં તેનું શુભ ફળ ભોગવે અને અશુભ કર્મ કરે તો નરકાદિ ગતિને વિષે તેનું અશુભ ફળ ભોગવે; પણ જીવ કર્મ રહિત કોઈ સ્થળે હોય નહીં.

૮૯. જેમ શુભાશુભ કર્મપદ તે જીવના કરવાથી તે થતાં જાણ્યાં અને તેથી તેનું ભોકતાપણું જાણ્યુ, તેમ નહીં કરવાથી અથવા તે કર્મનિવૃત્તિ કરવાથી તે નિવૃત્તિ પણ થવા યોગ્ય છે; માટે તે નિવૃત્તિનું પણ સફળપણું છે. અર્થાત્ જેમ તે શુભાશુભ કર્મ અફળ જતાં નથી, તેમ તેની નિવૃત્તિ

પણ અફળ જવા યોગ્ય નથી; માટે તે નિવૃત્તિરૂપ મોક્ષ છે એમ હે વિચક્ષણ ! તું વિચાર.

૯૦. કર્મસહિત અનંતકાળ વીત્યો તે તે શુભાશુભ કર્મપ્રત્યેની જીવની આસકિતને લીધે વીત્યો; પણ તેના પર ઉદાસીન થવાથી તે કર્મફળ છેદાય, અને તેથી મોક્ષસ્વભાવ પ્રગટ થાય.

૯૧. દેહાદિ સંયોગનો અનુક્રમે વિયોગ તો થયા કરે છે, પણ તે પાછો ગ્રહણ ન થાય તે રીતે વિયોગ કરવામાં આવે તો સિદ્ધસ્વરૂપ મોક્ષસ્વભાવ પ્રગટે અને શાશ્વતપદે અનંત આત્માનંદ ભોગવાય.

૯૨. મોક્ષપદ કદાપિ હોય તોપણ તે પ્રાપ્ત થવાનો કોઈ અવિરોધ એટલે યથાતથ્ય પ્રતીત થાય એવો ઉપાય જણાતો નથી; કેમકે અનંત કાળનાં કર્મો છે તે આવા અલ્પાયુષ્યવાળા મનુષ્યદેહથી કેમ છેદ્યાં જાય ?

૯૩. અથવા કદાપિ મનુષ્યદેહના અલ્પાયુષ્ય

વગેરેની શંકા છોડી દઈએ, તો પણ મત અને દર્શન ઘણાં છે, અને તે મોક્ષના અનેક ઉપાયો કહે છે, અર્થાત્ કોઈ કંઈ કહે છે અને કોઈ કંઈ કહે છે; તેમાં કયો મત સાચો એ વિવેક બની શકે એવો નથી

૯૪. બ્રાહ્મણાદિ કઈ જાતિમાં મોક્ષ છે, અથવા કયા વેષમાં મોક્ષ છે, એનો નિશ્ચય પણ ન બની શકે એવો છે; કેમકે તેવા ઘણા ભેદો છે, અને એ દોષે પણ મોક્ષનો ઉપાય પ્રાપ્ત થવા યોગ્ય દેખાતો નથી.

૯૫. તેથી એમ જણાય છે કે મોક્ષનો ઉપાય પ્રાપ્ત થઈ શકે એવું નથી, માટે જીવાદિનું સ્વરૂપ જાણવાથી પણ શું ઉપકાર થાય? અર્થાત્ જે પદને અર્થે જાણવાં જોઈએ તે પદનો ઉપાય પ્રાપ્ત થવો અશક્ય દેખાય છે.

૯૬. આપે પાંચે ઉત્તર કહ્યા તેથી સર્વાંગ

એટલે બધી રીતે મારી શંકાનું સમાધાન થયું છે; પણ જો મોક્ષનો ઉપાય સમજું તો સદ્‌ભાગ્યનો ઉદય ઉદય થાય! અત્ર 'ઉદય' 'ઉદય' બે વાર શબ્દ છે તે પાંચ ઉત્તરના સમાધાનથી થયેલી મોક્ષની જિજ્ઞાસાનું તીવ્રપણું દર્શાવે છે.

૯૭. પાંચે ઉત્તરની તારા આત્માને વિષે પ્રતીતિ થઈ છે, તો મોક્ષના ઉપાયની પણ એ જ રીતે તને સહજમાં પ્રતીતિ થશે અત્રે 'થશે' અને 'સહજ' એ બે શબ્દ સદ્‌ગુરુએ કહ્યા છે; તે જેને પાંચ પદની શંકા નિવૃત્ત થઈ છે તેને મોક્ષોપાય સમજાવો કંઈ કઠણ જ નથી એમ દર્શાવવા તથા શિષ્યનું વિશેષ જિજ્ઞાસુપણું જાગી અવશ્ય તેને મોક્ષોપાય પરિણમશે એમ ભાસવાથી (તે વચન) કહ્યાં છે, એમ સદ્‌ગુરુનાં વચનનો આશય છે.

૯૮. કર્મભાવ છે તે જીવનું અજ્ઞાન છે અને મોક્ષભાવ છે તે જીવના પોતાના સ્વરૂપને વિષે સ્થિતિ

થવી તે છે. અજ્ઞાનનો સ્વભાવ અંધકાર જેવો છે. તેથી જેમ પ્રકાશ થતાં ઘણા કાળનો અંધકાર છતાં નાશ પામે છે, તેમ જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાન પણ નાશ પામે છે.

૯૯. જે જે કારણો કર્મબંધનાં છે, તે તે કર્મબંધનો માર્ગ છે; અને તે તે કારણોને છેદે એવી જે દશા છે તે મોક્ષનો માર્ગ છે, ભવનો અંત છે.

૧૦૦. રાગ, દ્વેષ અને અજ્ઞાન એનું એકત્વ એ કર્મની મુખ્ય ગાંઠ છે; અર્થાત્ એ વિના કર્મનો બંધ ન થાય; તેની જેથી નિવૃત્તિ થાય તે જ મોક્ષનો માર્ગ છે.

૧૦૧. 'સત્' એટલે 'અવિનાશી,' અને 'ચૈતન્યમય' એટલે 'સર્વ ભાવને પ્રકાશવારૂપ સ્વભાવમય,' 'અન્ય સર્વ વિભાવ અને દેહાદિ સંયોગના આભાસથી રહિત એવો,' 'કેવળ' એટલે 'શુદ્ધ આત્મા' પામીએ, તેમ પ્રવર્તાય તે મોક્ષમાર્ગ છે.

૧૦૨. કર્મ અનંત પ્રકારનાં છે, પણ તેના મુખ્ય જ્ઞાનાવરણાદિ આઠ પ્રકાર થાય છે; તેમાં પણ મુખ્ય મોહનીયકર્મ છે. તે મોહનીયકર્મ હણાય તેનો પાઠ કહું છું

૧૦૩ તે મોહનીયકર્મ બે ભેદે છે;—એક 'દર્શન-મોહનીય' એટલે 'પરમાર્થને વિષે અપરમાર્થબુદ્ધિ અને અપરમાર્થને વિષે પરમાર્થબુદ્ધિરૂપ'; બીજી 'ચારિત્રમોહનીય', તથારૂપ પરમાર્થને પરમાર્થ જાણીને 'આત્મસ્વભાવમાં જે સ્થિરતા થાય, તે સ્થિરતાને રોધક એવા પૂર્વસંસ્કારરૂપ કષાય અને નોકષાય' તે ચારિત્રમોહનીય. દર્શનમોહનીયને આત્મબોધ, અને ચારિત્રમોહનીયને વીતરાગપણું નાશ કરે છે. આમ તેના અચૂક ઉપાય છે, કેમકે મિથ્યાબોધ તે દર્શનમોહનીય છે; તેનો પ્રતિપક્ષ સત્યાત્મબોધ છે; અને ચારિત્રમોહનીય રાગાદિક પરિણામરૂપ છે, તેનો પ્રતિપક્ષ વીતરાગભાવ છે. એટલે અંધકાર જેમ

પ્રકાશ થવાથી નાશ પામે છે—તે તેના અચૂક ઉપાય છે—તેમ બોધ અને વીતરાગતા અનુક્રમે દર્શન-મોહનીય અને ચારિત્રમોહનીયરૂપ અંધકાર ટાળવામાં પ્રકાશસ્વરૂપ છે; માટે તે તેનો અચૂક ઉપાય છે.

૧૦૪. ક્રોધાદિ ભાવથી કર્મબંધ થાય છે, અને ક્ષમાદિક ભાવથી તે હણાય છે; અર્થાત્ ક્ષમા રાખવાથી ક્રોધ રોકી શકાય છે, સરળતાથી માયા રોકી શકાય છે, સંતોષથી લોભ રોકી શકાય છે; એમ રતિ અરતિ આદિના પ્રતિપક્ષથી તે તે દોષો રોકી શકાય છે, તે જ કર્મબંધનો નિરોધ છે; અને તે જ તેની નિવૃત્તિ છે. વળી સર્વને આ વાતનો પ્રત્યક્ષ અનુભવ છે, અથવા સર્વને પ્રત્યક્ષ અનુભવ થઈ શકે એવું છે. ક્રોધાદિ રોકયાં રોકાય છે, અને જે કર્મબંધને રોકે છે તે અકર્મદશાનો માર્ગ છે. એ માર્ગ પરલોકે નહીં, પણ અત્રે અનુભવમાં આવે છે; તો એમાં સંદેહ શો કરવો?

૧૦૫. આ મારો મત છે, માટે મારે વળગી જ રહેવું, અથવા આ મારું દર્શન છે, માટે ગમે તેમ મારે તે સિદ્ધ કરવું એવો આગ્રહ અથવા એવા વિકલ્પને છોડીને આ જે માર્ગ કહ્યો છે, તે સાધશે તેના અલ્પ જન્મ જાણવા. અહીં 'જન્મ' શબ્દ બહુવચનમાં વાપર્યો છે, તે એટલું જ દર્શાવવાને કે ક્વચિત્ તે સાધન અધૂરાં રહ્યાં તેથી અથવા જઘન્ય કે મધ્યમ પરિણામની ધારાથી આરાધન થયાં હોય, તેથી સર્વ કર્મ ક્ષય થઈ ન શકવાથી બીજો જન્મ થવાનો સંભવ છે; પણ તે બહુ નહીં, બહુ જ અલ્પ. 'સમકિત આવ્યા પછી જો વમે નહીં, તો ઘણામાં ઘણા પંદર ભવ થાય, એમ જિને કહ્યું છે', અને 'જે ઉત્કૃષ્ટપણે આરાધે તેનો તે ભવે પણ મોક્ષ થાય'; અત્રે તે વાતનો વિરોધ નથી.

૧૦૬. હે શિષ્ય! તેં છ પદનાં છ પ્રશ્નો વિચાર

કરીને પૂછ્યાં છે, અને તે પદની સર્વાંગતામાં મોક્ષમાર્ગ છે, એમ નિશ્ચય કર. અર્થાત્ એમાંનું કોઈ પણ પદ એકાંતે કે અવિચારથી ઉત્થાપતાં મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી.

૧૦૭. જે મોક્ષનો માર્ગ કહ્યો તે હોય તો ગમે તે જાતિ કે વેષથી મોક્ષ થાય; એમાં કંઈ ભેદ નથી. જે સાધે તે મુક્તિપદ પામે; અને તે મોક્ષમાં પણ બીજા કશા પ્રકારનો ઊંચનીચત્વાદિ ભેદ નથી, અથવા આ વચન કહ્યાં તેમાં બીજો કંઈ ભેદ એટલે ફેર નથી.

૧૦૮. ક્રોધાદિ કષાય જેના પાતળા પડ્યા છે, માત્ર આત્માને વિષે મોક્ષ થવા સિવાય બીજી કોઈ ઇચ્છા નથી અને સંસારના ભોગપ્રત્યે ઉદાસીનતા વર્તે છે, તેમ જ પ્રાણી પર અંતરથી દયા વર્તે છે; તે જીવને મોક્ષમાર્ગનો જિજ્ઞાસુ કહીએ, અર્થાત્ તે માર્ગ પામવા યોગ્ય કહીએ.

૧૦૯. તે જિજ્ઞાસુ જીવને જો સદ્ગુરુનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તે સમકિતને પામે અને અંતરની શોધમાં વર્તે.

૧૧૦. મત અને દર્શનનો આગ્રહ છોડી દઈ જે સદ્ગુરુને લક્ષે વર્તે, તે શુદ્ધ સમકિત પામે કે જેમાં ભેદ તથા પક્ષ નથી.

૧૧૧ આત્મસ્વભાવનો જ્યાં અનુભવ, લક્ષ અને પ્રતીતિ વર્તે છે તથા વૃત્તિ આત્માના સ્વ-ભાવમાં વહે છે, ત્યાં પરમાર્થે સમકિત છે.

૧૧૨. તે સમકિત વધતી જતી ધારાથી હાસ્ય, શોકાદિથી જે કંઈ આત્માને વિષે મિથ્યાભાસ ભાસ્યા છે તેને ટાળે, અને સ્વભાવ સમાધિરૂપ ચારિત્રનો ઉદય થાય, જેથી સર્વ રાગદ્વેષના ક્ષયરૂપ વીતરાગ-પદમાં સ્થિતિ થાય.

૧૧૩. સર્વ આભાસરહિત, આત્મસ્વભાવનું જ્યાં અખંડ એટલે ક્યારે પણ ખંડિત ન થાય, મંદ ન

થાય, નાશ ન પામે, એવું જ્ઞાન વર્તે તેને કેવળજ્ઞાન કહીએ છીએ. જે કેવળજ્ઞાન પામ્યાથી ઉત્કૃષ્ટ જીવનમુક્તદશારૂપ નિર્વાણ, દેહ છતાં જ અત્રે અનુભવાય છે.

૧૪. કરોડો વર્ષનું સ્વપ્ન હોય તો પણ જાગ્રત થતાં તરત તે શમાય છે, તેમ અનાદિનો વિભાવ છે તે આત્મજ્ઞાન થતાં દૂર થાય છે.

૧૧૫. હે શિષ્ય! દેહમાં જે આત્મતા મનાઈ છે, અને તેને લીધે સ્ત્રી, પુત્રાદિ સર્વમાં અહંમમત્વપણું વર્તે છે તે આત્મતા જો આત્મામાં જ મનાય અને તે દેહાધ્યાસ એટલે દેહમાં આત્મબુદ્ધિ તથા આત્મામાં દેહબુદ્ધિ છે તે છૂટે, તો તું કર્મનો કર્ત્તા પણ નથી અને ભોકતા પણ નથી; અને એ જ ધર્મનો મર્મ છે.

૧૧૬. એ જ ધર્મથી મોક્ષ છે, અને તું જ મોક્ષસ્વરૂપ છો; અર્થાત્ શુદ્ધ આત્મપદ એ જ મોક્ષ

છે. તું અનંત જ્ઞાન દર્શન તથા અવ્યાબાધ સુખ-સ્વરૂપ છો.

૧૧૭. તું દેહાદિક સર્વ પદાર્થથી જુદો છે. કોઈમાં આત્મદ્રવ્ય ભળતું નથી, કોઈ તેમાં ભળતું નથી, દ્રવ્યે દ્રવ્ય પરમાર્થથી સદાય ભિન્ન છે, માટે તું શુદ્ધ છો, બોધસ્વરૂપ છો, ચૈતન્યપ્રદેશાત્મક છો, સ્વયંજ્યોતિ એટલે કોઈ પણ તને પ્રકાશતું નથી, સ્વભાવે જ તું પ્રકાશસ્વરૂપ છો, અને અવ્યાબાધ સુખનું ધામ છો. બીજું કેટલું કહીએ? અથવા ઘણું શું કહેવું? ટૂંકામાં એટલું જ કહીએ છીએ, જો વિચાર કર તો તે પદને પામીશ.

૧૧૮. સર્વે જ્ઞાનીઓનો નિશ્ચય અત્રે આવીને, સમાય છે, એમ કહીને સદ્‌ગુરુ મૌનતા ધરીને સહજસમાધિમાં સ્થિત થયા, અર્થાત્ વાણીયોગની અપ્રવૃત્તિ કરી.

૧૧૯. શિષ્યને સદ્‌ગુરુના ઉપદેશથી અપૂર્વ

એટલે પૂર્વે કોઈ દિવસ નહીં આવેલું એવું ભાન આવ્યું અને તેને પોતાનું સ્વરૂપ પોતાને વિષે યથાતથ્ય ભાસ્યું અને દેહાત્મબુદ્ધિરૂપ અજ્ઞાન દૂર થયું.

૧૨૦. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, અજર, અમર, અવિનાશી અને દેહથી સ્પષ્ટ જુદું ભાસ્યું.

૧૨૧. જ્યાં વિભાવ એટલે મિથ્યાત્વ વર્તે છે, ત્યાં મુખ્ય નયથી કર્મનું કર્ત્તાપણું અને ભોક્તાપણું છે; આત્મસ્વભાવમાં વૃત્તિ વહી તેથી અકર્ત્તા થયો.

૧૨૨ અથવા આત્મપરિણામ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, તેનો નિર્વિકલ્પરૂપે કર્ત્તાભોક્તા થયો.

૧૨૩. આત્માનુ શુદ્ધ પદ છે તે મોક્ષ છે, અને જેથી તે પમાય છે તે તેનો માર્ગ છે; શ્રી સદ્ગુરુએ કૃપા કરીને નિર્ગ્રંથનો સર્વ માર્ગ સમજાવ્યો.

૧૨૪. અહો! અહો! કરુણાના અપાર સમુદ્રસ્વરૂપ આત્મલક્ષ્મીએ યુક્ત સદ્ગુરુ, આપ પ્રભુએ

આ પામર જીવ પર આશ્ચર્યકારક એવો ઉપકાર કર્યો.

૧૨૫. હું પ્રભુના ચરણ આગળ શું ધરું? (સદ્ગુરુ તો પરમ નિષ્કામ છે; એક નિષ્કામ કરુણાથી માત્ર ઉપદેશના દાતા છે, પણ શિષ્યધર્મે શિષ્યે આ વચન કહ્યું છે.) જે જે જગતમાં પદાર્થ છે, તે સૌ આત્માની અપેક્ષાએ નિર્મૂલ્ય જેવા છે; તે આત્મા તો જેણે આપ્યો તેના ચરણસમીપે હું બીજું શું ધરું? એક પ્રભુના ચરણને આધીન વર્તું. એટલું માત્ર ઉપચારથી કરવાને હું સમર્થ છું.

૧૨૬. આ દેહ 'આદિ', શબ્દથી જે કંઈ મારું ગણાય છે, તે આજથી કરીને સદ્ગુરુ પ્રભુને આધીન વર્તો, હું તેહ પ્રભુનો દાસ છું, દાસ છું, દીન દાસ છું.

૧૨૭. છએ સ્થાનક સમજાવીને હે સદ્ગુરુ દેવ! આપે દેહાદિથી આત્માને, જેમ મ્યાનથી તરવાર જુદી કાઢીને બતાવીએ તેમ, સ્પષ્ટ જુદો બતાવ્યો; આપે મપાઈ શકે નહીં એવો ઉપકાર કર્યો!

૧૨૮. છએ દર્શન આ છ સ્થાનકમાં સમાય છે. વિશેષ કરીને વિચારવાથી કોઈ પણ પ્રકારનો સંશય રહે નહીં.

૧૨૯. આત્માને પોતાના સ્વરૂપનું ભાન નહીં એવો બીજો કોઈ રોગ નથી, સદ્‌ગુરુ જેવા તેના કોઈ સાચા અથવા નિપુણ વૈદ્ય નથી, સદ્‌ગુરુ-આજ્ઞાએ ચાલવા સમાન બીજું કોઈ પથ્ય નથી, અને વિચાર તથા નિદિધ્યાસન જેવું કોઈ તેનું ઔષધ નથી.

૧૩૦. જો પરમાર્થને ઇચ્છતા હો, તો સાચો પુરુષાર્થ કરો, અને ભવસ્થિતિ આદિનું નામ લઈને આત્માર્થને છેદો નહીં.

૧૩૧. આત્મા અબંધ છે; અસંગ છે, સિદ્ધ છે, એવી નિશ્ચયમુખ્ય વાણી સાંભળીને સાધન તજવાં યોગ્ય નથી પણ તથારૂપ નિશ્ચય લક્ષમાં રાખી સાધન કરીને તે નિશ્ચયસ્વરૂપ પ્રાપ્ત કરવું.

૧૩૨. અત્રે એકાંતે નિશ્ચયનય કહ્યો નથી અથવા એકાંતે વ્યવહારનય કહ્યો નથી; બેય જ્યાં જ્યાં જેમ ઘટે તેમ સાથે રહ્યાં છે.

૧૩૩. ગચ્છ મતની કલ્પના છે તે સદ્‌વ્યવહાર નથી, પણ આત્માર્થીના લક્ષણમાં કહી તે દશા અને મોક્ષોપાયમાં જિજ્ઞાસુનાં લક્ષણ આદિ કહ્યાં તે સદ્‌વ્યવહાર છે, જે અત્રે તો સંક્ષેપમાં કહેલ છે. પોતાના સ્વરૂપનું ભાન નથી અર્થાત્ જેમ દેહ અનુભવમાં આવે છે, તેવો આત્માનો અનુભવ થયો નથી, દેહાધ્યાસ વર્તે છે અને જે વૈરાગ્યાદિ સાધન પામ્યા વિના નિશ્ચય પોકાર્યા કરે છે, તે નિશ્ચય સારભૂત નથી.

૧૩૪. ભૂતકાળમાં જે જ્ઞાનીપુરુષો થઈ ગયા છે, વર્તમાનકાળમાં જે છે, અને ભવિષ્યકાળમાં થશે, તેને કોઈને માર્ગનો ભેદ નથી, અર્થાત્ પરમાર્થે તે સૌનો એક માર્ગ છે; અને તેને પ્રાપ્ત કરવા

યોગ્ય વ્યવહાર પણ તે જ પરમાર્થસાધકરૂપે દેશ કાળાદિને લીધે ભેદ કહ્યો હોય છતાં એક ફળ ઉત્પન્ન કરનાર હોવાથી તેમાં પણ પરમાર્થે ભેદ નથી.

૧૩૫. સર્વ જીવને વિષે સિદ્ધ સમાન સત્તા છે, પણ તે તો જે સમજે તેને પ્રગટ થાય. તે પ્રગટ થવામાં સદ્‌ગુરુની આજ્ઞાથી પ્રવર્તવું, તથા સદ્‌ગુરુએ ઉપદેશેલી એવી જિનદશાનો વિચાર કરવો, તે બેય નિમિત્ત કારણ છે.

૧૩૬. સદ્‌ગુરુઆજ્ઞા આદિ તે આત્મસાધનનાં નિમિત્ત કારણ છે, અને આત્માનાં જ્ઞાન દર્શનાદિ ઉપાદાન કારણો છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે; તેથી ઉપાદાનનું નામ લઈ જે કોઈ તે નિમિત્તને તજશે તે સિદ્ધપણાને નહીં પામે અને ભ્રાંતિમાં વર્ત્યા કરશે; કેમકે સાચા નિમિત્તના નિષેધાર્થે તે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમાં કહી નથી, પણ ઉપાદાન અજાગ્રત રાખવાથી તારું સાચું નિમિત્ત મળ્યા છતાં

૧૩૨ અત્રે એકાંતે નિશ્ચયનય કહ્યો નથી અથવા એકાંતે વ્યવહારનય કહ્યો નથી; બેય જ્યાં જ્યાં જેમ ઘટે તેમ સાથે રહ્યાં છે.

૧૩૩. ગચ્છ મતની કલ્પના છે તે સદ્‌વ્યવહાર નથી, પણ આત્માર્થીના લક્ષણમાં કહી તે દશા અને મોક્ષોપાયમાં જિજ્ઞાસુનાં લક્ષણ આદિ કહ્યાં તે સદ્‌વ્યવહાર છે, જે અત્રે તો સંક્ષેપમાં કહેલ છે. પોતાના સ્વરૂપનું ભાન નથી અર્થાત્ જેમ દેહ અનુભવમાં આવે છે, તેવો આત્માનો અનુભવ થયો નથી, દેહાધ્યાસ વર્તે છે અને જે વૈરાગ્યાદિ સાધન પામ્યા વિના નિશ્ચય પોકાર્યા કરે છે, તે નિશ્ચય સારભૂત નથી.

૧૩૪. ભૂતકાળમાં જે જ્ઞાનીપુરુષો થઈ ગયા છે, વર્તમાનકાળમાં જે છે, અને ભવિષ્યકાળમાં થશે, તેને કોઈને માર્ગનો ભેદ નથી, અર્થાત્ પરમાર્થે સૌનો એક માર્ગ છે; અને તેને પ્રાપ્ત કરવા

યોગ્ય વ્યવહાર પણ તે જ પરમાર્થસાધકરૂપે દેશ કાળાદિને લીધે ભેદ કહ્યો હોય છતાં એક ફળ ઉત્પન્ન કરનાર હોવાથી તેમાં પણ પરમાર્થે ભેદ નથી.

૧૩૫. સર્વ જીવને વિષે સિદ્ધ સમાન સત્તા છે, પણ તે તો જે સમજે તેને પ્રગટ થાય. તે પ્રગટ થવામાં સદ્‌ગુરુની આજ્ઞાથી પ્રવર્તવું, તથા સદ્‌ગુરુએ ઉપદેશેલી એવી જિનદશાનો વિચાર કરવો, તે બેય નિમિત્ત કારણ છે.

૧૩૬. સદ્‌ગુરુઆજ્ઞા આદિ તે આત્મસાધનનાં નિમિત્ત કારણ છે, અને આત્માનાં જ્ઞાન દર્શનાદિ ઉપાદાન કારણો છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે; તેથી ઉપાદાનનું નામ લઈ જે કોઈ તે નિમિત્તને તજશે તે સિદ્ધપણાને નહીં પામે અને ભ્રાંતિમાં વર્ત્યા કરશે; કેમકે સાચા નિમિત્તના નિષેધાર્થે તે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમાં કહી નથી, પણ ઉપાદાન અજાગ્રત રાખવાથી તારું સાચું નિમિત્ત મળ્યા છતાં

કામ નહિ થાય, માટે સાચું નિમિત્ત મળ્યે તે નિમિત્તને અવલંબીને ઉપાદાન સન્મુખ કરવું, અને પુરુષાર્થરહિત ન થવું એવો શાસ્ત્રકારે કહેલી તે વ્યાખ્યાનો પરમાર્થ છે.

૧૩૭. મુખથી નિશ્ચયમુખ્ય વચનો કહે છે, પણ અંતરથી પોતાને જ મોહ છૂટ્યો નથી; એવા પામર પ્રાણી માત્ર જ્ઞાની કહેવરાવવાની કામનાએ સાચા જ્ઞાનીપુરુષનો દ્રોહ કરે છે.

૧૩૮. દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ અને વૈરાગ્ય એ ગુણો મુમુક્ષુના ઘટમાં સદાય સુજાગ્ય એટલે જાગૃત હોય, અર્થાત્ એ ગુણો વિના મુમુક્ષુપણું પણ ન હોય.

૧૩૯. મોહભાવનો જ્યાં ક્ષય થયો હોય, અથવા જ્યાં મોહદશા બહુ ક્ષીણ થઈ હોય, ત્યાં જ્ઞાનીની દશા કહીએ; અને બાકી તો જેણે પોતામાં જ્ઞાન માની લીધું છે, તેને ભ્રાંતિ કહીએ.

૧૪૦. સમસ્ત જગત્ જેણે એઠ જેવું જાણ્યું છે અથવા સ્વપ્ન જેવું જગત્ જેને જ્ઞાનમાં વર્તે છે તે જ્ઞાનીની દશા છે, બાકી માત્ર વાચાજ્ઞાન એટલે કહેવામાત્ર જ્ઞાન છે.

૧૪૧. પાંચે સ્થાનકને વિચારીને જે છઠ્ઠે સ્થાનકે વર્તે, એટલે તે મોક્ષના જે ઉપાય કહ્યા છે તેમાં પ્રવર્તે, તે પાંચમું સ્થાનક એટલે મોક્ષપદ, તેને પામે.

૧૪૨. પૂર્ણપ્રારબ્ધયોગથી જેને દેહ વર્તે છે, પણ તે દેહથી અતીત એટલે દેહાદિની કલ્પનારહિત, આત્મામય જેની દશા વર્તે છે, તે જ્ઞાનીપુરુષના ચરણકમળમાં અગણિત વાર વંદન હો!

શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ

---

( ૫૦ )

મોહમયીથી જેની અમોહપણે સ્થિતિ છે, એવા શ્રી..........ના યથા૦

'મનને લઈને આ બધું છે' એવો જે અત્યાર સુધીનો થયેલો નિર્ણય લખ્યો, તે સામાન્ય પ્રકારે તો યથાતથ્ય છે. તથાપિ 'મન,' 'તેને લઈને,' અને 'આ બધું,' અને 'તેનો નિર્ણય,' એવા જે ચાર ભાગ એ વાકયના થાય છે, તે ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય એમ જાણીએ છીએ. જેને તે સમજાય છે, તેને મન વશ વર્તે છે; વર્તે છે, એ વાત નિશ્ચયરૂપ છે, તથાપિ ન વર્તતું હોય તો પણ તે આત્મસ્વરૂપને વિષે જ વર્તે છે. એ મન વશ થવાનો ઉત્તર ઉપર લખ્યો છે, તે સર્વથી મુખ્ય એવો લખ્યો છે. જે વાકય લખવામાં આવ્યાં છે તે ઘણા પ્રકારે વિચારવાને યોગ્ય છે.

મહાત્માનો દેહ બે કારણને લઈને વિદ્યમાન-પણે વર્તે છે; પ્રારબ્ધ કર્મ ભોગવવાને અર્થે, જીવોના કલ્યાણના અર્થે; તથાપિ એ બંનેમાં તે ઉદાસપણે ઉદય આવેલી વર્તનાએ વર્તે છે, એમ જાણીએ છીએ.

ધ્યાન, જપ, તપ, ક્રિયા માત્ર એ સર્વ થકી, અમે જણાવેલું કોઈ વાક્ય જો પરમ ફળનું કારણ ધારતા હો તો, નિશ્ચયપણે ધારતા હો તો, પાછળથી બુદ્ધિ લોકસંજ્ઞા, શાસ્ત્રસંજ્ઞા પર ન જતી હોય તો, જાય તો તે ભ્રાંતિવડે ગઈ છે એમ ધારતા હો તો, તે વાક્યને ઘણા પ્રકારની ધીરજ વડે વિચારવા ધારતા હો તો, લખવાને ઇચ્છા થાય છે.

હજી આથી વિશેષપણે નિશ્ચયને વિષે ધારણા કરવાને લખવું અગત્ય જેવું લાગે છે, તથાપિ ચિત્ત અવકાશરૂપે વર્તતું નથી, એટલે જે લખ્યું છે તે પ્રબળપણે માનશો.

( ૨ )

સર્વ પ્રકારે ઉપાધિયોગ તો નિવૃત્ત કરવા યોગ્ય છે; તથાપિ જો તે ઉપાધિયોગ સત્સંગાદિકને અર્થે જ ઇચ્છવામાં આવતો હોય, તેમ જ પાછી

ચિત્તસ્થિતિ સંભવપણે રહેતી હોય તો તે ઉપાધિયોગમાં પ્રવર્તવું તે શ્રેયસ્કર છે.

મુંબઈ, વૈશાખ વદ ૧૪, બુધ, ૧૯૪૮.

---

( ૫૧ )

ચિત્તમાં તમે પરમાર્થની ઇચ્છા રાખો છો એમ છે; તથાપિ તે પરમાર્થની પ્રાપ્તિને અત્યંતપણે બાધ કરવાવાળા એવા જે દોષ તે પ્રત્યે અજ્ઞાન, ક્રોધ, માનાદિના કારણથી ઉદાસ થઈ શકતા નથી અથવા તેની અમુક વળગણામાં રુચિ વહે છે, તે પરમાર્થને બાધ કરવાનાં કારણ જાણી અવશ્ય સર્પના વિષની પેઠે ત્યાગવા યોગ્ય છે. કોઈનો દોષ જોવો ઘટતો નથી, સર્વ પ્રકારે જીવના દોષનો જ વિચાર કરવો ઘટે છે; એવી ભાવના અત્યંતપણે દૃઢ કરવા યોગ્ય છે. જગત્તદૃષ્ટિએ કલ્યાણ અસંભવિત જાણી આ કહેલી વાત ધ્યાનમાં લેવાજોગ છે, એ વિચાર રાખવો.

મુંબઈ, ચૈત્ર વદ ૭, ૧૯૪૯.

( ૫૨ )

૧. શ્રી સદ્‌ગુરુદેવના અનુગ્રહથી અત્ર સમાધિ છે.

૨. એકાંતમાં અવગાહવાને અર્થે 'આત્મસિદ્ધિ' આ જોડે મોકલ્યું છે. તે હાલ શ્રી ૦૦૦ એ અવગાહવા યોગ્ય છે.

૩. જિનાગમ વિચારવાની શ્રી ૦૦૦ અથવા શ્રી ૦૦૦૦૦૦ની ઇચ્છા હોય તો 'આચારાંગ', 'સૂયગડાંગ', 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન' અને 'પ્રશ્નવ્યાકરણ' વિચારવા યોગ્ય છે.

૪. 'આત્મસિદ્ધિશાસ્ત્ર' શ્રી ૦૦૦૦૦૦ એ આગળ પર અવગાહવું વધારે હિતકારી જાણી હાલ શ્રી ૦૦૦ને માત્ર અવગાહવાનું લખ્યુ છે; તો પણ જો શ્રી ૦૦૦૦૦ની વિશેષ આકાંક્ષા હાલ રહે તો પ્રત્યક્ષ સત્પુરુષ જેવો મારા પ્રત્યે કોઈએ પરમોપકાર કર્યો નથી એવો અખંડ નિશ્ચય આત્મામાં લાવી, અને આ દેહના ભવિષ્ય જીવનમાં પણ તે

અખંડ નિશ્ચય છોડું તો મેં આત્માર્થ જ ત્યાગ્યો અને ખરા ઉપકારીના ઉપકારને ઓળવવાનો દોષ કર્યો એમ જ જાણીશ, અને આત્માને સત્પુરુષનો નિત્ય આજ્ઞાંકિત રહેવામાં જ કલ્યાણ છે એવો ભિન્નભાવરહિત, લોકસંબંધી બીજા પ્રકારની સર્વ કલ્પના છોડીને, નિશ્ચય વર્તાવીને, શ્રી ૦૦૦ મુનિના સહચારીપણામાં એ ગ્રંથ અવગાહવામાં હાલ પણ અડચણ નથી. ઘણી શંકાઓનું સમાધાન થવા યોગ્ય છે.

( ૨ )

૫. સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે, તેને જ જ્ઞાન સમ્યક્‌પરિણામી થાય છે, એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે. અમે જે આ વચન લખ્યાં છે તેના સર્વ જ્ઞાની-પુરુષો સાક્ષી છે.

૬. બીજા મુનિઓને પણ જે જે પ્રકારે વૈરાગ્ય ઉપશમ અને વિવેકની વૃદ્ધિ થાય તે તે પ્રકારે શ્રી ૦૦૦ તથા શ્રી ૦૦૦૦૦૦એ યથાશક્તિ સંભળાવવું તથા પ્રવર્તાવવું ઘટે છે; તેમ જ અન્ય જીવો પણ આત્માર્થસન્મુખ થાય અને જ્ઞાનીપુરુષની આજ્ઞાના નિશ્ચયને પામે તથા વિરક્ત પરિણામને પામે, રસાદિની લુબ્ધતા મોળી પાડે એ આદિ પ્રકારે એક આત્માર્થે ઉપદેશ કર્તવ્ય છે.

૭. અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ.

શ્રી સહજાત્મસ્વરૂપ

નડિયાદ, આસો વદ ૧૦, શનિ, ૧૯૫૨.

---

## ( ૫૩ )

## ક્ષમાપના

હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યુ નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટમ્બનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું; અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું નિરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું.

મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નિરાગી નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની અનંતદર્શી, અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ! હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

# શુદ્ધિપત્રક

| પાન | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૨ | ૨ | ઠંડા | ઠંડાં |
| ૪૧ | ૧૬ | (ગ૦) | (ગૃ૦) |
| ૪૩ | ૧૪ | તોડું | છોડું |
| ૫૪ | ૧ | સવાય | સિવાય |
| ૭૨ | ૧૦ | દ્વપ | દ્વેષ |
| ૮૦ | ૧૩ | એક્ક | એક્કે |
| ૧૦૭ | ૪ | મુંઝાઇશ | મૂંઝાઈશ |
| ૧૨૩ | ૮ | પરમભિક્ત | પરમભક્તિ |
| ૧૩૧ | ૧૫ | દ્રાહ | દ્રોહ |
| ૧૩૮ | ૧૨ | શ્રવણ | શ્રાવણ |
| ૧૫૦ | ૧૧ | જિનવરેંદ્રાએ | જિનવરેંદ્રોએ |
| ૧૬૬ | ૭ | રાજનીતિપુણતામાં | રાજનીતિનિપુણતામા |
| ૧૭૨ | ૨ | માનવાછિત | મનવાછિત |
| ૧૭૩ | ૧૨ | નીરખીન | નીરખીને |
| ૧૭૬ | ૧૨ | તૃપણાઈ | તૃષ્ણાઈ |
| ૨૦૦ | ૧૧ | આત્માને | આત્મને |
| ૨૧૫ | ૮ | અને | [illegible]ને |
| ૨૧૯ | ૧ | દિન-રાત્ર | દિન-રાત્ર રહે |
| ૨૨૩ | ૪ | સગી | સંગી |
| ૨૨૫ | ૧ | ષટ્પદનામકમન | ષટ્પદનામકથન |
| ૨૩૩ | ૧૦ | આત્મ | આત્મા |

677